# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

મનીષા 'બોમ્બે' ફિલ્મ કરવા માગતી નહોતી, એક્ટ્રેસે કહ્યું...





પેજ-09

ICC ટેસ્ટ રેન્કિંગ, કોહલી 10 વર્ષ બાદ ટોપ-20માંથી 'OUT'


હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 35.00 | 22.00 |
| વડોદરા | 36.00 | 22.00 |
| સુરત | 35.00 | 23.00 |




પેજ 5 ક્રેડિટ કાર્ડ દ્વારા બેફામ આર્થિક વહેવારો કરતાં ચેતજો, IT વિભાગ...



08 NOVEMBER-2024 FRIDAY





અમેરિકા ચૂંટણી પરિણામ 2024માં ડોનાલ્ડ ટ્રમ્પની જીતના મહત્વ... પેજ 10


શેરબજાર

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 79541.79 | ▼ | 836.34 |
| નિફ્ટી | 24199.35 | ▼ | 284.70 |
| સોનું | 77,224.00 | ▲ | 569.00 |
| ચાંદી | 92,134.00 | ▲ | 1,314.00 |


વર્ષ-13 । અંક-350 । વિક્રમ સંવત-2081 । કારતક સુદ-07 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


**કલમ 370નું બેનર બતાવવા પર હોબાળો :** એકબીજાના કોલર પકડ્યા, ઝપાઝપીમાં ભાજપના 3 MLA ઘાયલ

# જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં ધારાસભ્યો બાખડ્યા

(એજન્સી) જમ્મુ । તા. 07

જમ્મુ કાશ્મીર વિધાનસભામાં ગુરૂવારે જોરદાર બબાલ થઈ. વિધાનસભામાં પક્ષ અને વિપક્ષના ધારસભ્યો સામ-સામે બાખડી પડ્યા હતા. આ હોબાળો કલમ 370 ની વાપસીના પ્રસ્તાવ મુદ્દે થયો હતો. ઉલ્લેખનીય છે કે જમ્મુ-કાશ્મીરમાં નવી ઓમર અબ્દુલ્લાહની સરકારે કલમ 370ની વાપસી માટે પ્રસ્તાવ પાસ કરી દીધો છે. જેના પગલે ભાજપના નેતાઓ જોરદાર રીતે તેનો વિરોધ કરી રહ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે બારામૂલાથી લોકસભા સાંસદ એન્જીનિયર રાશિદના ભાઈ ખુર્શીદ અહમદ શેખે સદનમાં આર્ટિકલ 370 નું બેનર બતાવ્યું, ત્યારબાદ પક્ષ અને વિપક્ષના ધારાસભ્યો વચ્ચે છૂટા હાથની મારામારી થઈ. વિધાનસભામાં વિપક્ષના નેતા સુનીલ શર્માએ બેનર બતાવવાના મુદ્દે વિરોધ વ્યક્ત કર્યો. ત્યારબાદ સદનને થોડીવાર માટે સ્થગિત કરી દેવામાં આવી છે. વિધાનસભાની સ્થિતિ એવી થઈ ગઈ છે કે માર્શલને બચાવવા માટે વચ્ચે આવવું પડ્યું. વિધાનસભામાં હંગામો કરી રહેલા વિપક્ષના કેટલાક ધારાસભ્યોને માર્શલોએ બહારનો રસ્તો બતાવ્યો. ત્યારબાદ સદનની કાર્યવાહી થોડીવાર માટે સ્થગિત કરી દીધી છે. તમને જણાવી દઈએ કે અહમદ શેખ લંગેટ વિધાનસભા સીટ પરથી અવામી ઈત્તેહાદ પાર્ટીના ધારાસભ્ય છે. પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી) એ આર્ટિકલ 370 અને 35 A ને ફરીથી બહાલ કરવા માટે જમ્મૂ કાશ્મીર વિધાનસભામાં પ્રસ્તાવ રજૂ કર્યો હતો.



## શેખના ભાઈ પર આતંકવાદી ફંડિંગનો આરોપ

ધારાસભ્ય ખુર્શીદ અહેમદ શેખ, જેમણે બેનર લહેરાવ્યું છે, તે બારામુલ્લાના લોકસભા સાંસદ એન્જિનિયર રાશિદના ભાઈ છે. જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી ફંડિંગના આરોપમાં 2016માં UAPA હેઠળ રાશિદની ધરપકડ કરવામાં આવી હતી. તે 2019થી તિહાર જેલમાં બંધ છે. ભાજપના ધારાસભ્યોના વિરોધનો સિલસિલો અહીં અટક્યો નહીં. તેઓ અહેમદ શેખ પાસે પહોંચ્યા અને તેમના હાથમાંથી બેનર છીનવી લીધું અને ફાડી નાખ્યું. આ દરમિયાન સત્તાધારી નેશનલ કોન્ફરન્સના ધારાસભ્યો પણ શેખના સમર્થનમાં ભાજપના ધારાસભ્યો સાથે ઘર્ષણમાં ઉતર્યા હતા. આ પછી માર્શલે ભાજપના ધારાસભ્યોને ગૃહમાંથી હાંકી કાઢ્યા હતા.

## પ્રસ્તાવમાં લખ્યું- સરકારે જમ્મુ-કાશ્મીરના વિશેષ દરજ્જાની વાત કરવી જોઈએ

ગૃહની કાર્યવાહી શરૂ થતાં જ, જમ્મુ અને કાશ્મીરના ડેપ્યુટી સીએમ સુરિન્દર ચૌધરીએ વિશેષ દરજ્જો પુનઃસ્થાપિત કરવા માટે એક પ્રસ્તાવ રજૂ કર્યો, જેને કેન્દ્ર દ્વારા 5 ઓગસ્ટ, 2019ના રોજ હટાવવામાં આવી હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે, 'રાજ્યનો વિશેષ દરજ્જો અને બંધારણીય ગેરંટી મહત્વપૂર્ણ છે. તે જમ્મુ અને કાશ્મીરના લોકોની ઓળખ, સંસ્કૃતિ અને અધિકારોનું રક્ષણ કરે છે. વિધાનસભા તેના એકપક્ષીય હટાવવા પર ચિંતા વ્યક્ત કરે છે.

**6 નવેમ્બરે વિધાનસભામાં કલમ 370 પુનઃસ્થાપિત કરવાનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો**

જમ્મુ અને કાશ્મીર વિધાનસભાએ બુધવારે રાજ્યનો વિશેષ દરજ્જો (કલમ 370) પુનઃસ્થાપિત કરવાનો પ્રસ્તાવ પસાર કર્યો હતો. ભાજપે આરોપ લગાવ્યો કે નેશનલ કોન્ફરન્સ જમ્મુ અને કાશ્મીરના લોકોને ગેરમાર્ગે દોરી રહી છે અને કહ્યું કે કોઈપણ વિધાનસભા કલમ 370 અને 35A પાછી લાવી શકે નહીં. જમ્મુ-કાશ્મીર વિધાનસભા સત્ર દરમિયાન ગુરુવારે ધારાસભ્યો વચ્ચે ઉગ્ર ઝપાઝપી થઈ હતી.

**ટ્રમ્પ સરકારમાં પટેલની એન્ટ્રી**

# ગુજરાતી પરિવારમાં જન્મેલા કાશ પટેલ બની શકે છે CIA ચીફ, ટ્રમ્પના વફાદારોમાં થાય છે ગણતરી

(એજન્સી) વોશિંગ્ટન । તા. 07

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ જો બાઈડન સામે ચૂંટણી હારી ગયા હતા. પદ છોડતાં પહેલાં ટ્રમ્પ પોતાના લોકોને મહત્ત્વપૂર્ણ સરકારી પદો પર નિયુક્ત કરવાના પ્રયાસમાં વ્યસ્ત હતા. આ સમય દરમિયાન તેઓ પોતાના ખાસ વફાદારને રક્ષા મંત્રાલયમાં મોટાં પદ પર નિયુક્ત કરવા માગતા હતા, જોકે તેમનો પ્રયાસ સફળ થયો નહીં. વાસ્તવમાં ચૂંટણી હાર્યા બાદ નબળા પડી ગયેલા ટ્રમ્પને તત્કાલીન જોઈન્ટ ચીફ ઓફ સ્ટાફ માર્ક મિલી દ્વારા ચેતવણી આપવામાં આવી હતી કે જો તેઓ આમ કરશે તો આ મામલાને કોર્ટમાં લઈ જશે. થોડા સમય પછી ટ્રમ્પે એ જ વ્યક્તિને FBIના ડેપ્યુટી ડાયરેક્ટર બનાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ એટર્ની જનરલ બિલ બારે ધમકી આપી કે આ ફક્ત



તેમની લાશ પર જ થઈ શકે છે. ટ્રમ્પ આ વખતે પણ નિષ્ફળ ગયા. ટ્રમ્પ ફરી એકવાર એ જ વ્યક્તિને CIAના ડેપ્યુટી ડાયરેક્ટર બનાવવા માગતા હતા. CIA ચીફ ગિના હાસ્પેલ આનાથી નારાજ થઈને રાજીનામું આપવાની ધમકી આપી.

### ગુજરાતી મૂળના એ અધિકારી કોણ છે?

ડોનાલ્ડ ટ્રમ્પના વિશ્વાસુ અને નિકટના સહયોગી ગણાતા ગુજરાતી મૂળના એ અધિકારીનું નામ છે કાશ પટેલ. સાચું નામ કશ્યપ પટેલ, પણ અમેરિકનો માટે કાશ પટેલ. ચર્ચા ચાલી રહી છે કે ટ્રમ્પ તેમને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત એક મોટું પદ આપે એવી શક્યતા છે.

### કાશ પટેલને શક્યતઃ આ સન્માનનીય હોદ્દો મળશે

રાષ્ટ્રીય સુરક્ષા સાથે સંકળાયેલી સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી (CIA) અમેરિકાની અત્યંત પ્રતિષ્ઠિત અને મહત્ત્વપૂર્ણ એજન્સી છે. એમાં કામ કરવું એ જ સન્માનની વાત ગણાય છે, તો એના ચીફ બનવું એ તો કેટલો સન્માનનીય હોદ્દો ગણાય! કાશ પટેલને CIA ના ચીફ પદે નિયુક્ત કરાય એવી પ્રબળ સંભાવના છે.

દિલ્હીમાં પ્રદૂષણના સ્તર સતત વધારો નોંધાયો

# દિલ્હીની હવા ગંભીર બની : 9 વિસ્તારોમાં AQI 350ને પાર

## યમુનામાં હાથ નાખો તો પણ ચામડીના રોગનું જોખમ

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

દિલ્હીમાં પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી દિલ્હીની હવા સતત ગંભીર કેટેગરીમાં નોંધાઈ રહી છે. ગુરુવારે સવારે 9 વાગ્યે સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) અનુસાર, દિલ્હીના ઘણા મોનિટરિંગ સ્ટેશનોમાં AQI 367ને પાર નોંધાયો છે. જેમાં આનંદ વિહાર, અશોક વિહાર, બવાના, જહાંગીરપુરી, મુંડકા, રોહિણી, સોનિયા વિહાર, વિવેક વિહાર અને વજીરપુર વિસ્તારનો સમાવેશ થાય છે. આ દરમિયાન શહેરમાં દિવસ દરમિયાન પણ ધુમ્મસ છવાયેલું રહેશે. એ જ રીતે, દિલ્હીની 22 કિલોમીટર લાંબી યમુના નદીમાં 122 નાના-મોટા નાળાઓમાંથી દરરોજ 184.9 MGD ટ્રીટ ન કરાયેલ ગટરનું પાણી ભળી રહ્યું છે, જે યમુનાના પ્રદૂષણનું સૌથી મોટું કારણ છે. નૌ ગાઝાપીર ખાતે નજફગઢ નાળા પાસે પહોંચીને યમુનાને પ્રદૂષિત કરતા ગંદા પાણીની તસવીરો અને સેમ્પલ લીધા હતા. આ સેમ્પલના આધારે ચામડીના રોગના નિષ્ણાતોનું કહેવું છે કે યમુનાના પાણીમાં હાથ નાખવાથી પણ ચામડીના રોગોની સાથે અન્ય રોગો પણ થઈ શકે છે.



**નજફગઢ યમુનાના 80 ટકા પાણીને પ્રદૂષિત કરી રહ્યું છે :** દિલ્હી પોલ્યુશન કંટ્રોલ કમિટી (DPCC) અનુસાર, આ 122 નાળાઓમાંથી, નજફગઢ ડ્રેઈન યમુનાના પાણીને સૌથી વધુ પ્રદૂષિત કરવા માટે જવાબદાર છે, જેનું ગંદુ પાણી નૌ ગાઝાપીર પાસે વજીરાબાદ બેરેજ મારફતે યમુનામાં છોડવામાં આવી રહ્યું છે. દિલ્હીમાં યમુનાના 80 ટકા પાણીને એકલા નજફગઢ નાળું પ્રદૂષિત કરી રહ્યું છે.

### યમુનાને તબક્કાવાર રીતે સાફ કરવી પડશે

નેશનલ ફિઝિકલ લેબોરેટરીના મુખ્ય વૈજ્ઞાનિક ડૉ. આરકે કોટનાલાએ કહ્યું- યમુનામાં ફીણ અને રસાયણો જેવા પ્રદૂષણ માટે દિલ્હી સરકારની બિનઅસરકારક નીતિઓ જવાબદાર છે. દરરોજ 184.9 MGD ગટરનું પાણી સીધું યમુનામાં છોડાઈ રહ્યું છે. એસટીપી પ્લાન્ટ પર પણ સવાલો ઉઠી રહ્યા છે કે તેઓ ધોરણ પ્રમાણેના નથી. ઈન્ટસ્ટ્રીઝમાંથી રાસાયણિક અને ડિટર્જન્ટ કચરો ટ્રીટ કર્યા વિના યમુનામાં છોડવામાં આવે છે. યમુનાને સાફ કરવા માટે આપણે તબક્કાવાર નીતિઓ પર કામ કરવું પડશે.

સુપ્રીમની કડકાઈ બાદ કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય

# કેન્દ્રએ પરાલી સળગાવવા બદલ દંડ બમણો કર્યો : 30 હજાર રૂપિયા સુધી ચૂકવવા પડશે



(એજન્સી) નવી દિલ્હી । તા. 07

સુપ્રિમ કોર્ટની કડકાઈ બાદ કેન્દ્ર સરકારે પરાલી સળગાવનારા ખેડૂતો પરનો દંડ બમણો કરી દીધો છે. પર્યાવરણ મંત્રાલયે ગુરુવારે એક નોટિફિકેશન જારી કરીને આ જાણકારી આપી છે. હવે 2 એકરથી ઓછી જમીન પર 5000 રૂપિયાનો દંડ વસૂલવામાં આવશે. બે થી પાંચ એકર સુધીની જમીન ધરાવનાર પર 10,000 રૂપિયા અને પાંચ એકરથી વધુ જમીન ધરાવનાર પર 30,000 રૂપિયાનો દંડ વસૂલવામાં આવશે. ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને દિલ્હીની સરકારો આ નિયમોને લાગુ કરવા માટે બંધાયેલી રહેશે. હકીકતમાં, 4 નવેમ્બરે સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે પંજાબ-હરિયાણાને 14 નવેમ્બર સુધીમાં પરાલી પર પોતાનો જવાબ દાખલ કરવા કહ્યું હતું. આ પહેલા 23 ઓક્ટોબરે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને વાયુ પ્રદૂષણ અંગે પર્યાવરણ સુરક્ષા અધિનિયમ (EPA) હેઠળ નિયમો બનાવવા અને જવાબદાર અધિકારીઓની નિમણૂક કરવા માટે બે સપ્તાહનો સમય આપ્યો હતો.

### સુપ્રીમ કોર્ટે કહ્યું- કડક આદેશ માટે દબાણ ન કરો

23 ઓક્ટોબરે થયેલી સુનાવણીમાં સુપ્રીમ કોર્ટ હરિયાણા સરકારની કાર્યવાહીથી સંતુષ્ટ જણાતી ન હતી. કોર્ટે કહ્યું કે અમને કડક આદેશ આપવા દબાણ ન કરો. જસ્ટિસ અભય એસ ઓકા, જસ્ટિસ એ અમાનુલ્લાહ અને જસ્ટિસ એજી મસીહની બેંચે પંજાબ અને હરિયાણા સરકારના ખેતરોમાં પરાલી બાળવાને રોકવાના પ્રયાસોને માત્ર ધૂર્ત ગણાવ્યા હતા. કોર્ટે કહ્યું કે, જો આ સરકારો ખરેખર કાયદો લાગુ કરવામાં રસ ધરાવતી હોય તો ઓછામાં ઓછો એક કેસ તો આગળ વધવો જોઈએ. સુપ્રીમ કોર્ટે તો ત્યાં સુધી કહ્યું કે હવે કેન્દ્ર પંજાબ અને હરિયાણા સરકારોને યાદ અપાવવાનો સમય આવી ગયો છે કે પ્રદૂષણ મુક્ત વાતાવરણમાં જીવવું એ નાગરિકોનો મૂળભૂત અધિકાર છે.

# મહાકુંભને લઈને યોજાયેલી સંતોની બેઠકમાં બે જૂથ વચ્ચે મારા-મારી

(એજન્સી) પ્રયાગરાજ । તા. 07

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ મહાકુંભને લઈને અખાડાઓની બેઠકમાં ભારે હોબાળો થયો. સંતો-મહંતો વચ્ચે ભારે મારામારી થઈ. અખાડાઓથી જોડાયેલા સંતોએ એકબીજાને લાફાવાળી કરી, એટલું જ નહીં ઢીકાપાટુ પણ વરસાવ્યા. મહાકુંભના મેળા વહિવટી તંત્રની અખાડાઓની બેઠક કાર્યાલયમાં થવાની હતી. અખાડા પરિષદ હાલના દિવસોમાં બે ભાગમાં વહેંચાયેલું છે. બંને જૂથોના પદાધિકારી આ બેઠકમાં આમને-સામને થઈ ગયા અને વાદ વિવાદ બાદ મારામારી પણ થઈ. જો કે, મારામારીના કારણે



મોડા સુધી અફરાતફરીનો માહોલ રહ્યો. સંતો વચ્ચે થયેલી મારામારીના કારણે બેઠક યોજાઈ શકી નહીં. જણાવી દઈએ કે, પ્રયાગરાજ મેળા વહિવટી તંત્રની બેઠક યોજાવાની હતી. વહિવટી તંત્રની બેઠક માટે અખાડા પરિષદના બંને જૂથોને બોલાવવામાં આવ્યા હતા. ઓપચારિક રીતે બેઠકની શરૂઆત થતા પહેલા જ હોબાળો શરૂ થઈ ગયો. મારામારીના કારણે આ ઘટનામાં કેટલાક સંતોને સામાન્ય ઈજા પણ આવી છે. મળતી માહિતી અનુસાર, પૂર્વ અધ્યક્ષ નરેન્દ્ર ગિરીના મોત બાદથી અખાડા પરિષદ બે જૂથમાં વહેંચાયું છે. આ મામલા અંગે અખાડા પરિષદના અધ્યક્ષ રવિન્દ્ર પુરીએ કહ્યું કે, 'જમીન વહેંચણીને લઈને વિવાદ થયો છે, કેટલાક સંતો તરફથી હોબાળો કરાયો.

## સીબીએસઈ બોર્ડે ગેરરીતિઓ પકડાતાં 21 સ્કૂલની માન્યતા રદ કરી દીધી

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)એ ડમી વિદ્યાર્થીઓને પ્રવેશ આપતી શાળાઓ સામે કાર્યવાહી કરી છે. આ અંગે 21 શાળાઓનું જોડાણ છીનવી લેવામાં આવ્યું છે, જેમાંથી 16 શાળાઓ દિલ્હીની અને પાંચ શાળા રાજસ્થાનની છે. દિલ્હીની છ વરિષ્ઠ માધ્યમિક શાળાઓનો દરજ્જો ઘટાડીને માધ્યમિક કરવામાં આવ્યો છે. જે શાળાઓનું જોડાણ પાછું ખેંચવામાં આવ્યું છે તેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમનું ચાલુ સત્ર પૂર્ણ કરી શકશે. આગામી સત્રથી શાળાઓ પર કાર્યવાહી લાગુ કરવામાં આવશે. આ પગલું સપ્ટેમ્બરમાં રાજસ્થાન અને દિલ્હીની શાળાઓમાં કરવામાં આવેલા ઓચિંતા નિરીક્ષણને અનુસરે છે.

સુપ્રીમ કોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

# સગીરાની છેડતી મામલે સમાધાનના આધારે FIR રદ ન કરી શકાય

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

રાજસ્થાનમાં સગીર વિદ્યાર્થીની સાથે છેડતીના મામલે સુપ્રીમ કોર્ટે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, સમાધાનના આધારે FIR રદ ન કરી



શકાય. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આરોપી શિક્ષક સામે FIR અને કાયદાકીય કાર્યવાહી ફરી શરૂ થવી જોઈએ. આ સાથે જ સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના નિર્ણયને રદ કરી દીધો છે. FIR રદ કરવાના હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટે પલટી નાખ્યો છે. પીડિતાનું CrPC 164 હેઠળ નિવેદન પણ નોંધવામાં આવ્યું હતું. પરંતુ બાદમાં આરોપી શિક્ષકે 500 રૂપિયાના સ્ટેમ્પ પેપર પર પીડિત પક્ષ પર એવું લખાવ્યું હતું કે, પીડિતાએ ગેરસમજમાં શિક્ષક વિરુદ્ધ કેસ દાખ કરાવ્યો છે અને હવે આરોપી શિક્ષક વિરુદ્ધ કોઈ કાર્યવાહી નથી ઈચ્છતી.

### સગીર દલિત વિદ્યાર્થીની સાથે થઈ હતી છેડતી

સુપ્રીમ કોર્ટના મહત્ત્વપૂર્ણ ચુકાદા બાદ આરોપી શિક્ષક વિમલ કુમાર ગુપ્તા વિરુદ્ધ કાર્યવાહીનો રસ્તો સાફ થઈ ગયો છે. તમને જણાવી દઈએ કે આ ઘટના 2023માં રાજસ્થાનના ગંગાપુર શહેરમાં બની હતી. સરકારી શાળાના શિક્ષકે સગીર દલિત વિદ્યાર્થીની છેડતી કરી હતી. તેના પર સગીરની ફરિયાદ પર POCSO અને SC/ST એક્ટ હેઠળ FIR નોંધવામાં આવી હતી. નીચલી કોર્ટના નિર્ણયને આરોપીએ રાજસ્થાન હાઈકોર્ટમાં પડકાર્યો હતો. હાઈકોર્ટે આરોપીની અરજી સ્વીકારી FIR રદ કરવાનો આદેશ આપ્યો હતો. રાજસ્થાન હાઈકોર્ટના નિર્ણયને એક સમાજસેવી રામજી લાલ બૈરવાએ સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.

**મહારાષ્ટ્ર ચૂંટણી માટે મહાવિકાસ અઘાડીની 5 ગેરન્ટી**

# મહિલાઓને 3000, બેરોજગારને દર મહિને 4000...

(એજન્સી) મુંબઈ । તા. 07

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. એમવીએ અને મહાયુતિમાં સીટની વહેંચણી બાદ હવે ચૂંટણી વચનો પણ જારી થવા લાગ્યા છે. આ ક્રમમાં MVA એ બુધવારે તેની પાંચ ગેરંટી જારી કરી. જેમાં મહિલાઓને દર મહિને આર્થિક સહાય, ખેડૂતો માટે લોન માફી, બેરોજગારોને આર્થિક સહાય, પરિવારો માટે સ્વાસ્થ્ય વીમો વગેરેનો સમાવેશ થાય છે. ખરેખર મહાવિકાસ આઘાડી - કોંગ્રેસ, શિવસેના (UBT), NCP (શરદ પવાર) વગેરેમાં સામેલ પક્ષોના નેતાઓએ મહારાષ્ટ્ર



સ્વાભિમાન સભાનું આયોજન કર્યું હતું. ગઠબંધનમાં સામેલ તમામ પક્ષોના મોટા નેતાઓએ તેમાં ભાગ લીધો હતો. રાહુલ ગાંધીએ મંચ પરથી ખુલ્લેઆમ ભાજપ અને શિંદે સરકાર પર નિશાન સાધ્યું. દરમિયાન MVA ના નેતાઓએ ચૂંટણી માટે તેમનો ઢંઢેરો બહાર પાડ્યો.

### MVA એ આપી આ 5 ગેરન્ટી

1. મહાલક્ષ્મી: સમગ્ર મહારાષ્ટ્રમાં મહિલાઓને દર મહિને રૂ. 3000ની નાણાકીય સહાય અને સરકારી બસોમાં મફત પરિવહન સુવિધા મળશે.
2. કૃષિ સમૃદ્ધિ: સમગ્ર મહારાષ્ટ્રમાં તમામ ખેડૂતોની રૂ. 3 લાખ સુધીની કૃષિ લોન માફ કરવામાં આવશે. વધુમાં, જે ખેડૂતો તેમની લોનની સતત ચુકવણી કરે છે તેમને 50,000 રૂપિયાની પ્રોત્સાહક ચુકવણી આપવામાં આવશે.
3. યુવકન્ના શબ્દ: મહારાષ્ટ્રના દરેક બેરોજગાર યુવકને માસિક રૂ. 4,000ની સહાય આપવામાં આવશે.
4. કૌટુંબિક સુરક્ષા: મહારાષ્ટ્રના તમામ પરિવારોને રૂ. 25 લાખનો પોષણક્ષમ સ્વાસ્થ્ય વીમો આપવામાં આવશે. સરકારી હોસ્પિટલોમાં આવશ્યક દવાઓ વિનામૂલ્યે આપવામાં આવશે.
5. સમાનતા હામી: મહારાષ્ટ્રમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના રક્ષણ અને તેમના અધિકારોને સુરક્ષિત કરવા સામાજિક-આર્થિક જાતિની વસ્તી ગણતરી હાથ ધરવામાં આવશે. જાતિ ગણતરી પછી, અમે અનામત પરની 50% મર્યાદા દૂર કરીશું.

# વડતાલમાં 'દ્વિશતાબ્દી મહોત્સવ'નો પ્રારંભ

## પોથી અને કળશયાત્રામાં 10 હજાર મહિલા જોડાઈ, 200 ભક્તે શંખનાદ કર્યો...



(એજન્સી) નડિયાદ | તા. 07

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અક્ષરધામ તુલ્ય વડતાલ ખાતે આજથી 7 નવેમ્બરથી શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવનો દબદબાભર્યો પ્રારંભ થયો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા નંદ સંતોની પાવનચરણ રજથી અંકિત થયેલી દિવ્યભૂમિ વડતાલમાં 7 નવેમ્બરથી 15 નવેમ્બર સુધી શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવનું ભવ્યાતિ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. દેશ-વિદેશના હજારો હરિભક્તોનો પ્રચંડ પ્રવાહ વડતાલધામ તરફ શરૂ થયો છે. આજે મહોત્સવના પ્રારંભે પોથી અને કળશયાત્રા યોજાઈ હતી, જેમાં હજારોની સંખ્યામાં ભક્તો જોડાઈ હતી. 200 ભક્તે કરેલા શંખનાદ સાથે મહોત્સવનો રંગેચંગે પ્રારંભ કરાયો હતો. મહોત્સવનું દીપપ્રાગટ્ય કરી ખુલ્લો મુકાયો હતો. આ પ્રસંગે આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજ, ચેરમેન દેવપ્રકાશ સ્વામી, નૌતમ સ્વામી તેમજ અન્ય સંતો અને ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણ, નડિયાદના ધારાસભ્ય પંકજ દેસાઈ સોજીત્રાના ધારાસભ્ય વિપુલ પટેલ સહિત અન્ય લોકો હાજર રહ્યા હતા. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અક્ષરધામ તુલ્ય વડતાલ ખાતે આજથી 7 નવેમ્બરથી શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવનો દબદબાભર્યો પ્રારંભ થયો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા નંદ સંતોની પાવનચરણ રજથી અંકિત થયેલી દિવ્યભૂમિ વડતાલમાં 7 નવેમ્બરથી 15 નવેમ્બર સુધી શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવનું ભવ્યાતિ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. દેશ-વિદેશના હજારો હરિભક્તોનો પ્રચંડ પ્રવાહ વડતાલધામ તરફ શરૂ થયો છે. 7 નવેમ્બરને ગુરૂવારના રોજ સવારે 5:30 કલાકે મહેળાવથી શોભાયાત્રા નીકળી હતી. જે સવારે 7:30 કલાકે વલેટવા ચોકડીએ આવી હતી. જ્યાંથી સવારે 8 કલાકે વલેટવા ચોકડીથી પોથીયાત્રાનો પ્રારંભ થયો હતો. જેમાં 5 હજાર મહિલા ભક્તો પોતાના મસ્તકે કળશ ધારણ કર્યા હતા અને 5 હજાર મહિલા ભક્તો પોતાના મસ્તકે પોથીયાત્રા લઈ જોડાઈ હતી.આ પોથીયાત્રા કળશયાત્રા તથા શોભાયાત્રામાં આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજ, ચેરમેન દેવપ્રકાશ સ્વામી, સત્સંગ મહાસભાના પ્રમુખ નૌતમપ્રકાશદાસજી, કથાના વક્તા જ્ઞાનજીવન સ્વામી (કુંડળધામ) તથા નિત્યસ્વરૂપ સ્વામી (સરધારધામ) સહિત સંપ્રદાયના મોટેરા સંતો-મહંતો તથા વડતાલ, ગઢડા, જુનાગઢ, ધોલેરાથી પધારેલા સંતો જોડાયા હતા. આ ઉપરાંત માતૃશ્રી તથા સાંખ્યયોગી માતાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. ઉપરાંત પંચેશ્વર મહિલા મંડળ, ભુલેશ્વર મહિલા મંડળ, મહિલા મંડળ ભુજ, મહિલા મંડળ કલાકુંજ, 5 હજાર પોથીવાળા બહેનો, 5 હજાર કળશવાળા બહેનો તથા અન્ય બહેનો ઉપરાંત મોટી સંખ્યામાં પુરૂષ હરિભક્તો જોડાયા હતા. સમગ્ર પોથીયાત્રામાં 10 બગીઓ, શણાગરેલ ટ્રેક્ટરો, 4 ગજરાજ, 30 ઘોડા, ઉપરાંત રામચંદ્ર મ્યુઝીક બેન્ડ, ગોધરા મંદિર બેન્ડ, વીરસદ સત્સંગ મંડળ, નાસીક ઢોલ, બોદાલ ઢોલ, હિમંતનગર બેન્ડ, ભૂંગળોવાળા 2 મંડળ, જ્ઞાનબાગ ભજનમંડળ, પોથીયાત્રામાં મીલેટરી તોપ (ભુજ) આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

### ન્યૂઝ કોર્નર

## રાજકોટમાં બાઈક સ્ટંટ કરનારા 3 નબીરા ઝડપાયા

રાજકોટ | રાજકોટમાં દિવાળીના તહેવારમાં નવા 150 ફૂટ રીંગ રોડ ઉપર બેફામ બાઈક ચલાવી આતંક મચાવી ભય ફેલાવનારા બાઈકર્સને યુનિવર્સિટી પોલીસે ઝડપી પાડયા છે. રૈયા સ્માર્ટ સિટી વિસ્તારમાં દિવાળીના તહેવાર ઉપર સ્પોર્ટ્સ બાઈક ઉપર સવાર થઈ બેફામ બાઈક ચલાવી સ્ટંટ કરવા અને હાથમાં ફટાકડા ફોડી પોતાને અને અન્ય વાહનચાલકોને ભયભીત કરવાનો પ્રયાસ કર્યો હતો. જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો. જે બાદ યુનિવર્સિટી પોલીસે બાઈકર્સ ગેંગના બે શખસને ઝડપી લીધા છે. રાજકોટના નવા 150 ફૂટ રીંગ રોડ ઉપર અટલ સરોવર પાસે નબીરાઓ ચાલુ બાઈક ઉપર ફટાકડા ફોડી રહ્યા હતા અને જોખમી સ્ટંટ કરી રહ્યા હતા. જેનો વીડિયો ઈન્સ્ટાગ્રામ આઈડી પર વાઈરલ થયો હતો.

## લખતર-વિરમગામ હાઈવે ઉપર અકસ્માત

સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર જિલ્લાના લખતર વિરમગામ હાઈવે પર અકસ્માતાનો બનાવોમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. ત્યારે લખતર હાઈવે પર આવેલા જેટકો સબ સ્ટેશન પાસે વિરમગામ તરફથી આવતી કારે બાઈકને ટક્કર મારતા બાઈક ચાલક દિવ્યાંગ ભાઈ દિલીપભાઈ વાઘેલા ( ઉંમર વર્ષ 20 ) ઈજાગ્રસ્ત થયા હતા. જેમાં દિવ્યાંગ ભાઈને માથાના તથા હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે લખતર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતા દવે પરિવાર અમદાવાદથી ચોટીલા દેવ દર્શને જઈ રહ્યા હતા, ત્યારે લખતર જેટકો સબ સ્ટેશન પાસે પહોચતા અચાનક ડીવાઈડર ટપીને બાઈક ચાલક રોડ ઉપર આવી જતા કાર સાથે અથડાયો હતો. જેથી અકસ્માત થયો હતો. જેમાં કારને નુકસાન પહોંચ્યું હતું અને બાઈક રોડ ઉપર ઘસેડાયું હતું.

### સુરેન્દ્રનગર જિલ્લાના થાનમાં પ્રેમસંબંધ મામલે પિતા-પુત્રની હત્યા નિપજાવી દેવાતા ચકચાર મચી છે....

# પ્રેમસંબંધ મામલે ડબલ મર્ડર : સુરેન્દ્રનગરના થાનમાં ત્રણ શખસે મળી પિતા-પુત્રને મોતને ઘાટ ઉતાર્યા...

**સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર જિલ્લાના થાનમાં પ્રેમસંબંધ મામલે પિતા-પુત્રની હત્યા નિપજાવી દેવાતા ચકચાર મચી છે. મૃતક યુવકે પરિણીતા સાથે કરેલા મૈત્રીકરાર બાદ નારાજ થયેલા યુવતીનાં પરિવારજનોએ હત્યાને અંજામ આપ્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.**

**સુરેન્દ્રનગરના થાન તાલુકાના વરમાધાર ગામની સીમમાં રહેતા અને ખેતમજૂરી કરતા ઘુઘાભાઈ દાનાભાઈ કોળી, તેમનાં પત્ની અને પુત્ર ભાવેશ પર ત્રણ શખ્સોએ હથિયારો વડે હુમલો કરતા ભાવેશનું અને ત્યારબાદ સારવાર દરમિયાન ઘુઘાભાઈનું મોત નીપજતા મામલો ડબલ મર્ડરમાં પલટાયો હતો. જ્યારે ઘુઘાભાઈનાં પત્નીને સારવાર માટે ખસેડવામાં આવ્યાં છે.**

**જીવલેણ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ત્રણેય લોકોને શરૂઆતમાં થાનગઢ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ભાવેશનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ત્યારબાદ વધુ સારવાર માટે ઘુઘાભાઈ અને તેમનાં પત્નીને રાજકોટ ખસેડાયાં હતાં. જ્યાં ઘુઘાભાઈનું પણ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જ્યારે તેમનાં પત્નીની હાલ સારવાર ચાલી રહી છે.**




### દંપતી અને તેના પુત્ર પર હુમલો કરાતાં બેનાં મોત

સુરેન્દ્રનગરના થાન તાલુકાના વરમાધાર ગામની સીમમાં રહેતા અને ખેતમજૂરી કરતા ઘુઘાભાઈ દાનાભાઈ કોળી, તેમનાં પત્ની અને પુત્ર ભાવેશ પર ત્રણ શખ્સોએ હથિયારો વડે હુમલો કરતા ભાવેશનું અને ત્યારબાદ સારવાર દરમિયાન ઘુઘાભાઈનું મોત નીપજતા મામલો ડબલ મર્ડરમાં પલટાયો હતો. જ્યારે ઘુઘાભાઈનાં પત્નીને સારવાર માટે ખસેડવામાં આવ્યાં છે.

### પરિણીતા સાથે કરેલા મૈત્રીકરારનું મનદુઃખ રાખી હુમલો કરાયો

ડબલ મર્ડરની ઘટના અંગે મળતી માહિતી મુજબ મૃતક યુવાન ભાવેશે થોડા સમય પહેલાં સંગીતા નામની યુવતી સાથે મૈત્રીકરાર કર્યા હતા અને તેની સાથે રહેતો હતો. સંગીતાનાં લગ્ન દિનેશ નામના યુવક સાથે થયાં હતાં. સંગીતા અને ભાવેશ બંને મૈત્રીકરાર કરી સાથે રહેતાં હોઈ દિનેશ સહિતનાં પરિવારજનો નારાજ હતાં. જેનું મનદુઃખ રાખી દિનેશ સાપડા, જેસા નરસી અને સંગીતાનો ભાઈ દિનેશ સુખાભાઈએ સાથે મળી ભાવેશ, તેના પિતા અને માતા પર હથિયારો વડે જીવલેણ હુમલો કર્યો હતો.



### ભાવેશ અને તેના પિતાનાં મોત થતાં મામલો ડબલ મર્ડરમાં પલટાયો

જીવલેણ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ત્રણેય લોકોને શરૂઆતમાં થાનગઢ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ભાવેશનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ત્યારબાદ વધુ સારવાર માટે ઘુઘાભાઈ અને તેમનાં પત્નીને રાજકોટ ખસેડાયાં હતાં. જ્યાં ઘુઘાભાઈનું પણ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જ્યારે તેમનાં પત્નીની હાલ સારવાર ચાલી રહી છે.

**આરોપીઓને ઝડપવા પોલીસની આઠ ટીમ બનાવવામાં આવી :** આ મામલે સુરેન્દ્રનગર એસપી ડો. ગિરીશ પંડ્યાએ જણાવ્યું હતું કે, થાનગઢના સરસાણામાં ડબલ મર્ડરનો બનાવ બન્યો છે. જેમાં જે મૃતક ભાવેશ નામનો યુવક છે તેણે વરમાધારની યુવતી સાથે મૈત્રીકરાર કર્યા હતા. આ બંને ચોટીલા પોલીસ સ્ટેશનના સરાઈ ગામે રહેતાં હતાં અને દિવાળી કરવા સરસાણા આવ્યાં હતાં. જે યુવતી સાથે મૈત્રીકરાર કર્યા હતા તેનાં લગ્ન અગાઉ થયાં હતાં અને સાસરેથી પરત આવેલી હતી. ગતરાત્રિએ સંગીતાનો ભાઈ, તેનો પૂર્વ પતિ અને પિતાએ મળી સરસાણા ગામે છરી જેવા તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો. જેમાં ભાવેશનું થાનગઢ હોસ્પિટલે લાવતા મૃત્યુ થયું હતું જ્યારે તેના પિતાનું રાજકોટમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ બનાવમાં ત્રણ લોકો સંડોવાયેલા જે જેઓને ઝડપી પાડવા માટે પોલીસે અલગ અલગ આઠ ટીમો બનાવી શોધખોળ હાથ ધરી છે.

થાનમાં ડબલ મર્ડરની ઘટના બનતા પોલીસના ઉચ્ચ અધિકારીઓ દોડી ગયા હતા અને આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. છેલ્લા કેટલાક દિવસો દરમિયાન સુરેન્દ્રનગરમાં હત્યા, મારામારી, ફાયરિંગ જેવા બનાવો બનતા કાયદો વ્યવસ્થાની સ્થિતિને લઈ સવાલો ઊઠ્યા છે.

## વડોદરામાં હેલ્મેટ ડ્રાઈવ:સરકારી કર્મીઓ બાદ સામાન્ય નાગરિકોને દંડ ફટકાર્યો

(એજન્સી) વડોદરા | તા. 07

વડોદરા ટ્રાફિક પોલીસે સરકારી કર્મચારીઓ બાદ આજે સમાન્ય જનતા માટે હેલ્મેટ ડ્રાઈવ શરૂ કરી છે. હેલ્મેટ ન પહેરનાર વાહનચાલકોને 500નો દંડ ફટકાર્યો હતો. આ સમયે લોકો વિવિધ પ્રકારના બહાના બતાવતા નજરે પડ્યા હતા. આ અંગે એક વાહનચાલકે કહ્યું કે, મને ફરજિયાત હેલ્મેટના નિયમની ખબર જ નથી. તો કોઈએ કહ્યું હતું કે, દીકરીને હોસ્પિટલ મુકવા માટે નીકળ્યો હતો, ઉતાવળમાં હેલ્મેટ મૂકવાનું ભૂલી ગયો, હું ગુનેગાર છું, જેથી મારે દંડ ભરવો જ પડશે. વાહનચાલક રજત સોનીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી હેલ્મેટ ફરજિયાત પહેરવાનો કોઈ નિયમ નહોતો, પરંતુ અચાનક જ હેલ્મેટ ફરજિયાત કરવામાં આવ્યો હોવાથી મેં હેલ્મેટ પહેર્યું નથી. મને આ અંગે કંઈ ખબર નહોતી. હું સોશિયલ મીડિયા પણ એક્ટિવ નથી. જે લોકો સોશિયલ મીડિયા પર એક્ટિવ છે તેમને ખબર પડી જાય છે. હું કામ માટે બહાર નીકળ્યો હતો. 100 કે 200 રૂપિયા હોય તો હું તરત ભરી દઉ, પરંતુ 500 રૂપિયા મને વધુ લાગે છે. હવે હું ટ્રાફિકને બધા રુલ્સને ફોલોવ કરીશ.

# સુરતમાં પૂરપાટ ઝડપે આવતા ટેમ્પોએ રાહદારીને ટક્કર મારી 20 ફૂટ ઢસડ્યા, ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત

(એજન્સી) સુરત | તા. 07

સુરત શહેરમાં હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. જેમાં એક ટેમ્પાચાલકે રાહદારીને અડફેટે લેતા રાહદારીનું મોત નીપજ્યું હતું. આ સમગ્ર ઘટના ત્યાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. સીસીટીવીમાં જોઈ શકાય છે કે, પૂરપાટ ઝડપે આવેલા ટેમ્પોચાલકે રાહદારી અડફેટે લેતા તે ફંગોળાઈને જમીન પર પટકાયા હતા.

સીસીટીવીમાં જોઈ શકાય છે કે, રાહદારી રસ્તા પર ઊભા છે. ત્યારે અચાનક તેની તરફ પૂરપાટ ઝડપે એક ટેમ્પો આવે છે. આથી રાહદારી બચવા માટે રોડ ક્રોસ કરવાનો પ્રયાસ કરે છે પણ ટેમ્પો તેને જોરદાર ટક્કર મારે છે. બાદમાં ટેમ્પો તેના આગળના ભાગથી રાહદારીને 20 ફૂટ જેટલા ઢસડે છે.

વહેલી સવારે એક ટેમ્પોચાલકે રાહદારીને અડફેટે લેતા મોત નીપજ્યું છે. અકસ્માત બાદ ટેમ્પોચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. ગત 5 નવેમ્બર 2024ના રોજ રામપુરા પેટ્રોલ પંપ પાસે આ ઘટના બની હતી. એક રાહદારી વહેલી સવારે રસ્તા પર ઊભા હતો. આ દરમિયાન એક ટેમ્પોચાલક પૂરપાટ ઝડપે આવ્યો હતો અને રાહદારીને અડફેટે લેતાં તે ફંગોળાઈને જમીન પર પટકાયો હતો. આ ઘટના બાદ ત્યાં હાજર લોકો દોડી આવ્યા હતા. આ ઘટનામાં રાહદારીને ગંભીર ઈજા થતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ સમગ્ર ઘટના ત્યાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ જવા પામી છે. સીસીટીવીમાં જોઈ શકાય છે કે, રાહદારીને અડફેટે લઈને ટેમ્પોચાલક ત્યાંથી ફરાર થઈ જાય છે. વહેલી સવારે 4.26 વાગ્યે આ ઘટના બની હતી. આ મામલે હાલ પોલીસે વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.



### બ્રેકિંગ ન્યૂઝ

## કારખાનાના લેબર કવાર્ટરમાં ગળાફાંસો ખાઈ યુવાને આપઘાત કર્યો

મોરબી | વાંકાનેર તાલુકાના રાતાવિરડા ગામની સીમમાં આવેલ રે-સેરા ક્રિએશન સીરામીક કારખાનાના લેબર કવાર્ટરમાં રહેતો અને મજૂરી કામ કરતો યુવાન લેબર કવાર્ટરમાં હતો ત્યારે કોઈ કારણોસર ત્યાં તેને ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આ બનાવ અંગેની વાંકાનેર તાલુકા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે બનાવની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મૂળ ઝારખંડનો રહેવાસી અને હાલમાં વાંકાનેર તાલુકાના રાતાવિડા ગામની સીમમાં આવેલ રે-સેરા ક્રિએશન સીરામીક નામના કારખાનાના યુવાન લેબર કવાર્ટરમાં હતો.

## તારાપુર-વટામણ હાઈવે પર અકસ્માત : ચાલકનું મોત

આણંદ | તારાપુર તાલુકાના ખાનપુર ગામની સીમમાં રોંગસાઈડમાં પુરપાટ ઝડપે પસાર થતી ઈકો ગાડીના ચાલકે સામેથી આવતા એક મોપેડને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા મોપેડ ચાલકનું સ્થળ પર જ મોત નિપજ્યું છે. આ અંગે તારાપુર પોલીસે ઈકો ગાડીના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. તારાપુર તાલુકાના ચીતરવાડા ગામમાં આવેલ પટેલ ફળીયામાં રહેતાં ભરતભાઈ છોટાભાઈ પટેલ ગતરોજ બપોરના સમયે મોપેડ નંબર GJ 23 DS 5225 લઈને તારાપુર-વટામણ હાઈવે પર આવેલ ખાનપુર ગામની સીમમાંથી પસાર થઈ રહ્યાં હતાં.

# સુરતમાં દોઢ કરોડનું સોનું ચોરવા એક્ઝોસ્ટ ફેનની જગ્યા તોડી ફેક્ટરીમાં ઘૂસ્યા હતા

(એજન્સી) સુરત | તા. 07

સુરતના મહિધરપુરામાં 27 ઓક્ટોબરે સોનાની ફેક્ટરીમાંથી અંદાજિત દોઢ કરોડના 1822 ગ્રામ રિફાઈન પાઉડર ફોર્મનું 24 કેરેટ સોનાની ચોરી થઈ હતી. આ ચોરીને ધોરણ 8થી 10 ભણેલા ઉત્તર પ્રદેશના 6 શખસે અંજામ આપ્યો હતો. જેમાં એક આરોપી ફેક્ટરીનો કર્મચારી હતો જે ચોરી કરવાના ઈરાદે દોઢ મહિના પહેલાં જ નોકરીએ લાગ્યો હતો. તેને જ મોટા પ્રમાણમાં સોનું 2-3 દિવસ ફેક્ટરીમાં રહેતું હોવાની ટીપ આપી હતી. આરોપીઓ રાત્રિના સમયે મેઝરિયા જ્વેલર્સ પ્રાઈવેટ લિમિટેડના પાછળના ભાગે ઝાડ ઉપરથી કંપનીના છતા ઉપર પહોંચ્યા હતા. ત્યાં વેન્ટિલેશન માટે લાગેલા એક્ઝોસ્ટ ફેનની જગ્યા તોડી ગોલ્ડ રિફાઈનિંગ વિભાગમાં ઘૂસ્યા હતા. ચોરી દરમિયાન નોકરી કરનાર આરોપી ફેક્ટરીની બહાર વોચમાં હતો. ઝડપાયેલા 6 આરોપીઓ અગાઉ રિફાઈનિંગ ફેક્ટરીમાં કામ કરી ચૂક્યા છે, જેથી તેઓ કાચા સોનાને 24 કેરેટના સોનામાં તૈયાર કરવાની સંપૂર્ણ પ્રોસિજરથી માહિતીગાર હતા. હાલ તો પોલીસે ચોરી કરનાર 6 આરોપીઓને દબોચી લીધા છે. સુરત શહેરના મહીધરપુરા વિસ્તાર ખાતે આવેલા વસ્તાદેવડી રોડ ખાતે જીનવાલા ઉદ્યોગ બિલ્ડિંગમાં મેજરીયા જ્વેલર્સ પ્રાઈવેટ લિમિટેડના રિફાઈનિંગ વિભાગમાં અલગ-અલગ કેરેટના સોના અને 24 કેરેટ સોનાને રિફાઈન કરવામાં આવે છે પરંતુ, તારીખ 27 ઓક્ટોબરના રોજ ફેક્ટરીના રિફાઈનિંગ વિભાગમાં મૂકવામાં આવેલા સોનાની ચોરી કરવામાં આવી હતી. એક્ઝોસ્ટ ફેનની જગ્યા તોડી ગોલ્ડ રિફાઈનિંગ વિભાગમાં પ્રવેશ કરી અલગ-અલગ વેપારીઓનું અલગ-અલગ કેરેટના સોનામાંથી પ્યોરીફિકેશન થઈ ગયેલા ફોર્મનું સોનુ જે સ્ટરલાઈઝ થવા માટે અલગ-અલગ બીકર તથા ડોલોમાં રાખવામાં આવ્યું હતું.

# જિમમાં આગ લાગીને ગૂંગળામણથી 2 સ્પા ગર્લનાં મોત

## ફોર્ચ્યુન મોલમાં જિમમાં પાર્ટિશન કરીને સ્પા ચાલતું હતું

(એજન્સી) સુરત | તા. 07

સુરતમાં ગઈકાલે એટલે કે બુધવારે રાતના સમયે સીટી લાઈટ વિસ્તારમાં આવેલા ફોર્ચ્યુન મોલમાં અમૃતયા સ્પા અને જિમ-11માં આગ લાગવાની ઘટના બની હતી. આગ જિમમાં લાગી હતી પણ તેનો ધુમાડો સ્પા સુધી પહોંચ્યો હતો.જેના કારણે ગૂંગળામણથી 2 સ્પા ગર્લના મોત થયા હતા. ઉલ્લેખનીય છે કે જિમમાં પાર્ટિશન કરીને સ્પા ચલાવવામાં આવતું હતું. આ બાબતે NOC લીધી હતી કે કેમ તે અંગે ફાયર અધિકારીને પૂછતા તેમણે જણાવ્યું હતું કે તેની અમને ખબર નથી.

જિમ-11માં મીટર પેટીમાં આગ લાગતા તેનો ધુમાડો અમૃતયા સ્પામાં પહોંચ્યો હતો. ધુમાડો નીકળવાનું શરૂ થતા સ્પાની 4 મહિલા કર્મચારી અને એક વોચમેન ઘટના સમયે હાજર હતા. વોચમેન અને બે યુવતી બહારની તરફ દોડી ગયા હતા અને બે યુવતીઓ સ્પાના બાથરૂમમાં જતી રહેતા ગૂંગળામણના કારણે તેમનું મોત થયું હતું.

સ્પામાં કામ કરનારી બંને યુવતીઓ સિક્કિમની રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. બીનું હંગામાં લીમ્બુ અને મનીષા રોય નામની યુવતીનું મોત થયું છે. મનીષા રોય એક મહિના પહેલા જ સુરત આવી હોવાનું તેની બહેને જણાવ્યું છે. તેની બહેનના કહેવા પ્રમાણે તે ક્યાં કામ કરતી હતી તે અંગે તેને કોઈ માહિતી નથી પરંતુ જ્યારે ઘટનાની જાણ થઈ ત્યારે તે સિવિલ હોસ્પિટલના પીએમ રૂમ પાસે પહોંચી હતી અને ત્યારબાદ તેની બહેનનું મોત થયું હોવાનું તેને જાણવા મળ્યું હતું.

આગ લાગી ત્યારે સ્ટાફના 5 લોકો હાજર હતા, જેમાં ચાર મહિલા અને એક વોચમેન હતો. ધુમાડો નીકળતાંની સાથે જ બે મહિલા અને વોચમેન બહારની તરફ ભાગ્યા હતા. જ્યારે બે સ્ટાફની મહિલાઓએ અંદરની તરફ ભાગીને બાથરૂમનો દરવાજો લોક કરી દીધો હતો, જેથી ધુમાડો ન આવે. પરંતુ, વધુ પડતા હિટને કારણે સ્મોક ફેલાયો હતો. ગૂંગામણના કારણે બંને સ્પા મહિલા કર્મચારીઓનું મોત થઈ ગયું છે. શરીર ઉપર દાઝ્યાના કોઈ નિશાન નથી માત્ર ગુંગળામળને કારણે મોત થયું છે. આખા મોલનો આગળનો ભાગ બંધ છે. મોલનું બાંધકામ જ એ પ્રકારનું છે કે, કોઈપણ પ્રકારે હવાની અવરજવર થઈ શકે તેમ નથી અને આ કારણોસર જ આગ લાગ્યા બાદ ધુમાડો અંદર જ રહ્યો હતો. જે રીતે કોમ્પ્લેક્સ નું સ્ટ્રક્ચર છે અને જ્યાં ઘટના બની છે તે જોતા ઘણી બધી ક્ષતિઓ સામે આવી રહી છે. મહત્વની બાબત એ છે કે, જિમમાં આગ લાગ્યા બાદ સ્પા સુધી તેનો સ્મોક ગયો હતો. જિમ 11માં પાર્ટીશન કરીને ઉપરના ભાગે અમૃતયા સ્પા એન્ડ સલૂન ચલાવવામાં આવી રહ્યું હતું. તેને કાયદેસરની પરવાનગી લેવામાં આવી હતી કે કેમ તે મહત્વની બાબત છે. જિમ ઓનરનું નામ શાહ નવાઝ અને સ્પા ચલાવનારનું નામ વસીમ હોવાનું સામે આવી રહ્યું છે.

# આણંદમાં 5,600 બોર-કૂવાના જળસ્તર 18 મીટર સુધી ઊંચા આવ્યાં



(એજન્સી) આણંદ | તા. 07

આણંદ જિલ્લામાં પાંચ વર્ષની સરેરાશમાં ચાલુ વર્ષે ૧૩૫ ટકાથી વધુ વરસાદ વરસી ગયો છે. ત્યારે જિલ્લાના ૫૬૦૦થી વધુ બોર- કૂવાના જળસ્તર ૧૫થી ૧૮ મીટર ઊંચા આવ્યા છે. જેથી આખું વર્ષ સિંચાઈની તકલીફ નહીં પડે તેમજ લાઈટ બિલ પણ ઓછું આવશે. બીજી તરફ ૪૨૫થી વધુ તળાવો ભરેલા છે. જેના કારણે પશુઓ માટે પીવાના પાણીની પણ સમસ્યા નહીં સર્જાય તેવું જિલ્લા જળ- સિંચાઈ વિભાગમાંથી જાણવા મળ્યું છે. આણંદ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષના સરેરાશ વરસાદમાં ઘટાડો થવા પામ્યો હતો. જેથી જિલ્લાના બોર કૂવામાં પાણીના સ્તર ૧૫ મીટરથી વધુ નીચે ઉતરી જતા ખેતીમાં મુશ્કેલીઓ પેદા થવા સાથે કૂવાનું વીજ બિલ પણ વધુ આવતું હતું. ભૂગર્ભ પાણીની અછતને કારણે બોરકુવાઓમાં પૂરતું પાણી આવી ન શકતા ખેડૂતો સિંચાઈ માટે મુશ્કેલીઓ અનુભવી રહ્યા હતા. ચાલુ વર્ષે જૂન અને જુલાઈમાં વરસાદની અછત હતી જેથી ખેડૂત વર્ગ ચિંતામાં છવાઈ ગયો હતો. પરંતુ ઓગસ્ટના છેલ્લા અઠવાડિયામાં આણંદ જિલ્લામાં વરસાદની હેલી થતા જિલ્લાના આઠ તાલુકાઓમાં સરેરાશ ૧૮થી ૨૨ ઈંચ વરસાદ ખાબક્યો હતો.

### દિવાળીના તહેવારોમાં માતમ

## કચ્છમાં બે જ દિવસમાં ડૂબવાના કારણે ચાર લોકોનાં મોત, બે લાપતા

(એજન્સી) ગાંધીધામ | તા. 07



કચ્છમાં માંડવીના દરિયાકાંઠે નવા વર્ષની ઉજવણી માટે ફરવા ગયેલા પિતા-પુત્રનું દરિયામાં ડૂબી જતાં મૃત્યુ નિપજ્યું છે, આવી જ બીજી કરૂણ ઘટના રાપરમાં બની. ગેડી થાનપર પાસેની નર્મદા કેનાલમાં ડૂબી જવાથી બે વ્યક્તિના મોત થયા, જ્યારે તેમને બચાવવા ગયેલા બે લોકો ડૂબી જતા તેમની શોધખોળ શરૂ કરાઈ છે. રાપરના ખેતરમાં મજૂરી કરતા મૂળ રાજસ્થાનના પરિવારના બે ભાઈ બહેન પાસે આવેલી કેનાલ પર ગયા હતા. જ્યાં તેઓ કોઈ કારણસર ડૂબવા લાગ્યા. જેની જાણ પરિવારના અન્ય લોકોને થતા બે લોકો નહેરમાં ડૂબી રહેલી સગીરા અને કિશોરને બચાવવા કેનાલમાં ઝંપલાવ્યું હતું. સમગ્ર ઘટનામાં સગીરા અને તેને બચાવવા કેનાલામાં ઝંપલાવનાર વ્યક્તિનું મોત થયું છે. જ્યારે કિશોર અને તેને બચાવવા જનાર વ્યક્તિની શોધખોળ યથાવત્ છે. મળતી માહિતી પ્રમાણે, કેનાલમાં ડૂબતા સગીરને બચાવવા પડેલા શેરસિંગ બાબુભાઈ (ઉ.વ. 40) અને અનુજા કલુખાન જોગી (ઉ.વ. 17) નું મોત નીપજ્યું. જ્યારે શબીર કલુખાન જોગી (ઉ.વ. 21) અને સરફરાજ મોસમ જોગી (ઉ.વ 36) લાપતા હોવાથી પોલીસ અને સ્થાનિક લોકોએ તરવૈયાઓની મદદથી શોધખોળ હાથ ધરી છે. આ દરમિયાન લોકોએ 108ને ફોન કરતા તેઓ દોડી આવ્યા હતા. રાપર પોલીસ પણ ઘટના સ્થળે દોડી જઈને તપાસ હાથ ધરી છે. કચ્છમાં માંડવીના દરિયાકાંઠે નવા વર્ષની ઉજવણી માટે ફરવા ગયેલા પિતા પુત્રનું દરિયામાં ડૂબી જતાં મૃત્યુ નીપજ્યુ હતું. અંજારના કિશોર ગાંગજી મહેશ્વરી અને તેમના પુત્ર ડેનિસ દરિયામાં નહાવા પડ્યા હતા. આ દરમિયાન મોજા ઉછળ્યા અને તેમાં ખેંચાઈ જવાથી બંનેનું મૃત્યુ થયું હતું. સ્થાનિક તરવૈયાઓની મદદથી પિતા પુત્રના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યા હતા. મહત્વનું છે કે થોડા દિવસો પહેલા પણ કચ્છમાં આવી જ ઘટના બની હતી. જેમાં ખેતરમાં મજૂરી કામ કરતા પરિવારના બે બાળકોના કેનાલમાં ડૂબી જવાથી મોત થયા હતા.

## અજાણ્યા વાહનની ટક્કરે રિક્ષામાં સવાર યુવાનનું મોત

(એજન્સી) નડિયાદ | તા. 07

વસો- પીજ રોડ ઉપર કૃષિ યુનિવર્સિટી પાસે અજાણ્યા વાહને રિક્ષાને ટક્કર મારતા રિક્ષામાં બેઠેલા મુસાફરોને ઈજા થઈ હતી. જેમાંથી એક યુવાનનું ઘટના સ્થળે જ મોત થયું હતું. આ અંગે વસો પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. વસો તાલુકાના સિહોલડી દાદુપુરામાં રહેતા ભરતભાઈ હરમાનભાઈ પરમાર મંગળવારે રિક્ષામાં બેસી ઘરે જઈ રહ્યા હતા. ત્યારે રીક્ષા વસો પીજ રોડ ઉપરથી પસાર થતી હતી. વસો કૃષિ યુનિવસટી નજીક અજાણ્યા વાહને રિક્ષાને ટક્કર મારતા રિક્ષામાં બેઠેલા મુસાફરોને ઈજા થઈ હતી. જે પૈકી ભરતભાઈ હરમાનભાઈ પરમારનું ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે રાજેશભાઈ લક્ષ્મણભાઈ સોલંકીએ વસો પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

### શોરૂમમાં સેલ્સમેન તરીકે નોકરી કરતા આરોપીના રિમાન્ડ મેળવવા પોલીસની તજવીજ

## ક્રાઈમ બ્રાન્ચનું આઈકાર્ડ લઈ લોકો સાથે છેતરપિંડી કરનારો ભેજાબાજ ઝડપાયો

(એજન્સી) ભરૂચ | તા.07



ભરૂચમાં છેલ્લા ઘણા સમયથી ફોર વ્હીલ કારમાં પોલીસની નેમ પ્લેટ અને પોકેટમાં ક્રાઈમ બ્રાન્ચનું આઈકાર્ડ લઈ ફરનાર ભેજાબાજ પોલીસના હાથે પકડાઈ ગયો છે. સામાન્ય જનતાને આઈકાર્ડ બતાવી છેતરપિંડી કરવા સાથે ગરીબ લોકો સાથે પણ છેતરપિંડી કરી હતી પરંતુ આખરે નકલી ક્રાઈમ બ્રાન્ચના અધિકારીનો ભાંડો હોસ્ટેલ ગ્રાઉન્ડના ફટકડાં સ્ટોલ ઉપર ફૂટી જતાં પોલીસે ધરપકડ કરી છે. ભરૂચના હોસ્ટેલ ગ્રાઉન્ડ ઉપર ફટાકડાં બજારમાં દિવાળી સમયે ઉભા થતાં હોય છે.તે અંગેની મંજૂરી ભરૂચ પ્રાંત અધિકારી તરફથી આપે છે.હોસ્ટેલ ગ્રાઉન્ડના એક ફટાકડાંના સ્ટોલ ઉપર છેલ્લા બે દિવશતી ફોર વ્હીલ ગાડીમાં પોલીસના નામની નેમપ્લેટ સાથે એક ભેજાબાજે કમલ નટવરલાલ પારેખ તરીકે આવતો પરંતુ જ્યારે પણ ફટાકડાં લેતો અને પૈસા ઓછા આપતો હતો.હંમેશા લાયસન્સની માગણી અને ક્રાઈમ બ્રાન્ચના અધિકારીનું આઈકાર્ડ બતાવતો હતો. જેના કારણે ફટાકડા ન વેપારીએ ક્રાઈમ બ્રાન્ચનો અધિકારી હોવાનું માની તેને જવા દીધો પરંતુ ખરેખર ક્રાઈમ બ્રાન્ચનો અધિકારી છે. તે દિશામાં તપાસ કરતા નકલી અધિકારીએ કરેલા ગુગલ પે ઉપરથી તેનો ફોટો સોશિયલ મીડિયાના એપ ઉપર શોધવામાં આવતા તેની ઓળખ થઈ હતી. તપાસ દરમિયાનતે કોઈ પણ અધિકારી ન હતો.ભરૂચની ફોરવીલ ગાડીના શોરૂમમાં સેલ્સમેન તરીકે નોકરી કરતો હોવાનું સામે આવ્યું હતું. ઘણા લોકો સાથે અધિકારી તરીકે છેતરપિંડી પણ કરી હોવાનું સામે આવતા આખરે ફટાકડાના વેપારીએ ભરૂચ એ ડિવિઝન પોલીસ મથકે આપી હતી.

પોલીસે કમલ નટવરલાલ પારેખ સામે નકલી અધિકારી તથા ગાડીમાં પોલીસની નેમ પ્લેટ રાખવા બદલ ગુનો દાખલ કરી તેનું આઈકાર્ડ કોણે બનાવી આપ્યું કેટલામાં બનાવી આપ્યું આવા કેટલાક કાર્ડ બનાવ્યા અને આખા ગુજરાતમાં આવા કેટલાક કાડ અપાયા હશે તેવી માહિતી મેળવવા પોલીસે આરોપીની ધરપકડ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

## આણંદમાં પરિણીતાનો ગળે ફાંસો ખાઈ આપઘાત

(એજન્સી) આણંદ | તા. 07

આણંદ શહેરની શીખોડ તલાવડી નજીકની સોસાયટીમાં રહેતી પરિણીતાએ મકાનમાં પંખા સાથે દુપટ્ટો બાંધી આપઘાત કરી જીવન ટૂંકાવી લીધું હતું. જે મામલે પોલીસ દ્વારા મૃતદેહને પીએમ અર્થે ખસેડી અકસ્માતે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આણંદ શહેરની શિખોડ તલાવડી નજીક આવેલી ગજાનંદ સોસાયટીમાં રહેતા સુરેશભાઈ રૂપાભાઈ પ્રજાપતિના પત્ની જયશ્રીબેને ગતરોજ સમી સાંજે પોતાના મકાનના પંખા સાથે દુપટ્ટો બાંધી કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. આ ઘટનાની જાણ થતા આણંદ શહેર પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને નીચે ઉતારી પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યો હતો. આત્મહત્યાનું કારણ હજુ અકબંધ હોવાથી પોલીસે અકસ્માતે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### 6 સસ્તા અનાજની દુકાનનો પરવાનો 90 દિવસ માટે મોકૂફ

## પંચમહાલ જિલ્લાની 14 સસ્તા અનાજની દુકાનના પરવાના રદ

(એજન્સી) શહેરા | તા.07

પંચમહાલ જીલ્લા પુરવઠા વિભાગે અનાજ વિતરણ વ્યવસ્થામાં ગેરરીતિ આચરનાર સસ્તા અનાજના દુકાનદારો સામે સપાટો બોલાવ્યો છે. જિલ્લાની ૧૪ સસ્તા અનાજની દુકાનના પરવાના કાયમી રદ કર્યા જ્યારે ૬ સસ્તા અનાજની દુકાનનો પરવાનો ૯૦ દિવસ માટે મોકૂફ કરાયો હતો.રદ અને મોકુફ કરાયેલી તમામ દુકાનદારોને રૂ.૩૨.૬૧ લાખથી વધુનો દંડ ફટકાર્યો કર્યો હતો. પંચમહાલ જિલ્લામાં ગરીબ લાભાર્થીઓના હક્કનું અનાજ બારોબારો વેચી કાળા બજારી કરનાર અને અનાજ વિતરણ વ્યવસ્થામાં ગેરરીતી આચરનાર સસ્તા અનાજના દુકાનદારો સામે જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા ફરી એકવાર લાલઆંખ કરી કડક કાર્યવાહી કરવામાં આવી છે. થોડા સમય પહેલાં જિલ્લા પુરવઠા અધિકારી તથા પુરવઠા વિભાગની ટીમ દ્વારા શહેરા અને મોરવાહડફ સહિત જિલ્લાના અલગ અલગ તાલુકામાં આવેલી સસ્તા અનાજની દુકાનોમાં આકસ્મિક તપાસ કરતા કેટલીક સસ્તા અનાજની દુકાનોમાં ઘઉં,ચોખા અને ખાંડ સહિતની વધઘટ અને અન્ય કેટલીક ક્ષતિઓ જણાઈ આવતા અનાજ વિતરણ વ્યવસ્થામાં ગંભીર પ્રકારની ગેરરીતીઓ સામે આવી હતી. જેને લઈ હવે પુરવઠા વિભાગ દ્વારા જીલ્લાની ૧૪ જેટલી સરકારી સસ્તા અનાજની દુકાનોના પરવાના કાયમી રદ કરી દીધા છે,જ્યારે ૬ જેટલી સસ્તા અનાજની દુકાનના પરવાના ૯૦ દિવસ માટે મોકૂફ કરી કડક કાર્યવાહી કરી છે.જીલ્લાની સસ્તા અનાજની દુકાનોના પરવાના રદ અને મોકૂફ કરાયેલ સસ્તા અનાજની દુકાનના સંચાલકોને કુલ રૂ.૩૨,૬૧,૫૮૧ નો દંડ વસુલતી નોટીસ આપી છે. (૧) મહેન્દ્ર બેલદાર - કાલોલ, તા. કાલોલ(૨) ડી.એમ.જશવાણી - વેજલપુર, તા.કાલોલ(૩) અલ્પેશ જોષી - કાલોલ,તા. કાલોલ(૪) સતીષકુમાર છગનભાઈ પરમાર - નાંદરખા, તા.કાલોલ (૫) જે.આર.રાઠોડ - અંબાલા,તા.કાલોલ (૬) આર.એલ.નાયકા - ખરેડીયા,તા.શહેરા(૭) જીજ્ઞોશ કાન્તિભાઈ આહીર - ભેંસાલ, તા.શહેરા(૮) એન.એસ. સોલંકી - વાંટાવછોડા,તા. શહેરા(૯) નટવરભાઈ ભારતભાઈ પટેલીયા - ખરોલી, તા.શહેરા(૧૦) અતુલકુમાર રમણભાઈ બારીઆ - ખેડાપા ન.વ. વાડોદર, તા.મોરવા(હ) (૧૧) અખમભાઈ સામતભાઈ પટેલ - નાટાપુર, તા.મોરવા (હ) (૧૨) મુકેશભાઈ અર્જુનભાઈ પટેલ - મોરડુંગરા,ગોધરા ગ્રામ્ય(૧૩) અઝીઝ સાદીક વાવકુંડલીવાલા - તા.પાદેડી,તા.ઘોઘંબા(૧૪) વિક્રમભાઈ બારીઆ - ડુમા,તા. જાંબુઘોડા

### વૃધ્ધાની સાથે જઇ રહેલા પૌત્ર અને પૌત્રીને પણ ઇજા

## કદવાલ ગામે દુધ ભરવા જતી વૃદ્ધાનું બાઈકની અડફેટે મોત




(એજન્સી) પાવીજેતપુર | તા. 07

તા.૧ નવેમ્બરની સાંજે ૬.૩૦ વાગ્યે દાદી લખીબેન (ઉ.વ.૬૪) તથા તેમની સાથે પૌત્રી નેહલબેન તથા પૌત્ર આયુશભાઈ (ઉ.વ.૪) નાની ખાંડી દુધ ડેરી ઉપર દૂધ ભરવા માટે ચાલતા ચાલતા જતા હતા. તે સમયે ફળીયાના હનુમાનદાદાના મંદિર નજીક જતા મોટર સાયકલના ચાલક પાછળથી અથાડી દેતા લખીબેન તથા નેહલબેનને ઈજા થઇ હતી. ખાનગી વાહનમાં બેસાડી કદવાલ સરકારી દવાખાને લઈ ગયેલા ત્યાં ફરજ પરના ડોકટરે લખીબેનની સારવાર કરતા જણાવેલું કે બંને હાથોમાં ફ્રેકચર થયેલું છે. છોકરી નેહલબેનને માથાના ભાગે વાગેલું છે તેમ જણાવેલું અને લખીબેનને ઈજા વધુ હોવાથી વધુ સારવાર માટે એસએસજી હોસ્પિટલ વડોદરા ખાતે રીફર કરવામાં આવ્યા હતા. એસએસજી હોસ્પિટલ વડોદરા ખાતે લઈ જતાં હતા અને સંખેડા નજીક પહોંચતા તેઓનું રસ્તામા જ મોત થયું હતું. બાઈક ચાલક પોતાની બાઈક ત્યાં જ ફેંકી નાસી ગયો હતો. જેના વિરૂધ્ધ કદવાલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ફોર વ્હીલ ગાડી પસાર થાય તેવું પણ ડાયવર્ઝન બનાવવાની વ્યવસ્થા થાય તેવી માંગ

## જનતા ડાયવર્ઝનને રિપેર કરી ટુ વ્હીલ પસાર થાય તેવું આયોજન કરાયું

(એજન્સી) પાવીજેતપુર | તા. 07



પાવીજેતપુર નજીક બનાવેલા તૂટેલા જનતા ડાયવર્ઝનને રાત્રે રિપેર કરી બે બાઈક પસાર થાય તેવું આયોજન કરી દીધું છે. હવે ફોરવીલ પણ પસાર થાય તેવું આયોજન કરે તેવી આશા જનતા ડાયવર્ઝન બનાવનાર અગ્રણીઓ પાસે લગાવીને લોકો બેઠા છે. પાવીજેતપુર નજીક ભારજ બ્રિજ પાસે ૫૨ જેટલી પાઈપોનો ઉપયોગ કરી જનતા ડાયવર્ઝન બનાવી દેવામાં આવ્યું હતું. જે ખૂબ જ છોટાઉદેપુર જિલ્લા ની જનતા માટે ઉપયોગી સાબિત થતું હતું. પરંતુ ધનતેરસના દિવસે ડેમમાંથી પાણી છોડવામાં આવતા જનતા ડાયવર્ઝનની પાઈપો બેસી જતા ડાયવર્ઝન ઉપરથી વાહનોને પસાર કરવાના બંધ કરવાની ફરજ પડી હતી.પાઈપો બેસી જતા ખૂબ જ જોખમી ડાયવર્ઝન બની ગયું હતું. આ રસ્તા સિવાય બીજો કોઈ જ ટૂંકો વિકલ્પ ન હોવાના કારણે બાઈક ચાલકો પોતાના જોખમે આ ડાયવર્ઝન ઉપરથી પસાર થઈ રહ્યા હતા. ડબલ સવારી હોય તો એક સવારીને ઉતારી દેતા તેમજ ઘણીવાર તો પોતે પણ ઉતરી જઈ ગાડીને એ ડાયવર્ઝન ઉપરથી પસાર કરતા લોકો નજરે પડતા હતા. જનતા ત્રાસી જતા ગત મોડી રાત્રે એનું રીપેરીંગ કામ કરી દેતા બે બાઈકો આમને સામને થી પસાર થઈ શકે તેવું આયોજન કરી લેવામાં આવ્યું છે જેનાથી જનતામાં આનંદની લાગણી જોવા મળી રહી છે. સાથે જનતા ડાયવર્ઝન બનાવવામાં મદદરૂપ થયા છે.

## નડિયાદ પશ્ચિમમાં વાસણના વેપારી સાથે અડધા લાખ રૂપિયાની છેતરપિંડી

નડિયાદ | નડિયાદ પશ્ચિમના વાસણના વેપારીને લીંક મોકલી બેંક ખાતામાં પૈસા ટ્રાન્સફર કરાવી ફાયદો કરાવવાની લાલચ આપી ગઠીયાએ રૂ.૫૦,૦૦૦ની છેતરપિંડી કરી હતી. આ બનાવ સંદર્ભે છેતરપિંડીનો ભોગ બનેલા વ્યાપારીએ નડિયાદ પશ્ચિમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. નડિયાદ પશ્ચિમમાં ચેતન્ય દીપ સોસાયટીમાં રહેતા નારાયણ સુખલાલ ભૈરવનાથ વાસણ ભંડારની દુકાન ચલાવે છે. તેમના મોબાઈલ ઉપર તા.૨૫/૧૦/૨૪ના રોજ હેલજ બર્ગ ડાયમંડ જ્વેલરી નામની લિંક આવી હતી. આ લીંક ખોલતાં મેસેજમાં તેઓના એકાઉન્ટમાંથી પૈસા ટ્રાન્સફર કરાવી ફાયદો કરવાની લાલચ ચાપી હતી. જેથી વાસણના વ્યાપારીએ પોતાના એકાઉન્ટમાંથી રૂ.૧૦,૫૦૦ ટ્રાન્સફર કર્યા હતા. તેની સામે ગઠિયાએ રૂ.૧૪,૫૦૦ ફાયદા સાથે પરત ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ બીજા દિવસે બંધન બેન્કના એકાઉન્ટમાં રૂ.૧૦,૫૦૦ ટ્રાન્સફર કરાવી રૂ.૨૫,૩૦૦ પરત ટ્રાન્સફર કર્યા હતા. આમ રૂ.૪૬,૯૨૬ ફાયદા સાથે ટ્રાન્સફર કરાવ્યા હતા. બાદમાં તા.૨૭ મીએ રૂ.૧૦,૫૦૦ની સામે રૂ.૧૬,૮૯૭ ટ્રાન્સફર કર્યા હતા. ત્યાર બાદ તા.૨૮મીએ રૂ.૫૦,૦૦૦ ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં રૂ.૧,૨૮,૨૨૬ નાખો તો ૮ ગણી રકમ પરત ટ્રાન્સફર કરવાની લાલચ આપી હતી.

## પીપરીયા ગામના નર્મદા નદી કિનારે જુગાર રમતા 6 જુગારી ઝડપાયા

રાજપીપળા | ગરુડેશ્વર તાલુકામાં આવેલા પીપરીયા ગામમાં જુગાર રમતા જુગારીઓ ને પોલીસે ઝડપી ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. ગરુડેશ્વર પોલીસે ચેકીંગ દરમિયાન મોટા પીપરીયા ગામના નર્મદા નદીના કિનારા બાજુ આવેલ ખેતર પાસે લાકડાનો માળો બનાવી કેટલાક ઇસમો મોબાઇલની લાઇટના અજવાળે પત્તા પાનાનો પૈસાનો હાર જીત નો જુગાર રમી રમાડતા (૧) વર્ષદભાઇ રસીકભાઇ તડવી ઉ.વ.૨૨ રહે. મોટા પીપરીયા મંદિર ફળીયુ તા. ગરુડેશ્વર જિ- નર્મદા (૨) વિજય કરશનભાઇ તડવી ઉ.વ. ૩૦ રહે. મોટા પીપરીયા દુકાન ફળીયુ તા. ગરુડેશ્વર જિલ્લો-નર્મદા (૩) ભાનુભાઇ બામણજીભાઇ તડવી ઉ.વ. ૩૫ રહે.મોટા પીપરીયા દુકાન ફળીયુ તા.ગરુડેશ્વર જિલ્લો-નર્મદા (૪) દિપકભાઇ કુવેરભાઇ તડવી ઉ.વ.૪૨ રહે. મોટા પીપરીયા રોડ ફળીયુ તા. ગરુડેશ્વર જિલ્લો-નર્મદા (૫) અરવિંદ ભાઇ ભગવાનભાઇ તડવી ઉ.વ.૫૫ રહે.મોટા પીપરીયા મંદિર ફળીયુ તા.ગરુડેશ્વર જિ-નર્મદા નાઓ પકડાઇ ગયા હોય તેઓની અંગ ઝડતી દરમ્યાન રોકડા રૂ.૧૮૫૦ તથા દાવ ઉપરના રૂ.૧૪૬૦ મળી કુલ રોકડા રૂ.૩૩૧૦ તથા મોબાઇલ નંગ-૦૩ જેની રૂ.૬૫૦૦ તથા મો.સા. નંગ-૦૩ જેની રૂ.૪૫,૦૦૦ મળી કુલ રૂ.૫૪.૮૧૦ મુદ્દામાલ સાથે રેઇડ દરમ્યાન પકડાઇ જઇ તથા મહેશ ભાઇ ઉર્ફે મુન્નો સુમનભાઇ તડવી રહે. મોટા પીપરીયા તા.ગરુડેશ્વર જિ-નર્મદાભાગી જતાં પોલીસે તેને પણ પકડી તમામ સામે કાયદેસર કાર્યવાહી કરી છે.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
ગરદન -કમરમાં સતત દુખાવાથી તમે પીડાવ એવી શક્યતા છે. જો આ દુખાવા સાથે તમે સામાન્ય નબળાઈ પણ અનુભવતા હો તો તેની અવગણના કરશો નહીં.

**વૃષભ (બ,વ,ઉ)**
સફળતા મેળવવા માટે-સમય સાથે તમારા વિચારો બદલો. આ બાબત તમારા દૃષ્ટિકોણને વ્યાપક બનાવશે- તમારા વ્યકતિત્વને સુધારશે.

**મિથુન (ક,છ,ઘ)**
તમારો નિખાલસ તથા નિર્ભિક મત તમારા મિત્રના અહંકારને ઠેસ પહોંચાડી શકે છે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે.

**કર્ક (ડ,હ)**
તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સાચી સમજ છે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે.

**સિંહ (મ,ટ)**
સારૂં સ્વાસ્થ્ય તમને કશુંક અસાધારણ કરવાની ક્ષમતા આપશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો.

**કન્યા (પ,ઠ,ણ)**
એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો.

**તુલા (ર,ત)**
સુસુપ્ત પડી રહેલી સમસ્યાઓ માથું ઊંચકશે અને પોતાની સાથે માનસિક તાણ લાવશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે.

**વૃશ્ચિક (ન,ય)**
તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ.

**ધન (ભ,ધ,ફ)**
તમારા જેવા જ રસના વિષયો ધરાવતા લોકો સાથે તમે સંપર્કમાં આવો એવી પ્રવૃત્તિઓમાં તમારે સામેલ થવું જોઈએ.

**મકર (ખ,જ)**
બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દૃઢતા બક્ષશે.

**કુંભ (ગ,શ,સ)**
જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે.

**મીન (દ,ચ,ઝ,થ)**
યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે.

# ક્રેડિટ કાર્ડ દ્વારા બેફામ આર્થિક વહેવારો કરતાં ચેતજો, IT વિભાગ ટેક્સ લાગુ કરી નોટિસ મોકલી શકે

(એજન્સી) મુંબઈ | તા 07

પરમેનન્ટ એકાઉન્ટ નંબર સાથે જોડાયેલા ક્રેડિટ કાર્ડ પર કરવામાં આવતા દરેક આર્થિક વહેવારો પર આવકવેરા ખાતાના અધિકારીઓની સતત નજર રહેતી હોવાથી ક્રેડિટ કાર્ડ પર બેફામ ખર્ચ કરનારાઓએ ચેતતા રહેવાની જરૂરી છે. કેટલીકવાર આવકવેરા અધિકારીઓ ક્રેડિટ કાર્ડ પર કરેલી ખરીદીની રકમ પર આવકવેરો લાગુ કરી દે છે. આમ ક્રેડિટ કાર્ડના માધ્યમથી કરવામાં આવેલી ઊંચા મૂલ્યની ખરીદીની વિગતો કરદાતા તેના ઈન્કમટેક્સના રિટર્નમાં ન દર્શાવવામાં આવે તો કરદાતાની તકલીફમાં વધારો થઈ શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો ક્રેડિટ કાર્ડના માધ્યમથી ઊંચા મૂલ્યના આર્થિક વહેવારો કરવામાં આવે તો કરદાતાની વેરાની જવાબદારી વધી શકે છે. ક્રેડિટ કાર્ડ પર કરેલા ખર્ચાઓ અને તમે જાહેર કરેલી તમારી વાર્ષિક આવક વચ્ચે સમાનતા હોવી જરૂરી છે. આવકવેરાનું રિટર્ન ફાઈલ કરતી વેળાએ કરદાતાએ તેના ક્રેડિટ કાર્ડના દરેક ખર્ચાઓની વ્યવસ્થિત વિગતો તેના રિટર્નમાં દર્શાવવી જરૂરી છે. ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને કરેલો ખર્ચ રૂ. 1 લાખ કે રૂ. 10 લાખથી વધી જાય તેના પર આવકવેરા ખાતું ખાસ નજર રાખે છે. આ ખર્ચાઓ પર દેખરેખ રાખતી સિસ્ટમ તેની પાસે મોજૂદ છે. બેન્કોને, પોસ્ટ ઓફિસને કે પછી કંપનીઓને ક્રેડિટ કાર્ડથી મોટી રકમના આર્થિક વહેવારો થાય તેવા દરેક કિસ્સાઓની વિગતો આવકવેરા ખાતાને આપી દેવાની સૂચના આપી દેવામાં આવી છે. તેને માટે અલગથી ફોર્મ 61-એ તૈયાર કરવામાં આવ્યું છે. આ ફોર્મ ક્રેડિટ કાર્ડ પર કરેલા મોટા ખર્ચાઓની વિગતો આપવા માટે ભરવું ફરજિયાત છે. આ વિગતો જે તે ક્રેડિટ કાર્ડ ધારક તેના આવકવેરાના રિટર્નમાં દર્શાવે છે કે નહિ તેના પર આવકવેરા ખાતું સતત નજર માંડીને બેસી રહે છે. આ ખર્ચાઓ આવકવેરાના રિટર્નમાં ન દર્શાવવામાં આવે તો આવકવેરા અધિકારીઓ તે વ્યક્તિના રિટર્નની વધુ બારીકાઈથી ચકાસણી કરે છે. આમ તો પહેલી જૂન 2020થી ક્રેડિટ કાર્ડ પર કરવામાં આવેલા ઊંચા મૂલ્યના આર્થિક વહેવારો કરદાતાના વાર્ષિક ખર્ચના સ્ટેટમેન્ટ 26-એએસમાં રિફ્લેક્ટ થાય જ છે. તેનો ઉપયોગ કરીને હવે આવકવેરા અધિકારીઓ તે વિગતો કરદાતાના રિટર્નમાં રિફ્લેક્ટ થાય છે કે નહિ તેની કવાયત કરી રહ્યું છે. તેને આધારે કરદાતાઓને નોટિસ પણ પાઠવવામાં આવી રહી છે. 26-એએસમાં રિફ્લેક્ટ થતી માહિતી કરદાતાના રિટર્નમાં રિફ્લેક્ટ ન થતી હોવાનું જણાય ત્યારે તેને આ નોટિસ આપવામાં આવે છે. હા, આવકવેરાનું રિટર્ન ફાઈલ કરીને આ વિગતો ન છુપાવનારાઓને નોટિસ મળવાની સંભાવના ઓછી થઈ જાય છે. હા, કરદાતાની કુલ આવક જ 10 લાખ હોય અને તેનો ક્રેડિટ કાર્ડનો ખર્ચ જ વરસે દહાડે રૂ. 12થી 15 લાખનો થતો હોય તો તેવા સંજોગોમાં પણ આવકવેરા ખાતું કરદાતાને નોટિસ પાઠવી દે છે. આ સંજોગોમાં વેરાની જવાબદારીમાંથી બચવા માટે ક્રેડિટ કાર્ડ ધારકે કોને માટે તે ખરીદી કરી તેની વિગતો આવકવેરા ખાતાને આપવાની રહે છે. આ વિગતો સંતોષજનક લાગે તો તેવા કિસ્સાઓમાં આવકવેરા અધિકારીઓ નોટિસ આપ્યા પછી વેરાની ડીમાન્ડ ઊભી કરતાં નથી. પરંતુ તેમાં કરદાતા નિષ્ફળ જાય તો તેને માથે વેરાની જવાબદારી આવી શકે છે.

# મોંઘવારી સામે લડવા કેન્દ્ર સરકારનો જોરદાર પ્લાન! ફરી સસ્તા દરે વહેંચશે લોટ અને ચોખા

(એજન્સી) મુંબઈ | તા 07



કેન્દ્ર સરકારે મધ્યમ અને નિમ્ન વર્ગના લોકોને મોંઘવારીમાં રાહત આપવા ચાલુ કરેલી સસ્તા દરે અનાજ પ્રદાન કરવાની સ્કીમનો બીજો તબક્કો શરૂ થઈ ચૂક્યો છે. જેમાં તે 'ભારત' બ્રાન્ડ હેઠળ સસ્તા દરે ઘઉંનો લોટ અને ચોખાનું વિતરણ કરશે. આ સિવાય દાળ, અને ડુંગળીનું વિત્તરણ પણ કરવામાં આવે છે. આજથી શરૂ થયેલા આ બીજા તબક્કામાં સહકારી સમિતિઓ નાફેડ (NAFED), ભારતીય રાષ્ટ્રીય સહકારી ઉપભોક્તા સંઘ (NCCF), કેન્દ્રીય ભંડાર અને ઈ-કોમર્સ વેબસાઈટ્સ મારફત 30 રૂપિયે કિલો ઘઉંનો લોટ અને રૂ. 34 પ્રતિ કિગ્રાના દરે પાંચથી દસ કિગ્રાના પેકેટમાં ચોખા વેચવામાં આવશે. ગ્રાહકો ઉપરોક્ત દર્શાવવામાં આવેલા સમિતિઓના સ્ટોર અને મોબાઈલ વાન પરથી સસ્તા દરે ખરીદી કરી શકશે. સરકારે બીજા તબક્કામાં ખાદ્ય નિગમ મારફત 3.69 લાખ ટન ઘઉં અને 2.91 લાખ ચોખાનું સસ્તા દરે વિત્તરણ કરશે. જેમાં ચોખાની કિંમત રૂ. 34 પ્રતિ કિગ્રા છે. આ અંગે ગ્રાહક બાબતોના મંત્રી પ્રહલાદ વી. જોષીએ જણાવ્યું હતું કે, જ્યાં સુધી ફાળવવામાં આવેલો ભંડાર પૂર્ણ ન થાય ત્યાં સુધી આ વિત્તરણ ચાલુ રહેશે. અમારી પાસે પર્યાપ્ત પુરવઠો છે, જેનું અમે પુનઃ વિત્તરણ કરીશું. આ સ્કીમનો ઉદેશ ગ્રાહકોને રાહત આપવા અને બજારની કિંમતોને નિયંત્રિત કરવાનો છે. કેન્દ્ર સરકારે ફુગાવાને ધ્યાનમાં લેતાં બીજા તબક્કામાં સસ્તા દરે અનાજ આપવાના ભાવમાં ફેરફાર કર્યો છે. અગાઉ પ્રથમ તબક્કામાં ઘઉંનો લોટ રૂ. 27.5 પ્રતિ કિગ્રા અને ચોખા રૂ. 29 પ્રતિ કિગ્રાના ભાવે વેચી હતી. જેનો ભાવ વધી ક્રમશઃ રૂ. 30 પ્રતિ કિગ્રા અને રૂ. 34 પ્રતિ કિગ્રા કરવામાં આવ્યો છે. ગતવર્ષે ઓક્ટોબર, 2023થી માંડી 30 જૂન, 2024 દરમિયાન આયોજિત પ્રથમ ચરણમાં 15.20 લાખ ટન ઘઉંનો લોટ અને 14.58 લાખ ટન ચોખાનું વિત્તરણ સસ્તા દરે કરવામાં આવ્યું હતું. સરકારના સતત હસ્તક્ષેપથી પર્યાપ્ત પુરવઠો ઉપલબ્ધ રહેવાના આશાવાદ સાથે જોષીએ ભવિષ્યમાં પણ આ યોજનાનો લાભ લોકો સુધી પહોંચાડવાની ખાતરી આપી છે.

**NEWS BRIEF**

## એવીપી ઈન્ફ્રાકોને નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિકના ચોખ્ખા નફામાં મજબૂત 75% વૃદ્ધિ નોંધાવી

મુંબઈ । એવીપી ઈન્ફ્રાકોન લિમિટેડ (NSE: AVPINFRA), એક બહુમુખી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફર્મ છે, જે બહુવિધ ડોમેન્સ પર નાગરિક સુવિધાઓ, વાણિજ્યિક અને રહેણાંક પ્રોજેક્ટ્સના નિર્માણમાં નિપુણ અમલ માટે જાણીતી છે, જે પ્રોજેક્ટ્સની વિભાવનાથી લઈને પૂર્ણ થવા સુધીનું સંચાલન કરે છે, તેણે નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિક માટેના તેના અનઓડિટેડ નાણાકીય અહેવાલ આપ્યા છે. પ્રદર્શન અંગે ટિપ્પણી કરતાં એવીપી ઈન્ફ્રાકોન લિમિટેડના એમડી શ્રી પ્રસન્ના ધંદયુથાપાનીએ જણાવ્યું, "અમને નાણાકીય વર્ષ 25ના પ્રથમ છ મહિનામાં મજબૂત વૃદ્ધિની જાણ કરવામાં આનંદ થઈ રહ્યો છે, જે કેટલાંક મોટા પ્રોજેક્ટ્સ મેળવવા અને નક્કર કાર્યકારી પ્રદર્શનથી પ્રેરિત છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને સીડીઆર એન્ડ કંપની કન્સ્ટ્રક્શન્સ તરફથી પ્રાપ્ત કરાયેલા નવા કોન્ટ્રાક્ટ્સે અમારી ગતિમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. આ પ્રોજેક્ટ્સ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અમારી મુખ્ય શક્તિઓ સાથે સંરેખિત થાય છે અને અમારા પ્રોજેક્ટ પોર્ટફોલિયોને વધુ વૈવિધ્ય બનાવે છે.અમે હવે અમારી વૃદ્ધિની સંભાવનાઓને વધારીને આગામી વર્ષોમાં વધુ પ્રોજેક્ટ્સ માટે બિડ કરવા માટે સારી સ્થિતિમાં છીએ. એવીપી આરએમસીમાં અમારી 90% માલિકીથી તે વધુ મજબૂત બની ગઈ છે, જેનો તિરૂપુર જિલ્લામાં નવ- ઉદ્ઘાટિત પ્લાન્ટ વધતી પ્રાદેશિક માંગને પહોંચી વળશે અને કાર્યકારી કાર્યક્ષમતામાં સુધારો કરશે.

## સેન્સેક્સ 836 પોઈન્ટ્સ ઘટીને 79,541 પર બંધ : નિફ્ટી પણ 284 પોઈન્ટ ઘટ્યો

મુંબઈ | સેન્સેક્સ 836 પોઈન્ટના ઘટાડા સાથે 79,541 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 284 પોઈન્ટ ઘટીને 24,199ના સ્તરે બંધ રહ્યો હતો. સેન્સેક્સના 30 શેરોમાંથી 29 ઘટ્યા અને 1 વધ્યો. નિફ્ટીના 50 શેરોમાંથી 46 ઘટ્યા અને 4 વધ્યા. NSEના તમામ ક્ષેત્રીય સૂચકાંકો ઘટાડા સાથે બંધ થયા છે. મેટલ સેક્ટરમાં સૌથી વધુ 2.73%નો ઘટાડો જોવા મળ્યો હતો. એશિયન માર્કેટમાં જાપાનનો નિક્કેઈ 0.40% ડાઉન છે. જ્યારે કોરિયાનો કોસ્પી 0.18% અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 0.79% વધીને ટ્રેડ કરી રહ્યો છે. નવેમ્બરે અમેરિકાનો ડાઉ જોન્સ 3.57% વધીને 43,729 પર બંધ થયો અને S&P 500 2.53% વધીને 5,929 પર બંધ થયો. NASDAQ 2.95% વધીને 18,983 થયો. NSE ડેટા અનુસાર, વિદેશી રોકાણકારો (FIIS)એ 6 નવેમ્બરે 4,445.59 કરોડના શેર વેચ્યા હતા. આ સમયગાળા દરમિયાન, સ્થાનિક રોકાણકારો (DIIS)એ 4,889.33 કરોડના શેર ખરીદ્યા હતા. નિવા બુપા હેલ્થ ઈન્સ્યોરન્સનો આઈપીઓ ખુલ્યો ખાનગી આરોગ્ય વીમા કંપની નિવા બુપા હેલ્થ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડનો IPO આજથી (7 નવેમ્બર) શરૂ થયો છે. રોકાણકારો આ ઈસ્યુ માટે 11 નવેમ્બર સુધી બિડ કરી શકે છે. કંપનીના શેર 14 નવેમ્બરે બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર લિસ્ટ થશે.

## ખોટમાંથી નફામાં આવી ટાટાની આ દિગ્ગજ કંપની, 153 પર પહોંચ્યો ભાવ

મુંબઈ । ટાટાની આ કંપનીએ આજે 06 નવેમ્બરના રોજ તેના સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. ટાટાની આ કંપનીએ સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ખોટમાંથી નફામાં ફેરવાઈ છે. કંપનીએ બુધવારે સપ્ટેમ્બર 2024ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ. 833 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો, જ્યારે ગયા વર્ષના ત્રિમાસિક ગાળામાં રૂ. 6196 કરોડની ખોટ હતી. ખર્ચ ઘટવાને કારણે કંપની નફામાં પાછી ફરી છે. આજે શેરમાં 1% થી વધુનો ઉછાળો હતો. હવે આવતીકાલે ગુરુવારે ટ્રેડિંગ દરમિયાન શેર ફોકસમાં રહી શકે છે. સમીક્ષા હેઠળના સમયગાળામાં કામગીરીની આવક વાર્ષિક ધોરણે 3% ઘટીને રૂ. 53,905 કરોડ થઈ હતી. સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન કંપનીની કુલ આવક ઘટીને રૂ. 54,503.30 કરોડ થઈ હતી, જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં રૂ. 55,910.16 કરોડ હતી. ટાટા સ્ટીલનો ખર્ચ વાર્ષિક ધોરણે રૂ. 55,853.35 કરોડથી ઘટીને રૂ. 52,331.58 કરોડ થયો છે.

# ઉત્કર્ષ સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડનો પ્રથમ સસ્ટેનેબિલિટી રિપોર્ટ

(એજન્સી) અમદાવાદ । તા. 07

ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડે ગર્વપૂર્વક નાણાકીય વર્ષ 2023-24 માટે તેના ઉદ્ઘાટન સસ્ટેનેબિલિટી રિપોર્ટની જાહેરાત કરી, જે તેની મુખ્ય કામગીરીમાં પર્યાવરણીય, સામાજિક અને ગવર્નન્સ (ESG) સિદ્ધાંતોને એકીકૃત કરવા તરફ બેંકની સફરમાં નોંધપાત્ર સીમાચિહ્નરૂપ છે. "U-SUSTAIN" શીર્ષક ધરાવતો આ વ્યાપક અહેવાલ, ટકાઉ વિકાસ અને જવાબદાર બેન્કિંગને પ્રોત્સાહન આપવા માટે બેન્કની વ્યૂહાત્મક પહેલ અને સિદ્ધિઓને પ્રકાશિત કરે છે. સસ્ટેનેબિલિટી રિપોર્ટની મુખ્ય હાઈલાઈટ્સ: ESG વ્યૂહરચના: બેંકની ESG નીતિ, આબોહવા જોખમ વ્યવસ્થાપન અને ટકાઉ સંસાધન વપરાશની વિગતવાર આંતરદૃષ્ટિ. પર્યાવરણીય પહેલ:ઊર્જા કાર્યક્ષમતા, કચરો વ્યવસ્થાપન અને ગ્રીન ટેક્નોલોજી અપનાવવામાં સિદ્ધિઓ. સામાજિક અસર:નાણાકીય સમાવેશ, સામુદાયિક જોડાણ અને કર્મચારીઓની વિવિધતા અને વિકાસના પ્રયાસો. ગવર્નન્સ:પારદર્શકતા, જવાબદારી અને નૈતિક વ્યાપારી વ્યવહાર સુનિશ્ચિત કરતું મજબૂત શાસન માળખું. સસ્ટેનેબિલિટી રિપોર્ટ પર ટિપ્પણી કરતા, ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડના MD અને CEO શ્રી ગોવિંદ સિંઘે જણાવ્યું હતું કે, "અમે અમારી પ્રથમ સસ્ટેનેબિલિટી રિપોર્ટ રજૂ કરતાં આનંદ અનુભવીએ છીએ, જે ESG સિદ્ધાંતો પ્રત્યેની અમારી અતૂટ પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડમાં, અમે માનીએ છીએ કે ટકાઉ બેંકિંગ એ માત્ર એક જવાબદારી નથી પરંતુ અમારા હિતધારકો માટે લાંબા ગાળાના મૂલ્યનું નિર્માણ કરવાનો માર્ગ છે. આ અહેવાલ અમારા સમયના દબાણયુક્ત પર્યાવરણીય અને સામાજિક પડકારોને સંબોધિત કરતી વખતે એક સ્થિતિસ્થાપક અને સમાવિષ્ટ નાણાકીય ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા માટેના અમારા સમર્પણને પ્રતિબિંબિત કરે છે.

# એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ 2024માં 140 કરોડ ગ્રાહકોએ મુલાકાત લીધી

(એજન્સી) મુંબઈ | તા 07

એમેઝોન ઈન્ડિયાએ આજે જાહેરાત કરી કે આખા મહિના દરમિયાન ચાલતું તેનું એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ (એજીઆઈએફ) 2024, તેના ગ્રાહકો, વિક્રેતાઓ અને બ્રાંડ પાર્ટનર્સ માટે સમગ્ર દેશમાં ખરીદી માટે સૌથી શ્રેષ્ઠ ઉજવણી છે. એજીઆઈએફ 2024 ની શરૂઆત 27મી સપ્ટેમ્બરથી 24 કલાકની પ્રાઈમ અર્લી એક્સેસ સાથે થઈ હતી, જેનાથી ગ્રાહકોને લેપટોપ, ટીવી, સ્માર્ટફોન, ફેશન અને બ્યુટી, હોમ ડેકોર, એપ્લાયન્સિસ, ફર્નિચર અને કરિયાણા જેવી શ્રેણીઓમાં અગ્રણી બ્રાન્ડ્સમાંથી 25,000 થી વધુ નવા લોન્ચ સુધી પહોંચ મળી. એજીઆઈએફ 2024 એ વિક્રેતાઓની સફળતા માટે નવી ઉપલબ્ધીઓ પણ સ્થાપી અને ગયા વર્ષની સરખામણીમાં વિક્રેતાઓમાં 70% વધુનું વેચાણ, એટલે કે એક કરોડનું વેચાણ કર્યું. ઓનલાઈન માર્કેટપ્લેસે તેની ઝડપી ડિલિવરી ક્ષમતાઓને મજબૂત બનાવી છે, જે તે જ અથવા બીજા દિવસે ભારતભરના પ્રાઈમ મેમ્બર્સને 3 કરોડથી વધુ પ્રોડક્ટ્સ ડિલિવરી કરે છે- જે પાછલા વર્ષની સરખામણીમાં 26% નો અદભુત વધારો છે. 'એમેઝોનનો ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ 2024 એ ખરેખર ભારતની સૌથી મોટી શોપિંગ ઈવેન્ટ બની ગઈ છે, જેણે અગાઉના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે.

# ફાઈબરવેબ ઈન્ડિયા લિમિટેડે નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિકમાં ચોખ્ખા નફામાં 192%ની વાર્ષિક વૃદ્ધિ નોંધાવી

(એજન્સી) મુંબઈ | તા 07

ફાઈબરવેબ (ઈન્ડિયા) લિમિટેડ (NSE-FIBERWEB | BSE-507910) જે 100% ઈઓયુ અને નૉન-વૂવન ફેબ્રિક્સના મેન્યૂફેક્ચરર્સ છે, તેણે નૉન-ઓડિટેડ નાણાકીય વર્ષ 25ના બીજા ત્રિમાસિક અને પ્રથમ અર્ધવાર્ષિક માટેના પરિણામ જાહેર કર્યાં છે. નાણાકીય પ્રદર્શન અંગે ટિપ્પણી કરતાં, ફાયબરવેબ (ઈન્ડિયા) લિમિટેડના ડાયરેક્ટર શ્રી ભાવેશ પી શેઠે જણાવ્યું, "અમારૂં નાણાકીય પ્રદર્શન વધુને વધુ ગતિશીલ માર્કેટ લેન્ડસ્કેપમાં અમારી સ્થિતિસ્થાપકતાને રેખાંકિત કરે છે. અમે ખાસ કરીને મેડિકલ અને બિલ્ડિંગ ટેક્નોલોજી ક્ષેત્રોમાં ટેકનિકલ ટેક્ષટાઈલની વધતી જતી માંગનો અસરકારક રીતે લાભ ઉઠાવ્યો છે. ઉલ્લેખનીય રીતે, સંચાલન પ્રવૃત્તિઓમાંથી અમારો રોકડ પ્રવાહ નોંધપાત્ર રીતે વધ્યો છે, જે નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધમાં માત્ર 0.11 કરોડથી વધીને 7.63 કરોડ સુધી પહોંચ્યો છે, જે અમારી કાર્યકારી કાર્યક્ષમતા અને ઉન્નત કાર્યકારી મૂડી વ્યવસ્થાપનનું સ્પષ્ટ સૂચક છે, આ સુધારાએ ચોખ્ખા નફામાં વાર્ષિક ધોરણે 192%નું યોગદાન આપ્યું છે, તેમજ એનપીએમ 12.58% રહ્યું, જે પાછલા વર્ષની સરખામણીમાં ત્રણ ગણો છે. અમારૂં માનવું છે કે અમારી કેન્દ્રિત વ્યૂહરચનાઓ સાથે; અમે અમારા મૂલ્ય દરખાસ્તને વધુ મજબૂત બનાવતા અને ઉત્પાદન વૈવિધ્યકરણ અને બજારના વિસ્તરણ સાથે આવતા વર્ષમાં વધુ મજબૂત કામગીરી માટે અમને સ્થાન અપાવતા ઉપર તરફના વલણ સાથે નફાના માર્જિન જાળવી રાખીશું.' સરખામણીમાં ત્રણ ગણો છે.

# પંજાબ નેશનલ બેંક દ્વારા રાષ્ટ્રવ્યાપી અખંડિતતાના સંકલ્પ સાથે સતર્કતા જાગૃતિ સપ્તાહ 2024ની ઉજવણી

(એજન્સી) નવી દિલ્હી | તા 07




સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC) ના નિર્દેશો અને આ વર્ષની થીમ "રાષ્ટ્રની સમૃદ્ધિ માટે અખંડિતતાની સંસ્કૃતિ" ને અનુરૂપ, દેશની અગ્રણી જાહેર ક્ષેત્રની બેંક, પંજાબ નેશનલ બેંક (PNB) દ્વારા સતર્કતા એટલે કે તકેદારી જાગૃતિ સપ્તાહ 2024 ની ઉજવણી કરવામાં આવી. ઉદ્ઘાટન સમારોહનું આયોજન નવી દિલ્હીના દ્વારકામાં બેંકની કોર્પોરેટ ઓફિસમાં કરવામાં આવ્યું હતું, જ્યાં PNB ના ચેરમેન શ્રી કે. જી. અનંતક્રિષ્નન, PNB ના MD અને CEO શ્રી અતુલ કુમાર ગોયલ, PNB એક્ઝિક્યુટિવ ડિરેક્ટર્સ (ED) - શ્રી એમ. પરમશીવમ અને શ્રી બિભુ પી. મહાપાત્રા, બોર્ડના અન્ય ડિરેક્ટર્સ અને PNB ચીફ વિજિલન્સ ઑફિસર (CVO) શ્રી રાઘવેન્દ્ર કુમારે એકતા અને અખંડિતતાના હિમાયતી તરીકે લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના વારસાનું સન્માન કરવા માટે તેમને શ્રદ્ધાંજલિ અર્પિત કરી. PNB ના MD અને CEO શ્રી અતુલ કુમાર ગોયલે કોર્પોરેટ ઑફિસમાં પોસ્ટ કરાયેલા સ્ટાફ સભ્યોને અખંડિતતાની પ્રતિજ્ઞાનું સંચાલન કર્યું હતું, જેમાં નૈતિક વ્યાપાર પ્રથાઓ અને અખંડિતતા પ્રત્યે બેંકની પ્રતિબદ્ધતા પર ભાર મૂકવામાં આવ્યો હતો. સતર્કતા જાગૃતિ સપ્તાહ દરમિયાન, PNB દ્વારા ભ્રષ્ટાચારના જોખમ વિશે જાગૃતિ લાવવા માટે એક સાયક્લોથોન (સાયકલ રેલી) અને વોકેથોન સહિત અસંખ્ય આઉટરીચ અને જાગૃતિ પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જે બંનેનો શુભારંભ PNB ના CVO શ્રી રાઘવેન્દ્ર કુમારના હસ્તે નવી દિલ્હીમાં બેંકની કોર્પોરેટ ઓફિસમાંથી લીલી ઝંડી બતાવીને કરવામાં આવ્યો હતો. ઉપરાંત સ્થાનિક હોસ્પિટલના સહયોગથી આરોગ્ય તપાસનો શિબિર યોજાયો હતો.

# શેરા એનર્જીએ નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિકમાં કર બાદના નફામાં 57%નો ઉછાળો નોંધાવ્યો

(એજન્સી) મુંબઈ | તા 07

શેરા એનર્જી લિમિટેડ (NSE - SHERA), નોન-ફેરસ મેટલમાંથી બનેલા વાઈન્ડિંગ વાયર અને સ્ટ્રીપ્સના મેન્યૂફેક્ચરિંગના વ્યવસાયમાં રોકાયેલ છે, તેણે નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિક માટેના તેના અનઓડિટેડ નાણાકીય પરિણામોની જાહેરાત કરી છે. પ્રદર્શન અંગે ટિપ્પણી કરતા, શેરા એનર્જી લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી નસીમ શેખે જણાવ્યું, "શેરા એનર્જી ખાતે, નાણાકીય વર્ષ 25નું પ્રથમ અર્ધવાર્ષિક અત્યાર સુધીના સૌથી વધુ ટર્નઓવર, ઝામ્બિયામાં અમારો પ્રથમ આફ્રિકન નિકાસ ઓર્ડર મેળવવો અને અમારી ઉત્પાદન ક્ષમતાના વ્યૂહાત્મક વિસ્તરણ સહિત નોંધપાત્ર સિદ્ધિઓ દ્વારા ચિહ્નિત રહ્યું છે. આ પગલાંઓ ગુણવત્તા અને ટકાઉ વૃદ્ધિ માટે અમારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે, જે અમને ઘરેલૂ અને આંતરરાષ્ટ્રીય બજારોમાં નવી તકો મેળવવા માટે સ્થાન આપે છે. અમારી સંપૂર્ણ માલિકીની પેટાકંપની રાજપુતાના ઈન્ડસ્ટ્રીઝ કે જે હવે સાર્વજનિક લિસ્ટેડ સંસ્થા છે, તે અમારી બજારમાં હાજરીને વધુ મજબૂત બનાવે છે અને અમારા પદચિહ્નને વિસ્તૃત કરે છે. વ્યૂહાત્મક ભાગીદારીના વધતા જતા પોર્ટફોલિયો સાથે, અમે તમામ સેક્ટર અને ભૌગોલિક ક્ષેત્રોમાં ઉભરતી તકોનો લાભ ઉઠાવવા માટે સારી સ્થિતિમાં છીએ. ભાવિ તરફ જોતા, મને શેરા એનર્જીના વિકાસની યાત્રામાં પૂર્ણ વિશ્વાસ છે. અમારૂં વિસ્તરણ, વધેલી ક્ષમતા અને મજબૂત ભાગીદારી વૈશ્વિક નોન-ફેરસ મેટલ્સ ઈન્ડસ્ટ્રીમાં અગ્રણી બનવાના અમારા વિઝનને સમર્થન આપે છે.

# કેશ માર્કેટનું ટ્રેડિંગ વોલ્યુમ એપ્રિલ બાદના નીચલા સ્તરે ઉતરી આવ્યું

મુંબઇ । તા. 07



સેબીની કડકાઈ અને એક બાદ એક ચેતવણી બાદ ઓક્ટોબરમાં રોકડ અને ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ટ્રેડિંગ વોલ્યુમમાં ઘટાડો નોંધાયો છે. બેંચમાર્ક સૂચકાંકોમાં માર્ચ, ૨૦૨૦ પછીનો સૌથી મોટો માસિક ઘટાડો જે મહિને નોંધાયો તે જ મહિને વોલ્યુમમાં ઘટાડો રોકાણકારો સાવધ બન્યા હોવાનો સંકેત છે. એનએસઈ અને બીએસઈ પર કેશ સેગમેન્ટમાં સરેરાશ દૈનિક ટ્રેડિંગ વોલ્યુમ ૧૨.૪ ટકા ઘટીને રૂ. ૧.૧૪ લાખ કરોડ થયું છે. એપ્રિલ મહિના બાદનું આ સૌથી નીચલું સ્તર છે. જૂનમાં રૂ. ૧.૬૫ લાખ કરોડની ઊંચી સપાટીએ પહોંચ્યા પછી રોકડમાં સરેરાશ દૈનિક ટ્રેડિંગ વોલ્યુમ ૩૦ ટકાથી વધુ ઘટી ગયું છે. ઈન્ટ્રાડે ટ્રેડિંગ સાથે સંકળાયેલા જોખમો અંગે સેબીની ચેતવણી બાદ કેશ સેગમેન્ટના વોલ્યુમમાં આ ઘટાડો થયો છે. જુલાઈમાં સેબીના અભ્યાસમાં દર્શાવવામાં આવ્યું હતું કે ૭૧ ટકા ઈન્ટ્રાડે સોદામાં નુકસાન થયું હતું. ઓક્ટોબરમાં નિફ્ટી ૬.૨૨ ટકા તો નિફ્ટી મિડકેપ ૧૦૦ અને સ્મોલકેપ ૧૦૦ અનુક્રમે ૬.૭ ટકા અને ૩ ટકા ઘટયા હતા. અનેક શેરમાં મસમોટું ધોવાણ જોવા મળતા અનેક રોકાણકારોએ ટ્રેડિંગ એક્ટિવિટીઓ બંધ કરી દીધી હતી.ફ્યુચર્સ અને ઓપ્શન્સ સેગમેન્ટમાં પણ સરેરાશ દૈનિક ટ્રેડિંગ વોલ્યુમ ૩.૫ ટકા ઘટીને રૂ. ૫૧૮ લાખ કરોડ થયું છે. ડેરિવેટિવ્ઝ વોલ્યુમ્સ સપ્ટેમ્બરની ટોચેથી સામાન્ય જ ઘટયું છે, પરંતુ આગામી મહિનામાં ૨૦થી ૩૦ ટકા સુધી ઘટવાની શક્યતા છે કારણકે ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ પર સેબીના કડક નિયમો હવે અમલમાં આવશે. ૨૦ નવેમ્બરથી એનએસઈ અને બીએસઈ એક્સચેન્જ પર એક જ ઈન્ડેક્સમાં સાપ્તાહિક એક્સપાયરીની મંજૂરી છે. બંને એક્સચેન્જોએ નિફ્ટી બેન્ક, નિફ્ટી મિડકેપ સિલેક્ટ, નિફ્ટી ફાઈનાન્સિયલ સર્વિસિસ અને બીએસઈ બેન્કેક્સના સાપ્તાહિક ડેરિવેટિવ કોન્ટ્રાક્ટ્સ બંધ કરવાની જાહેરાત કરી છે. આ સિવાય ઈન્ડેક્સ ડેરિવેટિવ્ઝ માટે કોન્ટ્રાક્ટનું કદ પણ ત્રણ ગણું થઈ રહ્યું છે. આ સિવાય ઓપ્શન પ્રીમિયમનું એડવાન્સ કલેક્શન અને પોઝિશન લિમિટનું ઈન્ટ્રાડે મોનિટરિંગ આવતા વર્ષથી અમલમાં આવતા વાયદા બજારમાં થઈ રહેલા ગાંડાતૂર સોદા પર અંકુશ લાગશે.

# દેશની 15 મોટી બેન્કોનું થશે મર્જર

(એજન્સી) મુંબઈ | તા 07

નાણા મંત્રાલયે પ્રાદેશિક ગ્રામીણ બેન્કો (RRBs)ના મર્જરના ચોથા તબક્કાની શરૂઆત કરી છે, જેના કારણે આવી બેન્કોની સંખ્યા હાલમાં 43થી ઘટીને 28 થવાની સંભાવના છે. નાણા મંત્રાલય દ્વારા તૈયાર કરવામાં આવેલી બ્લુપ્રિન્ટ મુજબ વિવિધ રાજ્યોની 15 પ્રાદેશિક ગ્રામીણ બેન્કોને મર્જ કરવામાં આવશે. જેમાં આંધ્રપ્રદેશ (ચાર RBIની મહત્તમ સંખ્યા છે), ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાળ (ત્રણ પ્રત્યેક) અને બિહાર, ગુજરાત, જમ્મુ અને કાશ્મીર, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા અને રાજસ્થાન (દરેક બે)માં મર્જર કરવામાં આવશે. તેલંગાણાના કિસ્સામાં પ્રાદેશિક ગ્રામીણ બેન્કોનું વિલીનીકરણ આંધ્રપ્રદેશ ગ્રામીણ વિકાસ બેન્ક (APGVB)ની સંપત્તિ અને જવાબદારીઓનું APGVB અને તેલંગાણા ગ્રામીણા બેન્ક વચ્ચે વિભાજનને આધીન રહેશે. કાર્યક્ષમતા અને ખર્ચ તર્કસંગતતાના લાભો પ્રદાન કરવા માટે પ્રાદેશિક ગ્રામીણ બેન્કોના વધુ એકીકરણની જરૂરિયાત અનુભવાઈ રહી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, વધુ એકીકરણ માટે નેશનલ બેન્ક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ) સાથે પરામર્શ કરીને એક બ્લૂ પ્રિન્ટ તૈયાર કરવામાં આવી છે.

# ટ્રમ્પના વિજયથી અમેરિકા સાથે ફરી ટ્રેડ વોરનું ચીનના માથે તોળાતું જોખમ

મુંબઇ । તા. 07



અમેરિકાના ૪૭માં પ્રમુખ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પ હવે નિશ્ચિત બનતા અમેરિકા અને ચીન વચ્ચે ચાર વર્ષના ગાળા બાદ ફરી ટ્રેડ વોર શરૂ થવાની શકયતા જોવાઈ રહી છે. પોતાના ચૂંટણી પ્રચારમાં ડોનાલ્ડ ટ્રમ્પે અનેક વેળા ચીન સામે વેપાર પગલાંની ચીમકી ઉચ્ચારી હતી. ડોનાલ્ડ ટ્રમ્પની આ ચીમકીને જોતા ચીન સામે હવે વેપાર, ટેકનોલોજી તથા સિક્યુરિટીના મુદ્દે જોખમ તોળાઈ રહ્યા છે. તાજેતરના પોતાના રિપોર્ટમાં બાર્કલેસે જણાવ્યું હતું કે, જો ટ્રમ્પ ફરી સત્તા પર આવશે તો, ચીન સાથે સંપૂર્ણ સ્તરની ટ્રેડ વોર જોવા મળશે અને ચીને મોટા રાહત પેકેજ જાહેર કરવાની ફરજ પડશે.

ચીન ખાતેથી અમેરિકામાં થતી નિકાસ પર ૬૦ ટકાથી વધુ ટેરિફસ ઝિંકવાની અને વેપાર માટે ચીનના મોસ્ટ ફેવર્ડ નેશનનો અંત લાવવાની પણ પોતાની દરખાસ્ત હોવાનું ટ્રમ્પે પ્રચારમાં જણાવ્યું હતું. ટેકનોલોજીસ તથા પૂરવઠા સાંકળને વિખૂટા પાડવામાં ટ્રમ્પ ઝડપ કરશે તેવી પણ ચીનને ચિંતા છે. આમ થશે તો ચીનનો આર્થિક વિકાસ દર જોખમમાં મુકાશે એમ એક અન્ય રિપોર્ટમાં તાજેતરમાં જણાવાયું હતું.૨૦૨૩માં ચીન ખાતેથી અમેરિકામાં ૫૦૧.૨૨ અબજ ડોલરના માલસામાનની નિકાસ જોવા મળી હતી. પ્રમુખપદ સંભાળ્યા બાદ ટ્રમ્પની સૂચિત પગલાંને ધ્યાનમાં રાખી ચીનના સત્તાવાળા પોતાના અર્થતંત્રને ટકાવી રાખવા વધુ સ્ટીમ્યુલસ જાહેર કરે તેવી વકી છે. વિદેશી રોકાણકારોને આકર્ષવા ચીન તરફથી આ પગલાં આવવાની શકયતા છે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2081, કારતક સુદ-07**

# આવકારદાયક ચુકાદો

ગતરોજ આવેલ સુપ્રીમ કોર્ટનો ચુકાદો કે સરકાર દરેક ખાનગી સંપત્તિનું અધિગ્રહણ ન કરી શકે, તે માત્ર એટલા માટે ઐતિહાસિક નથી કે તે નવ સદસ્યોની બંધારણીય પીઠ દ્વારા આપવામાં આવ્યો છે, બલ્કે એટલા માટે પણ છે, કારણ કે તેણે એ સમાજવાદી વિચારને અરીસો દેખાડ્યો, જેને સરકારોની નીતિ-રીતિનું અનિવાર્ય અંગ બનાવવાનું દબાણ રહેતું હતું. સ્પષ્ટ છે કે સુપ્રીમ કોર્ટનો આ ફેંસલો એ જડસુ સમાજવાદી અને ડાબેરી વિચારધારા માટે પણ ઝાટકો છે, જે એવો માહોલ બનાવી રહ્યા હતા કે દેશમાં ગરીબી અને અસમાનતા ત્યારે જ દૂર થઈ શકે છે, જ્યારે સરકાર સંપત્તિનું પુન:વિતરણ કરવામાં સક્ષમ હોય અને તેને એ અધિકાર મળે કે તે કોઈની પણ સંપત્તિનું અધિગ્રહણ કરી શકે. સુપ્રીમ કોર્ટે એ સ્પષ્ટ કરી દીધું કે સરકાર એક હદ સુધી જ આવું કરી શકે છે. પોતાના ચુકાદાથી સુપ્રીમ કોર્ટે એક રીતે એ પણ રેખાંકિત કરી દીધું કે કટોકટી સમયે બંધારણની પ્રસ્તાવનામાં સેક્યુલરિઝમની સાથે સમાજવાદ શબ્દ ઘૂસાડીને ભારતીય શાસન વ્યવસ્થામાં જે સમાજવાદી રીતભાતો અપનાવવાનું કામ કરવામાં આવ્યું, તે નિરર્થક હતું. આ નિરર્થકતાને એ લોકો પણ સમજે તો સારું, જેઓ સંપત્તિના સર્જન કરતાં વધુ મહત્ત્વ તેના પુન:વિતરણ કરવાને આપે છે. આ દેશને સમૃદ્ધિ તરફ લઈ જનારો રસ્તો નથી. હોઈ પણ ન શકે, કારણ કે દુનિયાભરનો અનુભવ એ જ દર્શાવે છે કે જે દેશોએ પોતાના લોકોની ભલાઈના નામે અતિવાદી સમાજવાદી રીતભાતો અપનાવી, તે આર્થિક રૂપે મુશ્કેલીમાં જ ઘેરાયા. ખાનગી સંપત્તિ સંબંધી સુપ્રીમ કોર્ટના તાજા ચુકાદાએ લગભગ ચાર દાયકા જૂના એ ચુકાદાને ફગાવી દેવાનું કામ કર્યું, જેમાં કહેવામાં આવ્યું હતું કે તમામ ખાનગી માલિકીનાં સંસાધનોને રાજ્ય દ્વારા અધિગ્રહિત કરી શકાય છે. એ સારું થયું કે સુપ્રીમ કોર્ટે એ સ્પષ્ટ કરવાની આવશ્યકતા માની કે ઉપરોક્ત ચુકાદો એક વિશેષ આર્થિક અને સમાજવાદી વિચારધારાથી પ્રેરિત હતો. તેણે એ પણ રેખાંકિત કર્યું કે છેલ્લા કેટલાક દાયકામાં ગતિશીલ આર્થિક નીતિ અપનાવવાથી જ ભારત દુનિયામાં સૌથી ઝડપથી વધતી અર્થવ્યવસ્થા બન્યું છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાથી એ પણ ખબર પડી રહી છે કે દેશને કોઈ વિશેષ પ્રકારના આર્થિક દર્શનના દાયરામાં રાખવો ઠીક નથી અને આર્થિક રીતભાતો એવી હોવી જોઇએ, જેનાથી એક વિકાસશીલ દેશ રૂપે ભારત ઉભરતા પડકારોનો સામનો કરી શકે. આશા રાખીએ કે સુપ્રીમ કોર્ટના આ ચુકાદાથી ખાનગી સંપત્તિ મામલે હવે તેને લઈને કોઈ શંકા નહીં રહે કે કયું સમુદાયનું સંસાધન છે અને કયું નહીં? કોઈપણ દેશ હોય, તેણે પોતાનું આર્થિક દર્શન દેશ, કાળ અને પરિસ્થિતિઓના હિસાબે અપનાવવું જોઈએ, નહિ કે એ હિસાબે કે જૂની પરિપાટી શું કહે છે? સમયની સાથે બદલાવ જ પ્રગતિનો આધારછે. એ સારું થયું કે સુપ્રીમ કોર્ટે આ આધારને મજબૂતી પ્રદાન કરી.

### ખાનગી નર્સિંગ કોલેજો દ્વારા આદિવાસી વિસ્તારોમાં વિદ્યાર્થીઓ સાથે થતી ગેરરીતી મુદ્દે...

# ધારાસભ્ય ચૈતર વસાવાએ મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રીને પત્ર લખ્યો

ભરત શાહ | રાજપીપળા

આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ રાજ્યના મુખ્યમંત્રી, આરોગ્ય મંત્રી સહિત આરોગ્ય કમિશનરને પણ એક મહત્વપૂર્ણ મુદ્દા પર પત્ર લખ્યો છે.



આ પત્રમાં ધારાસભ્ય ચૈતર વસાવા જણાવ્યું હતું કે, અંબાજી થી ઉમરગામ વિસ્તારમાં A.N.M, G.N.M. નર્સિંગ કોર્ષ ચલાવવા માટે સરકાર ની પરવાનગી થી ઘણી સંસ્થાઓ નર્સિંગ કોલેજો ચલાવી રહી છે. છેલ્લા ત્રણ મહિનાથી વિદ્યાર્થીઓ અને વાલીઓની અનેક રજુઆતો અમારા સમક્ષ આવી છે. આ સંસ્થાઓ ૧૨ પાસ વિદ્યાર્થીઓને ગામડેથી સારી સારી લોભામણી જાહેરાતો કરીને, ઓરીજનલ ડોક્યુમેન્ટ ઉઘરાવતી હોય છે. એડમીશન આપવાના નામે ત્રણ વર્ષમાં બે થી અઢી લાખ ની ફી પણ ઉઘરાવે છે.

સાથે તેમની પોતાની પ્રેક્ટિકલ માટેના સાધનો કે લેબ કે કોઈ કોચિંગ માટેના ક્લાસ ચાલતા ન હોવા છતા, ભણાવતા ન હોવા છતા, વર્ષ થાય એટલે પરીક્ષા આપવા માટે રાજ્ય બહારના કર્ણાટક રાજ્યમાં બેંગ્લોર ખાતેની યુનિવર્સીટીઓમાં પરીક્ષા આપવા માટે વિદ્યાર્થીઓને અહી થી લઇ જવામાં આવે છે. જેની પણ ફી વસુલવામાં આવે છે. ત્યાં અનેક વિદ્યાર્થીનીઓ અને વિદ્યાર્થીઓ પોતાની બોડીંગ પાસ ન હોવાના કારણે, કે બીજી બાબતો રજીસ્ટ્રેશન ન થયું હોવાના કારણે કે એડમિશન ન થયું હોવાના કારણે, પરીક્ષાઓમાં બેસવા દેવામાં આવતા નથી અને એવી જ રીતે અનેક વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા કરવામાં આવે છે. રાજ્ય બહારની કોલેજો સાથે સંલગ્ન હોવાને કારણે આદિજાતી વિકાસ વિભાગ ગાંધીનગર તરફથી મળતી સ્કોલરશીપ પણ વિદ્યાર્થીઓને છેલ્લા બે વર્ષથી મળી નથી. સરકારી S.I.જેવી ભરતી થઇ હતી એમાં પણ, રાજ્ય બહારની યુનિવર્સીટીઓની સર્ટીફિકેટ હોવાના કારણે, તેમને પણ છુટા કરવામાં આવ્યા છે. ત્રણ વર્ષ પુરા થવા છતા, પૂરી ફી ભરી હોવા છતા, આ વિદ્યાર્થીઓને આજદિન સુધી GNM કે ANM પૂર્ણ થયાના સર્ટી પણ મળ્યા નથી. ત્યારે છેલ્લા ત્રણ-ત્રણ, ચાર-ચાર વર્ષથી સંસ્થાઓમાં આંટા મારીને થાકેલા વિદ્યાર્થીઓ અને વાલીઓ અમારી સમક્ષ આવ્યા છે અને તેમણે ફી કઈ પરિસ્થિતિમાં ભરી છે તે વેદના અમને જણાવી છે ત્યારે, રાજપીપલા માં કામલ ફાઉન્ડેશન હોય, છોટાઉદેપુર ક્રિશ્ના ઈન્સ્ટીટ્યુટ હોય, અંકલેશ્વર-નર્મદા ઈન્સ્ટીટ્યુટ હોય, એમના સંચાલકો સાથે અમે અવાર નવાર વાત કરતા હોય છે પણ તેઓ પોતાની જવાબદારી થી છટકવા માટે અવનવા બહાનાં કાઢતા હોય છે.

> **રાજપીપલામાં માં કામલ ફાઉન્ડેશન, છોટાઉદેપુરની ક્રિશ્ના ઈન્સ્ટીટ્યુટ, અંકલેશ્વર-નર્મદા ઈન્સ્ટીટ્યુટના સંચાલકો પોતાની જવાબદારીથી છટકી રહ્યા છે: ચૈતર વસાવા**

આ વિદ્યાર્થીઓનો પોતાનો અમુલ્ય ત્રણ-ત્રણ, ચાર-ચાર વર્ષ નો સમય બગડી રહ્યો છે. અને તેમના કેરિયર પર અસર પડે છે ત્યારે આવી સંસ્થાઓની તપાસ થાય, શરતોને આધીન ચાલે છે કે કેમ ? તેમની પાસે પુરતો સ્ટાફ છે કે કેમ ? પૂરતા પ્રેક્ટીકલના સાધનો છે કે કેમ? લેબ કે પૂરતા કોચિંગના સાધનો છે કે કેમ ? તેની સરકારી શરતોને આધારે તપાસ કરી, ગેરરીતિઓ જણાય તો યોગ્ય કાર્યવાહી કરવામાં આવે, જો આવનાર 7 દિવસમાં આમ કરવામાં ન આવે તો આદિવાસી વિસ્તારોમાં ચાલતી આવી સંસ્થાઓ પર આવનાર દિવસોમાં વિદ્યાર્થીઓ અને વાલીઓને સાથે રાખીને તમામ જિલ્લાઓના પોલીસ વડા સમક્ષ જઈને અમારે આવી સંસ્થાઓ પર કાયદેસરની કાર્યવાહી કરાવવા ફરજ પડશે જેની નોંધ લેવા અપીલ છે.

## મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત ખાસ ઝુંબેશ દિવસ

માહિતી બ્યુરો | પાલનપુર

ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા વિધાનસભા મતવિભાગો માટે ચૂંટણીમાં મહત્તમ મતદારો સહભાગી થાય અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ જાહેર કરાયો છે. જે અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં તા. 01લી જાન્યુઆરી, 2025ના લાયકાતની તારીખના સંદર્ભે ફોટાવાળી મતદારયાદીની ખાસ સુધારણા કાર્યક્રમનું આયોજન કરાયું છે. જે અંતર્ગત હક્ક - દાવા અને વાંધા અરજીઓ રજૂ કરવાનો સમયગાળો29/10/2024 મંગળવારથી તા. 28/11/2024 ગુરુવાર સુધી યોજાશે. જેમાં ઝુંબેશની તારીખો 17/11/2024 રવિવાર, 23/11/2024 શનિવાર તથા 24/11/2024 રવિવાર દરમિયાન યોજાશે. આ સાથે જિલ્લા ચૂંટણી વિભાગ દ્વારા 24/12/2024 મંગળવાર સુધીમાં હક્ક - દાવા અને વાંધા અરજીઓનો નિકાલ કરાશે. 6/01/2025 સોમવારના રોજ મતદાર યાદીની આખરી પ્રસિધ્ધિ કરાશે તેમ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી બનાસકાંઠા દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

### કારમી મોંઘવારીમાં દયનીય સ્થિતિ

## નર્મદા જિલ્લાના જનસેવા કેન્દ્રોમાં ઈ ધરાના કર્મચારીઓને પાંચ મહિનાથી પગારના વાંધા



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લા ની વિવિધ મહેસુલી કચેરીઓ માં કાર્યરત ઈ-ધરા વિભાગ ના કર્મચારીઓ ને પાંચ મહિનાથી પગાર નહિ મળ્યો હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી મુજબ જિલ્લા ની મામલતદાર કચેરી માં આવેલ ઈ ધરા ના કર્મચારીઓ ને પાંચ મહિના થી પગાર નહિ મળતા દિવાળીના તહેવારો માં આર્થિક સંકડામણ ને લઈને આ કર્મચારીઓ એ ધારાસભ્ય ડો દર્શનાબેન દેશમુખ ને રજુઆત કરતા આ કર્મચારિઓ ને એજન્સી તરફ થી એક મહિના નો પગાર આપવા માં આવ્યો હતો એમ પણ ઓઉટસોર્સીંગ થી કામ કરતા આ કર્મચારીઓ નું ભારે આર્થિક શોષણ થઈ રહ્યું હોવાનું કહેવાય છે ત્યારે અન્ય કચેરીઓમાં કામ કરતા આઉટ સોર્સીંગ કર્મચારીઓ ને 10 થી 15 હજાર પગાર આપવા માં આવે છે જયારે ઈ ધરા કર્મચારીઓ ને ત્રણથી પાંચ હજાર પગાર મળતો હોવાનું કહેવાય છે, ત્યારે સરકાર ઈ ધરા ના કર્મચારીઓ નું આર્થિક શોષણ અટકે અને બાકી પગાર સત્વરે મળે તેવી વ્યવસ્થા ગોઠવે તેવી માંગ છે.

### NEWS TRACK

## લાછરસ ગામમાંથી માતા સાથે બે પુત્રો ગુમ થતાં પતિએ પોલીસની મદદ માંગી



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં આવેલાં લાછરસ ગામના વતની અને હાલ માં સુરત અમરોલી વિસ્તાર માં રહેતા માતા અને બે પુત્રો ગુમ થવા બાબતે પતિ એ પોલીસ ની મદદ માંગી છે. પ્રાપ્ત માહિતી અનુસાર વિનોદભાઇ ડાહ્યાભાઇ તડવી મૂળ. રહે-લાછરસ અને હાલ રહેવાસી. સુરત, અમરોલી વિસ્તાર નાઓ એ રાજપીપળા પોલીસ માં જાણ કર્યા મુજબ તેમના પત્ની કિરણબેન વિનોદભાઇ તડવી ઉ.વ. ૨૨ નાઓ તેમની સાથે મારા બે બાળકો (૧) અર્જુન કુમાર વિનોદભાઇ તડવી ઉ.વ.૦૩ (૨) શિવમકુમાર વિનોદભાઇ તડવી ઉ.વ.૦૩ માસ ને લઈ જતા ઘણી શોધખોળ બાદ ક્યાંયે પત્તો નહી મળતા આખરે તેઓ એ રાજપીપળા પોલીસ માં ખબર આપતા પોલીસે ત્રણેય ની શોધખોળ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# જયપુરના એક ચિત્રકારે દિવાલો ઉપર સજ્યાં અનોખા ચિત્રો

અશેષ વ્યાસ | ખેડા

રાજસ્થાનના જયપુરથી આવેલા એક કલાકારે નડિયાદ નગરને ટાઉન ઓફ ગ્રાફિટી બનાવ્યું છે. જિલ્લા વહીવટી તંત્રની સુંદર પહેલ અંતર્ગત આ કલાકારે રાજમાર્ગોની દિવાલો ઉપર મનોહર ચિત્રો દોરી તેમાં વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા તેમના સશક્ત અને સુશાસનના ૨૩ વર્ષ દરમિયાન શરૂ કરાયેલી યોજનાઓની માહિતી પણ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. નગરમાં મુખ્ય શૈક્ષણિક સંસ્થાની દિવાલો ઉપર દોરાયેલા આ ચિત્રો લોકોનું ધ્યાન આકર્ષ્યા વિના રહેતા નથી.

ખેડા જિલ્લામાં નડિયાદ ખાતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સમયગાળા દરમિયાન થયેલા વિકાસની ઝાંખી પ્રદર્શિત કરવા માટે એક અનોખી અને સર્જનાત્મક પહેલ કરવામાં આવી છે. નડિયાદમાં એન.ડી.દેસાઈ હોસ્પિટલની સામે અને જે એન્ડ જે કોલેજની પાસે વોલ ગ્રાફિક્સ દ્વારા વિકાસની સફર પ્રદર્શિત કરવામાં આવી છે.




નડિયાદ બન્યું ટાઉન ઓફ ગ્રાફિટી : જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નડિયાદની દિવાલો ઉપર વિવિધ સરકારી યોજનાની માહિતીને મનોહર ચિત્રો દ્વારા રજૂ કરાઇ

રાજસ્થાનના જયપુરથી આવેલા આર્ટિસ્ટ સુદર્શનભાઈ દ્વારા ૨૧ દિવસ સતત મહેનત કરી સ્પ્રે પેઈન્ટસ અને એક્રેલેક પેઈન્ટસથી વોલનું સુશોભન કરવામાં આવ્યું છે. છેલ્લા ૧૨ વર્ષથી સુદર્શનભાઈ આ કલા સાથે સંકળાયેલા છે. આ વોલ ગ્રાફિક્સમાં દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સમયગાળા દરમિયાન થયેલા મુખ્ય વિકાસના કામોને આવરી લેવામાં આવ્યા છે.

વિકાસની સફરમાં બુલેટ ટ્રેન અને મેટ્રો ટ્રેન પ્રોજેક્ટસ, મેક ઇન ઇન્ડિયા, નર્મદા ખાતે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા, ગાંધીનગરમાં આવેલા ગિફ્ટ સિટી, અમદાવાદમાં વાઈબ્રન્ટ ગણાતી જગ્યા એવો સાબરમતી રિવરફ્રન્ટ, સરદાર સરોવર ડેમ, આવાસ યોજના, કૃષિ ક્ષેત્રે પ્રગતિ વગેરે જેવી વિશેષ ઉપલબ્ધિઓને સ્થાન આપવામાં આવ્યું છે. વધુમાં આર્ટ દ્વારા નારી સશક્તિકરણ, ટેકનોલોજી અને ગ્રીન એનર્જીને આવરી લઈ વોલનું બ્યુટિફિકેશન કરવામાં આવ્યું છે.

## વિરાણી મોટીના ૨૧ યુવાનો સાઈકલ દ્વારા વીરપુર પહોંચી જલારામ બાપાના દર્શન કર્યા



મહેશ એલ. સોની | નખત્રાણા

નખત્રાણા તાલુકાનાં મોટી વિરાણીના ૨૧ જેટલા યુવાનોએ ભાવેશ ભાઈ આઈયા ની આગેવાની હેઠળ વિરાણી મોટી થી વિરપુરની ૪૦૦ કીમી ની સાયકલ સંપન્ન કરી હતી. છેલ્લા ૪૦ વર્ષથી વિરણીમોટીના યુવાનો વીરપુરની સાયકલ યાત્રા કરી રહ્યા છે. વિરાણી મોટી રામ મંદિરના સંત શ્રી શાંતિદાસજી મહારાજ તેમજ અબડાસાના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાએ સાયકલ વિરોને પ્રસ્થાન કરાવ્યું હતું. નખત્રાણા સાંઈ જલારામ ખાતે પહોંચેલી સાયકલ યાત્રાને નખત્રાણા લોહાણા સમાજના પ્રમુખશ્રી રાજેશભાઈ પલણ, શ્રી વિરાણીમોટી લોહાણા સમાજ પ્રમુખ શ્રી છગનભાઈ આઈયા, શ્રી નખત્રાણા લોહાણા યુવક મંડળ પ્રમુખશ્રી જીગ્નેશભાઈ પલણ, નિતિનભાઈ રાજદે,શિવ રાજદે, કલ્પેશભાઈ સચદે , પ્રસન્ન ઠક્કર ,ભાવિન પલણ મેહુલ દાવડા, રાહુલભાઈ આથા , રવિ ઠક્કર વગેરે કાર્યકરો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.તારીખ ૨/૧૧ થી નીકળેલી સાયકલ યાત્રા ૫/૧૧ ના રોજ વીરપુર કોઈ પણ જાતના અવરોધ વિના વિના વિઘ્ને વિરપુર પહોંચી હતી જ્યાં જલારામબાપાને શિશ નમાવી બાપાની આરતીના દર્શનનો લાભ લીધો હતો.

## રક્તદાન મહાદાન : પોતાના જન્મ દીને રકતદાન કરી ભારતીય પરંપરા જાળવતો રાજપીપળા નો યુવાન



ભરત શાહ | રાજપીપળા

રાજપીપળાના યુવાને પોતાના જન્મ દિવસે કોઈ ફાલતુ ખર્ચ નહિ કરી પોતાનું રકતદાન કરી જરૂરિયાતમંદ ને આ લોહી ઉપયોગી બને તે દિશા માં અનોખો પ્રયાસ કર્યો. રાજપીપળા ના કાછીયા કુલદીપ નો આજરોજ જન્મ દિવસ હોય તેમણે રાજપીપળા ની ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી માં પોતાનું બ્લડ ડોનેટ કરી પોતાનો જન્મદિન મનાવ્યો હતો. તેમનું માનવું છે કે વેસ્ટર્ન પરંપરા આજના સમય માં ખુબ વધુ પડતી જોવા મળે છે, એમાં ફાલતુ ખર્ચ નહિ કરી નર્મદા જિલ્લાના કોઈ જરૂરિયાતમંદ દર્દી ને લોહી ની જરૂરિયાત સમયે લોહી કામ લાગે તે માટે તેમણે રકતદાન કર્યું અને જણાવ્યું કે ભારતીય પરંપરા મુજબ ભારતીયો કોઈ ને કોઈ વસ્તુ નું દાન કરતા હોઈ છે માટે તેઓએ પોતાના જન્મદિને રક્ત દાન કરી ભારતીય પરંપરા જાળવી રાખવા એક પ્રયાસ કર્યો છે.

## દાહોદના આરોગ્ય કેન્દ્ર નગરાળાની આકસ્મીક મુલાકાત લઇ સમીક્ષા કરતા જિલ્લા કલેક્ટર યોગેશ નીરગુડે



દિપક રાવલ | દાહોદ

જિલ્લા કલેકટર યોગેશ નીરગુડેએ દાહોદ જિલ્લાના નગરાળા ખાતેના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની આકસ્મિક મુલાકાત લઇ દર્દીઓને મળી રહેલી સુવિધાઓ, કામગીરીનું રૂબરૂ નિરીક્ષણ કર્યું હતું અને ઉપસ્થિત અધિકારીશ્રીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. તેમણે અહીંનો આરોગ્યસ્ટાફ, દર્દીઓને અપાતી વિવિધ આરોગ્યલક્ષી સુવિધાઓ વગેરેનું જાતનિરીક્ષણ કર્યું હતું. અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નગરાળાની સારી કામગીરી બદલ જિલ્લા કલેકટર શ્રી એ મેડીકલ ઓફિસર સહિત સર્વેને સ્ટાફગણને અભિનંદન પાઠવ્યા હતા. મુલાકાત સમયે દાહોદ પ્રાંત અધિકારી મિલિન્દ દવે, મામલતદાર પ્રદીપસિંહ ગોહિલ, તાલુકા હેલ્થ ઓફિસર ભગીરથ બામણ્યા સહિત ડોક્ટર અને પ્રા. આરોગ્ય કેન્દ્રના સ્ટાફ ઉપસ્થિત રહ્યાં હતા.

# રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં એક્ષરે ટેકનીશિયન અને સિક્યુરિટી ગાર્ડની અછત, સ્ટાફ પર કામનું ભારણ

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાની મોટી ગણાતી રાજપીપળા સિવિલ હોસ્પિટલ માં ભલે સેવાઓ માં વધારો થયો હોય પરંતુ કેટલાક જરૂરી કાચરીઓ ની ભરતી નહિ કરતા ઓછા કર્મીઓ થી ગાડું ગબડાવતા અધિકારીઓ ના કારણે હાજર કર્મચારીઓ પર કામ નું ભારણ વધુ આવે છે અને દર્દીઓ સાથે પણ દરરોજ માથાકૂટ થવાના દ્રશ્યો જોવા મળે છે.



વાત કરીએ સિક્યુરિટી ગાર્ડ ની તો સિવિલ હોસ્પિટલ માં સિક્યુરિટી ઓછા હોવાથી અનેકવાર તકલીફ ઊભી થઈ છે અને ભૂતકાળ માં તો એક દર્દી ઉપર થી નીચે કુદી જતા મોત થયું હતું તેમ છતાં સિવિલ સત્તાધીશો ની હજુ ઊંઘ ઊડી નથી તો શું બીજી કોઈ દુર્ઘટના બનવાની રાહ જોવાઈ રહી છે..?

આ રીતે એક્ષ રે વિભાગ માં પણ ટેકનીશ્યન ઓછા હોવાથી હાજર કર્મચારીઓ પર કામનું ભારણ પડે છે અને દરોરોજ એક્ષ રે માટે પડતી મોટી લાઈનો માં ઉભેલા દર્દીઓ પૈકી કેટલાક ની સ્ટાફ સાથે માથાકુટ પણ થાય છે આમ કેટલાક વિભાગો માં જરૂરી સ્ટાફ નહિ મૂકી ઈન્ચાર્જ અધિકારીઓ પોતાની મનમાની કરે છે કે કોઈ અન્ય કારણે સ્ટાફ વધારતા નથી એવા સવાલ હાલ ઉઠ્યા છે. - જોકે ચર્ચાતી વાત મુજબ જો સિવિલ હોસ્પિટલ માં કયા વિભાગ માં કેટલા કર્મચારીઓ છે અને ઓન પેપર કેટલા બતાવ્યા છે એની તટસ્થ તપાસ થાય તો કદાચ મોટું કૌભાંડ પણ બહાર આવે તેવી શક્યતાઓ જણાય છે. પરંતુ ઈમાનદારી થી તટસ્થ તપાસ કોણ અને ક્યારે કરશે એ પણ એટલું જ અગત્યનું છે.સિક્યુરિટી ગાર્ડ, એક્ષ રે ટેકનીશ્યન સહિત અનેક કર્મચારીઓ ઓછા રાખી હાજર કર્મચારીઓ પર કામનું ભારણ આપતા અધિકારીઓ નો આમાં કોઈ અંગત ફાયદો હશે..?

## સંખેડા તાલુકાના કાણા કુવા ગામે આગ ભભૂક્તા ચારથી પાંચ ઘરની ઘરવખરી બળીને ખાખ



કમલેશ પટેલ | સંખેડા

સંખેડા તાલુકાના કણાકુવા ગામમાં ભીલ જગદીશભાઈ જયંતીભાઈ ના ઘરમાં અચાનક આગ લાગતા આજુબાજુ ના કનુભાઈ જશુભાઈ ભીલ વિષ્ણુભાઈ નારણભાઈ ભીલ અશ્વિનભાઈ બંસીભાઈ ભીલ તેમજ ઠાકોર ભાઈ જમનાદાસ ના મકાનમાં આગ ફરી વળી હતી અને ઘરવખરી નો સામાન બળીને ખાખ થઈ ગયો હતો તેમજ જગદીશભાઈ જયંતીભાઈ ભીલ ની બોક્સર બાઈક તેમજ hero honda ની બાઈક અડધી બળીને ખાખ થવા પામી છે.

જગદીશભાઈ જયંતીભાઈ ભીલ જેઓ ખેતરે મજૂરી અર્થે ગયેલ હતા અને ઘરમાં અચાનક આગ લાગી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે જેમાં ગામના તેમજ ખેતર થી દોડી આવેલા જગદીશભાઈ ના પરિવાર તેમજ કનુભાઈ વિષ્ણુભાઈ અને ગામના નાગરિકો દ્વારા આગને કાબુમાં લેવાની કોશિશ કરી હતી પરંતુ આગે વિકરાળ રૂપ ધારણ કરી જોત જોતા માં ચારથી પાંચ મકાનોને ભસ્મીભૂત કરી દીધા હતા અને ઘરની બધી ઘરવખરી તેમજ મકાનના કાગજી દસ્તાવેજો જેવા બળીને ખાખ થઈ ગયા સંખેડા તાલુકો વિકાસથી વંચિત હોવાથી તેમજ ફાયર બ્રિગેડ ન હોવાથી ડભોઈ તાલુકો વિકાસ ની હરણફાળમાં સૌથી આગળ એવા તાલુકા માંથી આવવાના કારણે ફાયર બ્રિગેડ ની ગાડી ઘટના સ્થળ પર ઘણા સમય બાદ પહોંચી હતી હંમેશા ની જેમ ઘોડા છૂટ્યા પછી તબેલા ના મળતું ફાયર બ્રિગેડ જો સંખેડા તાલુકામાં ફાયર બ્રિગેડ ની સુવિધા હોય તો ચોક્કસપણે સંખેડા તાલુકાના નાગરિકોને રાહત મળી રહે પરંતુ મોટી મોટી વાતો કરતા રાજ નેતાઓ માત્ર વોટ લેવા જ આશ્વાસન આપતા હોય છે અને જો આ સુવિધા સંખેડા તાલુકામાં થાય તો આવી હોનારત સર્જાતા પહેલા અટકી જાય તેમ ચર્ચા ઉઠી રહી હતી. અને આ બળીને ખાખ થયેલા મકાનના નાગરિકોને સરકારશ્રી દ્વારા યોગ્ય વર્તન મળે તેવી આશા સેવી રહ્યા છે.

## જાફરાબાદના લાઇટ હાઉસ રોડ ઉપર આખલાઓનું યુધ્ધ સર્જાતા લોકોમાં અફડાતફડી મચી ગઇ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



જાફરાબાદના બંદરચોક તથા લાઈટ હાઉસ રસ્તા ઉપર આખલાઓ નું યુધ્ધે ચડતા અફડાતફડી મચી ગઈ હતી આજુબાજુમાં દુકાનદારો દ્વારા આખલાઓ યુધ્ધે ચડતા દુકાનના શટરો બંધ કરી દેવા પડ્યા હતા અને આજુબાજુ માં મોટરસાયકલો પણ દુર મુકવા જતા લોકો પણ ભયભીત બન્યા હતા બપોરના સમયે આ ઘટના બની હતી આ ઘટના સવારે બની હોત તો અનેક લોકો અડફેટે ચડી ગયા હોત કેમકે આ બંદચોક વિસ્તાર માં મોટી સંખ્યામાં સવારના નાગરિકો ની અવરજવર રહેતી હોય છે. અને બાળકો તથા સિનિયર સિટીઝન તથા મહિલાઓ અહીંથી બજારમાં જતા હોય છે. જો તેવા સમયે આખલાઓ યુધ્ધે ચડ્યા હોત તો મોટી જાનહાનિ સર્જાય હોત આ બંદચોક માં લાઈટ હાઉસ રોડ ઉપર જતા નજીક લીલો સુકો કચરો ઠલવાતો હોય તેને ખાવા માટે આખલાઓ અહીં એકઠા થતા હોય અહીં અવારનવાર આખલાઓ યુધ્ધે ચડ્યા હોય પરંતુ જવાબદાર પાલિકા ક્યારે આખલાઓ પકડવાની કામગીરી કરશે તેવી ઘટના સ્થળે થી અનેક ચર્ચાઓ શહેરમાં જાહેર માર્ગો ઉપર પશુઓના અડિંગાના કારણે વાહનચાલકો પરેશાની વેઠવી રહ્યા છે. શહેરમાં જાહેર રસ્તા ઓ પર પશુઓના અડિંગાથી રાહદારીઓને અવરજવર કરવામાં ભારે હાડમારી વેઠવી પડે છે. પશુઓના અડિંગો રસ્તા ઉપર હોવાથી વાહનચાલકોને અવરજવર કરવામાં પણ અકસ્માત નો ભય સેવાઈ રહ્યો છે. શહેરમાં જ્યારે આખલા યુધ્ધ સર્જાય ત્યારે પસાર થતા રાહદારીઓના શ્વાસ અધ્ધર થઈ જાય છે. આખલા યુધ્ધે ચઢે ત્યારે લોકો પણ અડફેટે ચડી ગયા હોવાના પણ બનાવો બન્યા છે. જાહેર રોડ રસ્તાઓ બજારોમાં તથા માર્કેટમાં રોડ રસ્તાઓ ઉપર પશુઓ બેસતા હોવાથી અકસ્માતો પણ સર્જાયા છે. અકસ્માતે ઘણાખરા લોકો એ પોતાના અનમોલ જીવ ગુમાવ્યા છે. તથા સારવાર લેવાની ફરજ પડી છે. અને અમુક લોકોએ પોતાના હાથ પાડું પણ ભાગ્યા છે.

## લાભપાંચમની રાત્રે ચાણસ્મા સિકોતર માતાજીના ચોકમાં ભજન કાર્યક્રમ યોજાયો



નિતીન ઠાકર | ચાણસ્મા

લાભપાંચમ દિવસે ચાણસ્મા બસ મથક નજીક આવેલ સિકોતર માતાજી ના ચોક માં ભુવાજી ના દ્વારા બસ મથક આજુ બાજુ ના રીક્ષા ડ્રાયવરો વેપારીઓના સહયોગ થી સંતવાણી કાર્યક્રમનું આયોજન કરાયુ હતું જેમાં ખોખલ ભજન મંડળ સહિત આજુબાજુ ના ભજન કલાકારો એ મોડી રાત સુધી ભજનનો ની જમાવટ કરી હતી.

## જલ ઉત્સવ અભિયાન અંતર્ગત જિલ્લા કલેક્ટર કચેરી ખાતે "જલ ઉત્સવ સંકલ્પ" શપથ લીધા



નિતીન ઠાકર | ચાણસ્મા

જલ ઉત્સવ અભિયાન અંતર્ગત આજરોજ જિલ્લા કલેકટર કચેરી ખાતે "જલ ઉત્સવ સંકલ્પ" જિલ્લા કલેકટર એસ.કે. મોદી સહિત અધિક કલેકટર સી.કે. ઉંધાડ અને નર્મદા જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ-કર્મચારીઓએ સામુહિક શપથ લીધા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, નર્મદા જિલ્લાના વિવિધિ વિભાગોના અધિકારીઓ-કર્મચારીઓએ પ્રતિજ્ઞા લીધી કે, એક જવાબદાર નાગરિક બની હું વિવેકપૂર્ણ આચરણ અપનાવવા માટે શપથ લઉં છું જે પાણીના ન્યાયપૂર્ણ ઉપયોગ તરફ દોરી જાય અને આપણા સમાજ માટે મૂલ્યવાન સંપત્તિ એવા આપણા જળ સંસાધનોનું રક્ષણ કરવા માટે જળ સંરક્ષણ તકનીકોને અનુકૂલિત કરૂ છું.

# અજ્ઞાન કે અતિવિશ્વાસ એ અંધ શ્રધ્ધાનું સૌથી મોટું લક્ષણ છે

છત્તીસગઢના સક્તી જિલ્લાના તાંદુલડીહ ગામમાં એક પરિવારના ઘરે એક બાબાની તસ્વીર રાખીને બંધ બારણે તંત્રસાધના ચાલતી હતી. અંદર શું ચાલી રહયું છે તેની ગામ લોકોને કોઈ જ જાણ ન હતી. તેમ છતાં તંત્ર સાધનાના મંત્રોની વચ્ચે તીણી ભયંકર ચીખ અંધકારને ચીરતી ગામમાં ફરી વળી હતી. બે સગાભાઈઓનું જીવન અંધ વિશ્વાસની ભેટ ચડી ગયું હતું. ૬ સપ્ટેમ્બરના રોજ ઉત્તરપ્રદેશના હાથરસના રસગવાં ગામની ડીએલ પબ્લીક સ્કૂલના સંચાલકની ગાડીમાંથી ૧૧ વર્ષના બાળકનું શબ મળી આવ્યું હતું. પોલીસ તપાસમાં એવી વિગતો બહાર આવી હતી કે સ્કૂલના વિકાસ અને દેવામાંથી બહાર આવવા માટે બાળકને કથિત રીતે બલી ચઢાવવાના ઈરાદાથી ગળું દબાવીને મારી નાખવામાં આવ્યું હતું. તાજેતરમાં બનેલી આ બે ઘટનાઓ તો ઉદાહરણ પુરતી છે પરંતુ આવી ઘટનાઓ સમયાંતરે બનતી જ રહે છે. પહેલા અંધ શ્રધ્ધા માટે શિક્ષણના ઓછા પ્રમાણને જવાબદાર ઠેરવવામાં આવતું હતું. હવે ભણતર વધ્યું, લાખો ડિગ્રીધારીઓની ફોજ તૈયાર થઈ તેમ છતાં જાદૂ-ટોટકા અને તંત્રવિધાનું પ્રમાણ વધતું જાય છે. દરેક ધર્મના લોકોને પોતાનું એક ધર્મસ્થળ અને ઉપાસનાની પરંપરાગત આગવી રીત હોય છે. વિવિધ સમુદાયો અને જાતિઓમાં જુદા જુદા દેવી દેવતાઓ અને માનેલી શકિતઓની પૂજા થતી હોય છે. કોઈ અગોચર શકિત પર ભરોસો હોવો કે શ્રધ્ધા હોવી ખોટી નથી. કુદરતી રીતે જ ડર અને અસલામતીમાંથી બચવા માટે સદીઓથી માનવ જાત અજ્ઞાતશકિત સામે શીશ નમાવતી રહી છે. વિટંબણા એ છે કે માનવીને વિચારવાની શકિત આપી હોવા છતાં શ્રધ્ધા અને અંધશ્રધ્ધા વચ્ચેની પાતળી ભેદરેખા ભૂલી જાય છે. માનવીમાં બહેતર જીવનની શોધ માટે ભવિષ્ય જાણવાની લાલસા પડેલી છે. પોતાની તકલીફોનો ચપટીમાં અંત લાવી દે એવી કોઈ વિધી કે પ્રવૃતિઓનો શોર્ટ કટ ઈચ્છે છે. ઘણી વાર હારેલા થાકેલા માણસો મંત્ર-તંત્રનો આશરો લેતા થઈ જાય છે. આના કારોબારની એક દુનિયા છે જે દુખો દુર કરવાનો દાવો કરે છે પરંતુ સરેરાશ લોકોના જીવનમાં કોઈ જ ફરક પડતો નથી. અંધ શ્રધ્ધાની કોઈ મોટી ઘટના બને ત્યારે ભારતમાં અંધ વિશ્વાસ,કાળા જાદુઅને જાદુ-ટોટકાની વ્યાપકતા અંગે ચર્ચા છેડાતી રહી છે પરંતુ પછીથી ભૂલાઈ જાય છે. આજના ડિજિટલ યુગમાં અંધશ્રધ્ધા, જાદુ ટોટકાનું જાળું વધતું જાય છે. જ્ઞાન અને માહિતી ઘર આંગણે દરેકના સ્માર્ટફોનમાં ઈન્ટરનેટ સ્વરુપ આવી ગઈ છે. સારાસારનો વિવેક કરીને સાચા સોર્સ શોધીને જ્ઞાનના સિમાડાઓ વિસ્તારી શકાય છે. દરેક ટેકનિકના લાભાલાભ હોય છે જે તેના વપરાશકર્તા પર આધારિત છે. પહેલાના સમયમાં કાગળો આવતા કે તમે આટલા કાગળ લખશો તો ફલાણા માતાજીની કૃપા થશે જેથી અનાદર કરતા નહી. હવે એવી ડિજિટલ પોસ્ટ આવે છે આગળ મોકલો, આ પોસ્ટ ઉભી રહેવી જોઈએ નહી. ભણતર આવ્યું, આધુનિકતા આવી પરંતુ માનસિકતા બદલાઈ નથી. એક સમયે ધુણવાની પ્રવૃતિ ખાનગીમાં ચાલતી હવે ધુણતા હોય અને આસપાસ લોકો બેઠા હોય તેવા વીડિયો સોશિયલ મીડિયામાં ફરતા જોવા મળે છે. ધાર્મિક અનુષ્ઠાનો અને ધાર્મિક કાર્યક્રમો વધતા જાય છે તો પછી સરેરાશ માનવીઓના જીવનમાં સુખ કેમ નથી ? વિધી કે તંત્ર મંત્રના નામે કોઈ પણ માણસને પ્રતાડિત કરવો કે મારી નાખવો ઘૃણાસ્પદ છે. પ્રાચીન સમયમાં જોવા મળતી નરબલી પ્રથા આધુનિક રાજમાં પણ ડોકાતી હોયતો તે ખોટું છે. માનવ બલીએ અંધ વિશ્વાસની ચરમસીમાનું ઉદાહરણ છે.

એનસીઆરબીના આંકડા અનુસાર વર્ષ ૨૦૨૨માં ભારતમાં જાદુ-ટોટકાથી ૮૫ લોકોના મુત્યુ થયા હતા. ૨૦૧૩ થી ૨૦૨૨માં દરમિયાન અંધશ્રધ્ધાની વિધિમાં ૧૦૬૪ લોકોએ જીવ ગુમાવ્યા હતા. ૨૦૨૨માં માનવ બલીના કુલ ૮ કેસ નોંધાયા હતા. વર્ષ ૨૦૧૪ થી ૨૦૨૨ સુધીના ૯ વર્ષમાં માનવબલીની ૧૧૧ ઘટનાઓ બની જેમાં બાળકો અને વયસ્કોનો સમાવેશ થતો હતો. અંતરિયાળ વિસ્તારોમાં તંત્ર-મંત્ર અને વિધીના નામે થતી હત્યાઓ જોતા વાસ્તવિક આંકડો સરકારી ચોપડે નોંધાયેલા આંકડા કરતા ખૂબજ વધારે હોવાની શકયતા છે. જે ઘટનાઓ પોલીસ ચોપડે નોંધાતી નથી તેના ભેદભરમ જાણવા અઘરા હોય છે. ભારતમાં કેન્દ્રીય સ્તરે અંધ વિશ્વાસ વિરોધી કડક કાયદા ઘડીને તેને જમીન સ્તરે લાગું કરવાની જરુરિયાત છે. કેટલાક રાજયો દ્વારા કાયદાઓ ઘડવામાં આવ્યા છે પરંતુ તેનો અસરકારક અમલ આવશ્યક છે. મહિલાઓને ડાકણ ગણીને અત્યાચાર કરવાની ક્રુર'ડાકણપ્રથા' છત્તીસગઢ,ઓડિશા,મધ્યપ્રદેશ અને ઝારખંડ જેવા રાજયોમાં બનતી રહે છે. બિહાર રાજયએ ઓકટોબર ૧૯૯૯માં 'ધ પ્રિવેન્શન ઓફ વિચ'(ડાયન) પ્રેકટિસ એકટ અમલમાં મુકીને મહિલાઓ પર થતા અત્યાચાર, અપમાન અને હત્યા પર લગામ તાણવા પ્રયાસ કર્યો હતો. વર્ષ ૨૦૧૩માં મહારાષ્ટ્ર રાજયમાં પરંપરાના નામે માનવ બલી જેવા અમાનવીય કૃત્યને રોકવા અંધશ્રધ્ધા ઉન્મૂલન અધિનિયમ પસાર કરવામાં આવ્યો હતો. કર્ણાટક રાજયએ વર્ષ ૨૦૧૭માં કાળા જાદૂ જેવી અમાનવિય પ્રથાઓ અને અંધશ્રદ્ધા વિરોધી અધિનિયમ તૈયાર કર્યો હતો. ભારતીય દંડ સંહિતા મુજબ માનવ બલીને ક્રુર હત્યા ગણવામાં આવે છે.



એનસીઆરબીના આંકડા અનુસાર વર્ષ 2022માં ભારતમાં જાદુ-ટોટકાથી 85 લોકોના મુત્યુ થયા હતા. 2013 થી 2022માં દરમિયાન અંધશ્રધ્ધાની વિધિમાં 1064 લોકોએ જીવ ગુમાવ્યા હતા. વર્ષ 2014 થી 2022 સુધીના 9 વર્ષમાં માનવબલીથી ૧૧૧ ઘટનાઓ બનેલી જેમાં બાળકો અને વયસ્કોનો સમાવેશ થતો હતો.

ડ્રગ્સ એન્ડ મેજિક રેમેડીઝ એકટ ૧૯૫૪નો ઉદ્દેશ દેશમાં પ્રચલિત અંધ વિશ્વાસને લગતી વિવિધ પ્રવૃતિઓમાં ઘટાડો કરવાનો હતો. વૈજ્ઞાનિક વિચાર, માનવતાવાદ અને સુધારણાને લગતી પ્રવૃતિઓ દેશના નાગરિકોનું મૌલિક કર્તવ્ય હોવાની ભાવના બંધારણમાં પણ રહેલી છે. માતાજીની નારાજગી, નડગત. પિતૃઓની પૂજા આ બધી બાબતોમાં ઉભા થતા મતભેદો કયારેક પરિવારોને જોડવાના સ્થાને તોડે પણ છે. થઈ જાય છે પરંતુ મનનો વિકાસ પણ થવો જરુરી છે. શાંતિએ મનનો વિષય છે તેને બહાર શોધવા માટે સતત ભટકતા રહેવું અને જોવડાવતા રહેવુંએ અંધકાર તરફની ગતિ છે. માણસના મનના ખૂણામાં જીવન ગુમાવવાનો અને અશુભ થવાનો ડર છુપાએલો હોય છે આ ડરને કેટલાક ભૂવા ભાપાઓ વધુ મજબૂત બનાવે છે. શ્રધ્ધા અને અંધ શ્રધ્ધા વચ્ચેની પાતળી ભેદરેખામાં લોકો પિસાતા જાય છે. ધાર્મિક હોવું કે ભગવાનનું ભજન,પૂજન ખોટું નથી પરંતુ જોત જોતામાં અંધશ્રધ્ધાના કૂવામાં ધકેલાયેલા પછી બહાર આવી શકતા નથી. અંધશ્રધ્ધા ગ્રામીણ વિસ્તારોમાં જ જોવા મળે છે એવું નથી શહેરોમાં પણ ટ્રાફિકના ચાર રસ્તાએ લીંબુ-મરચા અને નાળિયેર ચુંદડી પડેલા જોવા મળે છે. કોઈ તાંત્રિક સૂચવે કે અમૂક દિવસે કે વારે ગાયને રોટલી કે કૂતરાને દૂધ આપવું તો ફળપ્રાપ્તિ માટે તરત જ પાલન કરવા માંડે છે. હકિકતમાં તો જો પાલતુ પ્રાણીઓ માટે જીવદયા રાખવી હોયતો સૌએ ભેગા મળીને પ્રાણીઓ કાયમી ભૂખ્યા ના રહે તેની સામુહિક જવાબદારી ઉઠાવવી જોઈએ. આ પૃથ્વી માત્ર માનવીઓની નહી સમગ્ર જીવોની છે તેવી સમજણ જ સાચો માનવધર્મ છે. પૃથ્વી પર અવતાર મળ્યો છે તો માણસ તરીકે જીવવાનું અને રહેવાનું પણ એક કર્તવ્ય છે જે ભૂલાઈ ગયું છે. ધરતીનો ભાડૂઆત માનવી પોતાને માલિક સમજવા લાગ્યો છે. જેને અંગ્રેજીમાં સુપરસ્ટિશન કહેવામાં આવે છે એ અંધશ્રદ્ધા અને વહેમ ભારત જ નહી સમગ્ર દુનિયામાં જોવા મળે છે. સદીઓ જુના અંધ વિશ્વાસ અને પીડા આપતી પરંપરાઓની ચુંગાલમાંથી બહાર નિકળવા માટે વૈશ્વિક પ્રયાસોની જરુર છે. અજ્ઞાન કે ભય સંબંધિત અતિવિશ્વાસ એ અંધ શ્રધ્ધાનું સૌથી મોટું લક્ષણ છે. રસ્તો ક્રોસ કરતી વખતે કાળી બિલાડીનું ઉતરવું, તૂટેલો અરિસો એટલે ખરાબ નસીબ, રાત્રે નખ કાપવા વગેરે માન્યતાઓ દુનિયામાં બધે જ જોવા મળે છે. ઘણી સંસ્કૃતિઓમાં મહિલાઓના માસિક રકતને અશુધ્ધ માનવામાં આવે છે આ માન્યતાએ મહિલાઓને ખૂબ મોટો અન્યાય કર્યો છે. દક્ષિણ કોરિયામાં 'ફેન ડેથ' નામની એક માન્યતા છે જેમાં કોઈ વ્યકિત પંખો ચાલુ રાખીને સૂઈ જાયતો તેનું મુત્યુ થઈ શકે છે એમ માનવામાં આવે છે. આથી હજુ પણ કેટલાક લોકો સુતા પહેલા પંખાના ટાઈમરને સેટ કરે છે. મધ્ય અને ઉત્તર આફ્રિકાના મુસ્લિમ ધર્મીઓમાં બૂરી નજરની માન્યતા જોવા મળે છે. અફઘાનિસ્તાન, તુર્કી સહિતના દેશોમાં તાવિજ બાંધવામાં આવે છે. ઈન્ડોનેશિયામાં ડાની નામની જનજાતિમાં ઈકિપાલિન નામની કુપ્રથા છે જેમાં પરિવારના કોઈ સ્વજનનું મુત્યુ થાય ત્યારે મહિલાની એક આંગળી કાપી લેવામાં આવે છે. અંધ વિશ્વાસુઓ કયારેય તર્ક સાથે વિચારતા નથી કે સ્વીકારતા નથી. સારી પરંપરાઓ અને તર્ક સભર રિતરિવાજો ભલે ચાલતા રહે પરંતુ જેમાં પીડા, દર્દ,અત્યાચાર અને હત્યા સુધીના કૃત્યો થાય છે એવી ધાર્મિક વિધીઓ અને કુપ્રથાઓ દૂર થવી જરુરી છે. કોઈ પણ પ્રવૃતિને તર્ક વિના જ સ્વીકારી લેવામાં આવે ત્યારે તેમાંથી અંધશ્રધ્ધા જન્મતા વાર લાગતી નથી. નવી પેઢી સવાલો અને તર્ક કરતી હોયતો તેને સંતોષકારક જવાબ મળવો જોઈએ. બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ (સાયન્ટિફિક ટેમ્પર) વિકસે તે જરુરી છે. વિચારોમાં પરિવર્તન લાવીને જ અંધશ્રધ્ધા મુકત, પીડામુકત સ્વસ્થ માનવ સમાજની રચના થઈ શકશે.

# ભારત ભવિષ્યમાં AI ની નિકાસ કરશે

અમેરિકન કંપની એનવીડીયાએ ભારતમાં AI કમ્પ્યુટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સાથે ભાગીદારીની જાહેરાત કરી છે. એનવીડીયાના જેન્સન હુઆંગે જણાવ્યું હતું કે ભારતે ચિપ બનાવવાની ફેક્ટરીઓ સ્થાપવાને બદલે મેન્યુફેક્ચરિંગ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. વર્તમાન સમય ભારત માટે ક્રાંતિનો છે. આનાથી માત્ર વિશ્વના ૮ અબજ લોકો માટે જ નહીં પરંતુ ભારતના ૧.૫ અબજ લોકો માટે પણ સમૃદ્ધિ આવશે. AI ને કારણે ટેક્નોલોજી ઉદ્યોગમાં જબરદસ્ત પરિવર્તન થઈ રહ્યું છે અને ભારતીય આઈટી ઉદ્યોગ દ્વારા AIને અપનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. તેમણે કહ્યું, 'ભારતે સોફ્ટવેરની નિકાસ કરી છે અને ભવિષ્યમાં તે AIની નિકાસ કરશે. ભારત મોટા પાયે કમ્પ્યુટિંગ કાર્યક્ષમતા વિકસાવવા તરફ આગળ વધી રહ્યું છે. ૨૦૨૪ ના અંત સુધીમાં, ભારતમાં કમ્પ્યુટિંગ કાર્યક્ષમતા એક વર્ષ પહેલા કરતા લગભગ ૨૦ ગણી વધારે હશે. ભારત વિશ્વના સૌથી મોટા ઈન્ટેલિજન્સ માર્કેટમાંથી એક હશે. આ માત્ર અમારી આકાંક્ષા નથી પરંતુ મને લાગે છે કે ભારતની યુવા શક્તિ આગળ વધી રહી છે. ભારતનો આઈટી ઉદ્યોગ માત્ર તેના સ્કેલ માટે જ નહીં પરંતુ કોમ્પ્યુટર વિજ્ઞાનમાં તેની વ્યાપક કુશળતા માટે પણ વિશ્વભરમાં પ્રખ્યાત છે. તેમણે ભારતને માત્ર આઈટી હબ તરીકે જ નહીં પરંતુ AI હબ તરીકે પણ સ્થાપિત કરવા તરફ આગળ વધવા હાકલ કરી હતી.

એસોસિએશન આફ સાઉથઈસ્ટ એશિયન નેશન્સ (આસિયાન) ની વાટાઘાટ કરનારી ટીમ ૧૯-૨૨ નવેમ્બર દરમિયાન નવી દિલ્હીમાં એશિયન ઈન્ડિયા ટ્રેડ ઈન ગુડસ




એગ્રીમેન્ટની સમીક્ષા પર વાટાઘાટોના આગલા રાઉન્ડ માટે મળશે. આસિયાનમાંથી આયાતમાં વધારો થયા બાદ અને વેપાર સંતુલન જંગી બની ગયા પછી ૨૦૧૯માં ભારતની માંગ પર જે સમીક્ષા માટે સંમતિ આપવામાં આવી હતી તે સંતુલન પાછું મેળવવા અને ત્રીજા દેશો દ્વારા કરારના સંભવિત ઉપયોગની તપાસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. સમીક્ષામાં આઠ ક્ષેત્રો આવરી લેવામાં આવ્યા છે અને આ દરેક માટે અલગ-અલગ કમિટીઓની સ્થાપના કરવામાં આવી છે.

બજારની ઍક્સેસ અને મૂળ નિયમો ઉપરાંત ચાલુ સમીક્ષા દ્વારા આવરી લેવામાં આવતા અન્ય ક્ષેત્રોમાં ધોરણો, તકનીકી નિયમો અને અનુરૂપતા મૂલ્યાંકન પ્રક્રિયાઓ છે.

# સોલાર સેલમાં શું હોય છે, તેમાં ઈલેક્ટ્રિક પાવર ક્યાંથી આવે ?

સોલાર કેલક્યુલેટર ઉપર કાળા રંગની નાનકડી ચોરસ પેનલ તમે જોઈ હશે. આ પેનલ એટલે સોલાર સેલ તે સૂર્યપ્રકાશમાંથી વીજળી બનાવે છે. મકાનોમાં ધાબા ઉપર મોટા કદની સોલાર પેનલ હોય છે. સોલાર પેનલમાં શું હોય છે, તેમાં અને વીજળી કેવી રીતે બને છે તેનું વિજ્ઞાન પણ રસપ્રદ છે. સોલાર સેલને ફોટો વોલ્ટિક સેલ પણ કહે છે. ફોટો એટલે પ્રકાશ અને વોલ્ટિક એટલે વીજળી. સોલાર સેલમાં સિલિકોનની પાતળી પતરી હોય છે. સિલિકોન એટલે સામાન્ય રેતી. પણ વિજ્ઞાનીએ તેનું શુધ્ધિકરણ કરી ક્રિસ્ટલ સ્વરૂપે તારવી ઘણાં ઈલેક્ટ્રોનિક સાધનોમાં ઉપયોગ કરે છે. સિલિકોનના અણુમાં ત્રણ સમુહમાં ૧૪ ઈલેક્ટ્રોન હોય છે, તે ગરમ થાય ત્યારે તેમાંના ઈલેકટ્રોન છૂટા પડી ગતિશીલ બને છે. અને તેમાં હળવો વીજપ્રવાહ



પેદા થાય છે. વિજ્ઞાનીઓએ સિલિકોનમાં ફોસ્ફરસ ભેળવીને આ ક્રિયા વધુ ઝડપી બનાવી. એટલે સૂર્યના હળવા પ્રકાશ અને ઓછી ગરમીથી પણ વીજળી પેદા થાય. સોલાર સેલની રચનામાં સિલિકોનની બે પતરી બાજુબાજુમાં ગોઠવેલી હોય છે. સિલિકોન પ્રકાશનું પરાવર્તન ન કરે અને વધુ ગરમી શોષે એટલે તેને કાળા કાચ વચ્ચે જડી લેવામાં આવે છે. આપણા નખ જેવડો સોલાર સેલ કેલક્યૂલેટર ચાલે એટલી વીજળી પેદા કરી શકે. મકાનોના છાપરા પર સેંકડો સોલાર સેલ ગોઠવીને પેનલ બનાવી ઘરમાં ઉપયોગ થાય તેટલે વીજપ્રવાહ મેળવી શકાય છે.

# માલિની સંતાનથી વંચિત હતી કશ્યપ મુનિના આશીર્વાદથી સંતાન પ્રાપ્ત થયું પરંતુ એ મૃત હતું

**નવા વર્ષ ની શરૂઆત માં સોસાયટી ની પરંપરા અનુસાર ખાસ ઢોલીને બોલાવીને વગડાવવાની એટલે ઢોલ ના પડઘમ માં નવા વર્ષ ની શુભ શરૂઆત જય મંગલ સોસાયટી મા થઈ.ભોગી ભાઈ એ સાકાર ભાઈ ને ફોન કરીને કીધું કે ચાલો હેપી ન્યુ ઈયર કરીને જૂના ઝગડા વિખવાદ ને ઠંડા પાણીમાં નાખી ને ઓલવો નાખીએ. મારા મેથા ના ખરાબ વર્તન બદલ માફી માંગુ છું એ આમપણ અડધી બુધ્ધિનો છે.બુધ્ધિ વાપરી ને લંડન પડ્યો રહીયો હોત તો આજ સ્નેહલતા ને બદલે પરદેશી મેમ ને ફેરવતો હોત..નસીબ..**

જય મંગલ સોસાયટી માં જય અને વીરુ ની જોડી કરતા જય ની મંગલ સાથે મસ્ત દોસ્તી વધારે છે. મતલબ જે બોલો એમાં પંચાત રસ સો ટકા રહેવાનો. આમપણ માણસો ની સંખ્યા વધારે હોય ત્યાં ઝગડાઓ સાથે તહેવારો ની રોનક માં પણ ચાર ચાંદ લાગી જતાં હોય છે. મનુષ્ય સ્વભાવ ને ફુલઝર,દાડમ,ચકરડી ની રોશની કરતા સૂતળી બોમ્બ ના ધડાકા વધારે પસંદ હોય છે. સોસાયટી ના ઓલ્ડ નિવૃત્ત મેમ્બર્સ ને બેત્રણ વર્ષ થી નવી બનેલી નવી કમિટી પ્રત્યે ખાસ લાગવ નહતો એટલે વાત વાતમાં જુવાનિયા ઓ ચોટલી રાખતા નથી ને સ્માર્ટ મોબાઈલ ના પાવર નો રોફ જમાવ્યા કરે છે. ગણ્યા ગાંઠ્યા અગિયાર જુવાનિયા ની હરકત તો જુવો સોસાયટી નું મેઈનટનાન્સ ૪૦૦ માંથી ૭૦૦ કરવા તુલ્યા છે. બધાની પરિસ્થતિ એકસરખી ના હોય મોંઘવારી માં અન્ય ખર્ચ માં ૪૦૦ ના બદલે ૭૦૦ ખર્ચવા ના પોસાય. તાજેતર માં નિવૃત્ત થયેલ ભોગીભાઈ ને થયું કે નિવૃતિ ના ખાલી દિવસો પ્રિય હેમામાલિની ની ટક ટક માં કાઢવી એના કરતાં જૂની કમિટી ને પછાડી ને ચેરમેન બની જાવ.ઓફિસ ના કલાકો સોસાયટી ની ઓફીસ માં ભાઈબંધો ની ટોળી સાથે વીતાવીશ. પિતા શ્રી ના મજબૂત મનસૂબા ને સાથ આપવા ભોગીભાઈ સુપુત્ર મેથાલાલ મેદાને પડ્યા.આમ તો મેથો બે વર્ષ થી સાસુ વહુ ના રોજ ના ઝગડા થી કંટાળી ને એની સ્નેહલતા ને લઈને અલગ ચૂલો કર્યો છે પરંતુ મોટાભાગે એ અને એનું ફેમિલી હરતા ફરતા પિતા શ્રી ના આવાસ માં જ પડ્યું પાથર્યું રહે છે. જ્યાં મેથો ખુદ રહે ત્યાં એ દર મહિને ૧૫૦૦ મેઈનટનન્સ આપે છે પરંતુ પિતાશ્રી ના મનસૂબા સિધ્ધ કરવા એણે સોસાયટી ની કમિટી ને મંત્રવા નું શરુ કરી દીધું. પ્રથમ દિવસ એ શુભ મુહૂર્ત માટે જય મંગલ સોસાયટી ના ગેટ માં એન્ટર થતાં જ મેથા એ ચોકીદાર ને કીધું કે આપણા માં પાણી છે પાણી ભલભલા ને ઉથલાવી નાખીએ..

જય મંગલ સોસાયટીના જૂના જાણીતા ચોકીદાર કરસન કાકાને કાન નું કાચું એટલે એને મેથાની વાત સમજાઈ નહિ. કાકા મૂંઝાયા ને દોડતા દોડતા સોસાયટી ના એકમેવ થાકેલા પાકેલા સેક્રેટરી સાકાર ભાઈ પાસે આવ્યા ને કીધું કે મેથો કહે છે કે એની સોસાયટી ની ટાંકી નું પાણી આપણા ત્યાં નાખવા આવે છે.સાહેબ, ભોગી ભાઈ નો સુપુત્ર મેથો અક્કલ ઓછી ને જીભ વધારે વાપરે છે.એ પાણી લાવશે તો ક્યાં નાખશું? સાકરભાઈ એ કરસન કાકાને સમજાવ્યું કે બિન્દાસ ચોકીદારી કરો મેથા ના દિમાગમાં પાણી નો છાંટો હોય તો પાણી લાવશે ને. કરસન કાકા નીચી મુંડી કરતા કરતા લિફ્ટ માં પચમાં માળ થી ગ્રાઉન્ડ ફ્લોર આવ્યા તો ખરા પણ સોસાયટી ના મેઈન ગેટ તરફ જવાના બદલે દાદરા ચડીને પ્રથમ માળે ભોગીભાઈ ને ત્યાં ગયા. તાકડે ભોગીભાઈ સુપુત્ર મેથાલાલ પણ સહ પરિવાર ત્યાં ઉપસ્થિત હતા. ચોકીદાર કરસન ભાઈ તો ત્યાં અડધી કલાક ચા નાસ્તા માટે જ બેઠા હતા પરંતુ એ પછી મહિનાઓ સુધી સોસાયટી ના ઘરે ઘરે પંચાત રસ અવિરત એટલો અનરાધાર પ્રસર્યો ને કે અંતે સેક્રેટરી સાકાર ભાઈની કમિટી એ પદ પરથી રાજીનામું આપ્યું.આમ છતાંય સાકાર ભાઈ ની કમિટી નું સોસાયટી પર રાજ અકબંધ છે.લે આવું કેમ? પંચાતિયા ઓલ્ડ નિવૃત્ત લોકોની



પંચાત રસ
- રુપાલી દવે

સોસાયટી નો બોજ લેવાની તૈયારી નથી ને અન્ય ૮૮ ફ્લેટ માંથી એકપણ મેમ્બર્સ સોસાયટી ના પદ પર રહેવા માંગતા નથી

નવા વર્ષ ની શરૂઆત માં સોસાયટી ની પરંપરા અનુસાર ખાસ ઢોલીને બોલાવીને વગડાવવાની એટલે ઢોલ ના પડઘમ માં નવા વર્ષ ની શુભ શરૂઆત જય મંગલ સોસાયટી મા થઈ.ભોગી ભાઈ એ સાકાર ભાઈ ને ફોન કરીને કીધું કે ચાલો હેપી ન્યુ ઈયર કરીને જૂના ઝગડા વિખવાદ ને ઠંડા પાણીમાં નાખી ને ઓલવો નાખીએ.મારા મેથા ના ખરાબ વર્તન બદલ માફી માંગુ છું એ આમપણ અડધી બુધ્ધિનો છે.બુધ્ધિ વાપરી ને લંડન પડ્યો રહીયો હોત તો આજ સ્નેહલતા ને બદલે પરદેશી મેમ ને ફેરવતો હોત..નસીબ.. નસીબ બીજું શું? સાકર ભાઈ એ પણ હેપ્પી ન્યૂ ઈયર કરતા કહ્યું કે પડોશીઓ વચ્ચે ઝગડા ક્યારેય થતા નથી વિચાર ભેદ થાય પણ મન ભેદ ના થાય. બીજ,ત્રીજ,લાભ પાંચમ ને છઠ્ઠ આવતા જ ફરી સોસાયટી માં દિવાળી માફક રોનક છવાઈ ગઈ.

જય મંગલ સોસાયટી માં ૮૮ ફ્લેટ માંથી વીસ ફ્લેટ મા યુ.પી બિહાર થી આવેલ પરિવાર વરસો થી રહે છે. છઠ નો તહેવાર પણ દિવાળી ના તહેવારની માફક બધા ભેગા મળીને હસી ખુશી મનાવે છે. સોસાયટી ઓફિસ અને ક્લબની લાંબી પોહળી છત પર રીતસર નો સ્વીમીંગ પુલ જેવું કામચલાઉ તળાવ જુવાનિયા ઓ બનાવે છે. જેમાં દસેક મહિલાઓ આરામ થી ઉભી રહીને સુર્ય દેવ ની પૂજા કરી શકે. રોશની ની ઝગમગાટ માં મુઝિકલ સિસ્ટમ માં વાગતા ભોજપુરી ભાષા ના ગીત સંગીત માં સોસાયટી નો માહોલ ગંગાજી ના તટ જેવો લાગતો હોય છે. ભૂલ થી પણ અંગ્રેજ જય મંગલ સોસાયટી તરફ ભૂલો પડેને તો કનફ્યુઝ થઈ જાય "ગુજરાત ના હાર્ટ માં યુપી બિહાર વસ્યું ". અમેરિકન એન આઈ આર ગીતા માસી ની વાત માં અંગ્રેજી,ગુજરાતી અને હિન્દી ભાષા નો આરોહ અવરોહ સાંભળી ને તો હસવું કે રડવું એજ સમજાતું નથી. ત્રણ પેઢી થી વસતા ત્રિપાઠી ભાઈ ના પત્ની પિન્કી બેન ની બેસ્ટ ફ્રેન્ડ મહેસાણા ના મધુબા સાથે બન્નેની જોડી રામ લખન જેવી. બન્નેના ફ્લેટ સામ સામે એટલે સુખ દુઃખ ના પાક્કા સબંધો. આટલા વર્ષો થી ત્રિપાઠી ભાઈ ગુજરાત માં રહે છે છતાંય એના પરિવાર ના સભ્યો ને ગુજરાતી સરખી રીતે બોલતાં કે સમજતા આવડતું નથી. એજ રીતે મધુ બા બોલાચાલી મહેસાણા ની ને બાવા હિન્દી માં "ઠીક બા, કેસન બા" શબ્દો ની જલક આછી પાતળી જોવા મળે છે.

બૈરા મંડળ છઠ્ઠ ના તહેવારની ધામધૂમ માં ઓળઘોળ હતું જાણે લગ્ન સમારંભ ના હોય એવું વાતાવરણ ચારેય બાજુએ જામ્યું હતું. સોસાયટી ની કમિટી તરફ થી છઠ્ઠ ના પર્વ નિમિતે રાત ના ભોજન ની વ્યવસ્થા રાખવામાં આવી હતી. પાંચ વાગ્યા ની આસપાસ છઠ્ઠ ના વ્રત કરનાર સ્ત્રીઓ સુંદર રીતે સજી ધજી ને શણગાર સજીને પાયલ ના છમ છમ અવાજ માં પૂજા સ્થળે પોહચી.વ્રતી સ્ત્રીઓ સૂર્યાસ્ત થતાં પહેલાં કુત્રિમ તૈયાર કરેલ તળાવ ની વચોવચ ઊભી રહીને સુર્ય દેવ ને ગાય ના દૂધ થી અર્ધ્ય અર્પણ કર્યું. પૂજા સામગ્રીઓ રાખેલ સૂપડું પકડીને સુર્ય નારાયણ ભગવાન ને ભોગ સામગ્રીઓ અને સંધ્યા દેવી ને સાજ શણગાર અર્પણ કર્યા. પૂજા વિધિ પૂર્ણ થતાં છઠ્ઠી મૈયા ની કથા ડી બ્લોક માં રહેતા શર્મા ફેમિલી ના બુઝુર્ગ સારંગી દાદી એ કથાનું બધા સમક્ષ વાંચન કર્યું:

પ્રિય વ્રત રાજાની પત્ની માલિની સંતાન સુખ થી વંચિત હતી કશ્યપ મુનિ ના આશીર્વાદ થી સંતાન તો પ્રાપ્ત થયું પરંતુ એ મૃત હતું. સંતાન ને સ્મશાન માં દાહ સંસ્કાર કરીને પતિ પત્ની એ ત્યાંજ આત્મ હત્યા કરવાનું નક્કી કર્યું પરંતુ એટલા મા "છઠ્ઠી દેવી" પ્રગટ થયા ને વ્રત કરવાથી સંતાન પ્રાપ્તિ થશે એવા આશીર્વાદ આપ્યા. રાજા રાણી એ માતાજી આપેલ વ્રત વિધિ વિધાન થી કરતા માતાજી ની કૃપાથી રાણી માલિની ને સંતાન માં પુત્ર પ્રાપ્તિ થઈ.

વ્રત ની કથા સંભળાવી ને સારંગી દાદી મોટેથી બોલ્યા કે હે!!છઠ્ઠી મૈયા કોલોની ના બધા બાળકો પર તમારી કૃપા અવિરત રહે એવી પ્રાર્થના. બોલો છઠ્ઠી મૈયા કી જય..

# ફિલ્મ સ્ટારને ધમકી મળવાનો ટ્રેન્ડ

## ભાઈજાન બાદ શાહરુખ ખાનને મળી ધમકી, રાયપુરના ફૈઝાન નામના વ્યક્તિએ ફોન પર ખંડણી માગી

**સલમાન ખાન બાદ હવે શાહરુખ ખાનને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. મોબાઈલ પર ધમકી મળ્યા બાદ શાહરૂખ ખાનની ટીમે ફરિયાદ નોંધાવી છે.**

(એજન્સી) મુંબઈ | તા.07

પોલીસે તપાસ શરૂ કરી બોલિવૂડ સુપરસ્ટાર શાહરુખ ખાનને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. રિપોર્ટ અનુસાર તેને ધમકીનો ફોન આવ્યો હતો. મુંબઈના બાંદ્રા પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. છત્તીસગઢના રાયપુરના રહેવાસી ફૈઝાન નામના વ્યક્તિએ ધમકીભર્યો ફોન કર્યો છે. સૂત્રોએ જણાવ્યું કે મુંબઈ પોલીસની એક ટીમ તપાસ માટે રાયપુર ગઈ છે. અભિનેતા શાહરૂખ ખાનને કથિત રીતે ધમકી આપવા બદલ બાંદ્રા પોલીસ સ્ટેશનમાં વ્યક્તિ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. કલમ 308(4), 351(3)(4) BNS હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.સૂત્ર અનુસાર, રાયપુરના આરોપીએ એક્ટર પાસેથી ખંડણી માગી છે.

ધમકીમાં શું કહ્યું? મુંબઈ પોલીસ આ મામલાને ગંભીરતાથી લઈ રહી છે. શાહરૂખ ખાનને આ ધમકી આપવા પાછળનો હેતુ જાણવામાં આવી રહ્યો છે. મુંબઈ પોલીસની એક ટીમ રાયપુર પહોંચી ગઈ છે. ત્યાં આ ટીમ મામલાની તપાસ કરશે. બાંદ્રા પોલીસ સ્ટેશનમાં શાહરુખ ખાન માટે ધમકીભર્યો ફોન આવ્યો હતો. ફોન કરનાર વ્યક્તિએ કહ્યું કે, જો શાહરુખ ખાન પોતાનો જીવ બચાવવા માંગતો હોય તો અમને કરોડો રૂપિયા આપો. નહીંતર તેમને પરિણામ ભોગવવા પડશે અને ત્યારબાદ કોલ ડિસ્કનેક્ટ થઈ ગયો હતો. આરોપીએ ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો.

શું શાહરુખની સુરક્ષા કર્યો વધારો? શાહરૂખના નામે ધમકીભર્યા કોલ બાદ માનવામાં આવી રહ્યું છે કે શાહરૂખ ખાનની સુરક્ષામાં પણ વધારો કરવામાં આવશે. મન્નતના ઘરે સુરક્ષા વધારી દેવામાં આવી છે. થોડા દિવસો પહેલા પણ પોલીસે મન્નતની બહાર બેરિકેડ લગાવ્યા હતા. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે શાહરુખ તરફથી હજુ સુધી વધારાની સુરક્ષાની કોઈ માંગ કરવામાં આવી નથી.

બાબા સિદ્દીકીની હત્યા બાદ સલમાનની સુરક્ષામાં વધારો સલમાન ખાન ભારે સુરક્ષા સાથે એરપોર્ટ પહોંચ્યો હતો. ગયા મહિને 12 તારીખે સલમાનના નજીકના બાબા સિદ્દીકીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી, ત્યારબાદ સલમાનની સુરક્ષા વધારી દેવામાં આવી છે. આ હત્યાની જવાબદારી લોરેન્સ બિશ્નોઈ ગેંગે લીધી હતી. સોશિયલ મીડિયા પર વાઈરલ પોસ્ટમાં સલમાનને પણ ધમકી આપવામાં આવી હતી.

### સલમાનની સુરક્ષા વધારવામાં આવી...

**12 ઓક્ટોબર:** સલમાનના નજીકના બાબા સિદ્દીકીની હત્યા સલમાન ખાનના નજીકના સાથી અને NCP નેતા બાબા સિદ્દીકીના પુત્ર ઝીશાન ઓફિસમાંથી બહાર આવ્યા હતા. ત્યારબાદ તેના પર 6 ગોળીઓ ચલાવવામાં આવી હતી. બે ગોળી સિદ્દીકીના પેટમાં અને એક છાતીમાં વાગી હતી. તેને તાત્કાલિક લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, જ્યાં રાત્રે 11.27 વાગ્યે તેને મૃત જાહેર કરવામાં આવ્યો. આ હુમલાની જવાબદારી લોરેન્સ ગેંગે લીધી હતી.

**14 એપ્રિલ:** સલમાનના એપાર્ટમેન્ટ પર ફાયરિંગ સલમાન ખાનના બાંદ્રા સ્થિત ઘર ગેલેક્સી એપાર્ટમેન્ટમાં ફાયરિંગ થયું હતું. આ હુમલાની જવાબદારી લોરેન્સ ગ્રુપે લીધી હતી. ઘટનાના બે મહિના બાદ સલમાને મુંબઈ પોલીસને નિવેદન આપ્યું હતું. તેણે કહ્યું હતું કે, 'હું વારંવાર અલગ-અલગ લોકો દ્વારા નિશાન બનીને કંટાળી ગયો છું. અગાઉ પણ અનેક વખત ધમકીઓ મળી છે, દંડ પણ ફટકારવામાં આવ્યો છે. હું ઘણા કેસોમાં ફસાઈ ગયો છું.'

### આ પહેલાં સલમાનને કેટલી વાર ધમકી મળી?

**જાન્યુઆરી 2024:** બે અજાણ્યા લોકોએ ફેન્સિંગ વાયર તોડીને સલમાન ખાનના ફાર્મ હાઉસમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો. પોલીસના હાથે ઝડપાઈ જતાં બંનેએ પોતાને સલમાનના ચાહક જાહેર કર્યા હતા. તેમની પાસેથી નકલી આધાર કાર્ડ મળી આવ્યાં હતાં. આ કારણે બંને વિરુદ્ધ FIR પણ નોંધવામાં આવી હતી.

**એપ્રિલ 2023:** એક 16 વર્ષીય સગીરે મુંબઈ પોલીસને ફોન કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસે તેની અટકાયત કરી હતી. તેણે મુંબઈ પોલીસને તેનું નામ રોકી ભાઈ હોવાનું જણાવ્યું હતું. તેણે કહ્યું હતું કે તે જોધપુરનો રહેવાસી છે અને 30 એપ્રિલ 2023ના રોજ સલમાનને મારી નાખશે.

**માર્ચ 2023:** જોધપુરના રહેવાસી ધાકડરામે સલમાનના ઓફિશિયલ મેઈલ પર 3 ઈ-મેલ મોકલ્યા હતા. તેમાં લખ્યું હતું કે, સલમાન ખાન હવે તારો વારો છે, જોધપુર આવતા જ તને સિદ્ધુ મૂસેવાલાની જેમ મારી નાખવામાં આવશે.

**જૂન 2022:** સલમાનના પિતા સલીમ ખાન મોર્નિંગ વોક કરીને ઘરે પરત ફર્યા ત્યારે તેમને એક અજાણ્યો પત્ર મળ્યો જેમાં તેમને અને સલમાનને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. પત્રમાં લખ્યું હતું - 'સલમાન ખાન તમારી હાલત મૂસેવાલા જેવી કરી દેવાશે.' આ પછી સલીમ ખાને પોતાના સુરક્ષાકર્મીઓની મદદથી પોલીસનો સંપર્ક કર્યો અને બાંદ્રા પોલીસ સ્ટેશનમાં આ અંગે કેસ નોંધવામાં આવ્યો.



# કમલ હાસન 70 વર્ષના થયા : 6 વર્ષની ઉંમરે રાષ્ટ્રપતિ એવોર્ડ જીત્યો, દીકરીએ અપ્પાને 'યુનિક હીરો' ગણાવ્યા

**સુપરસ્ટાર કમલ હાસન આજે 70 વર્ષના થઈ ગયો છે. કમલ હાસને ઈન્ડસ્ટ્રીમાં ઘણું નામ કમાવ્યું છે. તેણે સાઉથથી લઈને બોલિવૂડ સુધી પોતાની ઓળખ બનાવી. તે પોતાની જબરદસ્ત એક્શન અને યંગ એક્ટ્રેસ સાથેના રોમાન્સ માટે હેડલાઇન્સમાં રહ્યો હતો**

(એજન્સી) મુંબઈ | તા.07

સુપરસ્ટાર કમલ હાસન આજે 70 વર્ષના થઈ ગયો છે. કમલ હાસને ઈન્ડસ્ટ્રીમાં ઘણું નામ કમાવ્યું છે. તેણે સાઉથથી લઈને બોલિવૂડ સુધી પોતાની ઓળખ બનાવી. તે પોતાની જબરદસ્ત એક્શન અને યંગ એક્ટ્રેસ સાથેના રોમાન્સ માટે હેડલાઇન્સમાં રહ્યો હતો. કમલ હાસનના નામે ઘણા રેકોર્ડ છે. માત્ર 6 વર્ષની ઉંમરે તેમણે રાષ્ટ્રપતિ એવોર્ડ જીત્યો હતો. આ ખાસ અવસર પર સુપરસ્ટારની પુત્રી શ્રુતિ હાસને તેના પિતાના નામે એક ખાસ પોસ્ટ કરી છે.

અભિનેત્રી પુત્રી શ્રુતિ હાસને તેના 'અપ્પા' માટે એક ભાવનાત્મક નોટ લખી અને તેમને 'અનોખા હીરા' કહ્યા. શ્રુતિએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર જીમમાં પોતાનો અને તેના પિતાનો ફોટો પોસ્ટ કર્યો છે. ફોટોમાં, કમલ એથ્લેઝર પહેરેલો જોવા મળે છે, જ્યારે એક્ટ્રેસ સંપૂર્ણ રીતે સજી-ધજી જોવા મળે છે. જો કે, તેમના ચહેરા દેખાતા નથી કારણ કે તેમની પીઠ કેમેરા તરફ છે.

કેપ્શનમાં તેણે લખ્યું, 'હેપ્પી બર્થ ડે અપ્પા. તમે એક અમૂલ્ય હીરા છો અને તમારી સાથે ચાલવું એ જીવનની મારી પ્રિય વસ્તુઓમાંથી એક છે. હું જાણું છું કે તમે ભગવાનમાં માનતા નથી, પરંતુ તમે હંમેશા તેમના પસંદ કરેલા બાળક રહેશો.'

શ્રુતિએ કહ્યું, 'તે તેમના(પપ્પા)દ્વારા કરવામાં આવતી જાદુઈ વસ્તુઓ જોવા માટે હંમેશા ઉત્સાહિત રહે છે.' અભિનેત્રીએ કહ્યું કે તે ઈચ્છે છે કે આપણે ઘણા વધુ જન્મદિવસ અને સપના સાકાર થવાની ઉજવણીઓ કરીએ. હું તમને ખૂબ પ્રેમ કરું છું, પા.'

નોંધનીય છે કે, કમલ હાસને તમિલ, મલયાલમ, તેલુગુ, હિન્દી, કન્નડ અને બંગાળી ફિલ્મોમાં કામ કર્યું છે. ભારતીય સિનેમાના સૌથી દિગ્ગજ અને સન્માનિત એક્ટર્સમાના એક ગણાતા કમલ હાસનને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર, 9 તમિલનાડુ રાજ્ય ફિલ્મ પુરસ્કારો, ચાર નંદી પુરસ્કારો, એક રાષ્ટ્રપતિ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.

કમલ હાસનને 1984માં કલૈમામણિ એવોર્ડ, 1990માં પદ્મશ્રી, 2014માં પદ્મ ભૂષણ અને 2016માં ઓર્ડર ઓફ આર્ટસ એન્ડ લેટર્સ (શેવેલિયર)થી નવાજવામાં આવ્યા છે. કમલે 1960માં 'કલાથુર કનમ્મા'થી ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી અને તે સમયે તેની ઉંમર માત્ર 6 વર્ષની હતી. આ ફિલ્મમાં તેમના શ્રેષ્ઠ અભિનય માટે તેમને રાષ્ટ્રપતિ એવોર્ડ આપવામાં આવ્યો હતો.

અભિનેતાએ એસ. શંકર દ્વારા નિર્દેશિત 'ઈન્ડિયન 2'માં પણ કામ કર્યું હતું. તે ભારતીય ફિલ્મ સિરીઝનો બીજો ભાગ હતો અને 1996માં આવેલી ફિલ્મ 'ઈન્ડિયન'ની સિક્વલ હતી. તેમણે ભ્રષ્ટાચાર સામે લડતા વૃદ્ધ સ્વાતંત્ર્ય સેનાનીની ભૂમિકાને પુનઃદોહરાવી હતી. કમલ ટૂંક સમયમાં 'ઈન્ડિયન 3' અને 'ઠગ લાઈફ'માં જોવા મળશે.



# રણબીરની રામાયણ બે ભાગમાં રજૂ થશે, પહેલો ભાગ 2026ની દિવાળીએ

મુંબઈ | રણબીર કપૂર અને સાઈ પલ્લવીની 'રામાયણ' ફિલ્મની હવે સત્તાવાર ઘોષણા કરાઈ છે. આ ફિલ્મ બે ભાગમાં રીલિઝ કરાશે. પહેલો ભાગ ૨૦૨૬ની દિવાળીએ તથા બીજો ભાગ ૨૦૨૭ની દિવાળીએ રીલીઝ કરાશે તેમ જાહેર કરાયું છે.

રણબીર કપૂર છેલ્લા થોડા મહિનાઓથી ફિલ્મ રામાયણનું શૂટિંગ કરી રહ્યો છે. જેમાં તે ભગવાન રામનો રોલ નિભાવી રહ્યો છે. સીતાના રોલમાં સાંઇ પલ્લવી જોવા મળવાની છે. ફિલ્મના સેટ પરથી બન્નેના લુક લીક થઇ ચૂક્યા છે. ફિલ્મમાં યશ રાવણની ભૂમિકામાં છે જ્યારે અરુણ ગોવિલ દશરથનું પાત્ર ભજવી રહ્યો છે.

જોકે, ફિલ્મનાં કાસ્ટિંગ તથા શૂટિંગની અનેક વિગતો જાહેર થવા છતાં પણ હજુ સુધી નિર્માતાઓએ ફિલ્મ વિશે સત્તાવાર રીતે કશું કહ્યું ન હતું. આખરે આજે ફિલ્મનું પોસ્ટર રીલિઝ કરાયું હતું. જોકે, પોસ્ટરમાં પણ કલાકારોનો કોઈ ઉલ્લેખ નથી.

બોલીવૂડમાં છેલ્લા કેટલાય સમયથી રામાયણ આધારિત ફિલ્મોનું ચલણ વધ્યું છે. તાજેતરમાં રજૂ થયેલી 'સિંઘમ અગેઈન'માં પણ રામાયણ પરથી પ્રેરણા લેવાઈ છે. આ પહેલાં રામાયણ આધારિત 'આદિપુરુષ' રજૂ થઈ ચૂકી છે. અક્ષય કુમારની 'રામ સેતુ'માં પણ રામાયણના સંદર્ભ સાથેની વાર્તા હતી.

# વિક્રાંતને મળી મારી નાખવાની ધમકી

## 'ધ સાબરમતી રિપોર્ટ' ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં એક્ટરે કહ્યું, 'આ ફિલ્મ સત્યને ઉજાગર કરે છે, ફિલ્મ જોયા પહેલા પૂર્વધારણા ના બાંધો...

(એજન્સી) મુંબઈ | તા.07



વિક્રાંત મેસીની ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ' રિપોર્ટ ટૂંક સમયમાં રિલીઝ થવા જઈ રહી છે. આ જાહેરાત બાદથી જ આ ફિલ્મ વિવાદાસ્પદ મુદ્દો હોવાને કારણે ચર્ચામાં છે. આ ફિલ્મનું પ્રમોશન પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ દરમિયાન વિક્રાંત મેસ્સીએ ખુલાસો કર્યો છે કે તેને ઘણા સમયથી જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે. અભિનેતાના કહેવા પ્રમાણે, આ ધમકીઓ તેની આગામી ફિલ્મ માટે આપવામાં આવી રહી છે.

'ધ સાબરમતી રિપોર્ટ' ફિલ્મના પ્રમોશનલ ઈવેન્ટમાં વિક્રાંતને પૂછવામાં આવ્યું કે શું તેને ધમકીઓ મળી છે. તેના પર અભિનેતાએ કહ્યું, હા, મને આજ સુધી કોઈએ આ વિશે પૂછ્યું નથી, તેથી મેં તેના વિશે કહ્યું નથી. હા, મને ધમકીઓ મળી છે અને મળી રહી છે. પરંતુ મેં કહ્યું તેમ, અમે કલાકારો છીએ, અમે વાર્તાઓ વણીએ છીએ. લોકો શું વિચારે છે અથવા તેઓ શું અનુભવે છે તેનાથી કોઈ ફરક પડતો નથી. હું કહેવા માંગુ છું કે આ ફિલ્મ (ધ સાબરમતી રિપોર્ટ) સંપૂર્ણપણે સત્ય પર આધારિત છે. કમનસીબે, તમે બધાએ હજુ સુધી આ ફિલ્મ જોઈ નથી. તેથી, તમારે કોઈપણ પૂર્વધારણાની રચના કરવી જોઈએ નહીં. વિક્રાંતે આગળ કહ્યું કે, હું આ મુદ્દા પર પાછા આવવા માંગુ છું. હું આ ધમકીઓનો સામનો કરી રહ્યો છું અને અમારી ટીમ પણ સાથે મળીને તેનો સામનો કરી રહી છે. ફિલ્મનું ટ્રેલર લોન્ચ ઈવેન્ટ 6 નવેમ્બરે આયોજિત કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં આ ફિલ્મ 3 મેના રોજ રિલીઝ થવાની હતી, જો કે, લોકસભાની ચૂંટણીને કારણે ફિલ્મ મોકૂફ રાખવામાં આવી હતી. હવે આ ફિલ્મ 15 નવેમ્બરે રિલીઝ થશે. એકતા કપૂર દ્વારા નિર્મિત આ ફિલ્મમાં વિક્રાંત મેસી, રિદ્ધિ ડોગરા અને રાશિ ખન્ના મુખ્ય ભૂમિકામાં છે. ફિલ્મના ટ્રેલરમાં વિક્રાંત મેસી, રાશિ ખન્ના અને રિદ્ધિ ડોગરા પત્રકારની ભૂમિકામાં જોવા મળી રહ્યા છે. રંજન ચંદેલ દ્વારા નિર્દેશિત આ ફિલ્મ 2002ની ગોધરાની ઘટના પર આધારિત છે. સાબરમતી રિપોર્ટ ગૂગલ પર ટ્રેન્ડ થયો ટ્રેલર લૉન્ચ થયા બાદથી, આગામી ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ' ને ગૂગલ પર સતત સર્ચ કરવામાં આવી રહી છે.

# મનીષા 'બોમ્બે' ફિલ્મ કરવા માગતી નહોતી

## એક્ટ્રેસે કહ્યું- લોકો કહેતા હતા કે જો હું માતાની ભૂમિકા ભજવીશ તો હું ક્યારેય હિરોઈન નહીં બની શકું

(એજન્સી) મુંબઈ | તા.07



મનીષા કોઈરાલાએ 1995માં આવેલી ફિલ્મ બોમ્બેમાં શૈલા બાનુનું પાત્ર ભજવ્યું હતું. હાલમાં જ એક ઈન્ટરવ્યુ દરમિયાન તેણે આ પાત્ર સાથે જોડાયેલી એક કિસ્સો શેર કર્યો હતો. મનીષાએ કહ્યું કે શરૂઆતમાં તેને આ પાત્ર ભજવવા અંગે ઘણી શંકા હતી. ઘણા લોકો તેને કહેતા હતા કે તે માતાની ભૂમિકા ભજવીને ટાઈપકાસ્ટ થઈ શકે છે. જો કે, સલાહના એક ભાગથી તેનો દ્રષ્ટિકોણ બદલાઈ ગયો અને તેણે આ ભૂમિકા નિભાવવાનું નક્કી કર્યું. મનીષા કોઈરાલાએ કહ્યું, 'જ્યારે મને 'બોમ્બે' ફિલ્મ ઓફર કરવામાં આવી ત્યારે હું થોડી ભોળી હતી. મારી આસપાસના લોકો મને આ રોલ ન લેવાનું કહેતા હતા, કારણ કે તેમાં મારે બે બાળકોની માતાનો રોલ કરવાનો હતો. તેમને ડર હતો કે જો હું માતાની ભૂમિકા ભજવીશ તો મને હિરોઈનની ભૂમિકાઓ નહીં મળે. મનીષાએ કહ્યું, 'આ સમય દરમિયાન સિનેમેટોગ્રાફર અશોક મહેતાએ મને મણિરત્નમના કામ વિશે જાણવાની અને આ મોટી તકને કોઈપણ કિંમતે ગુમાવવાની સલાહ આપી, કારણ કે મણિરત્નમ સાથે કામ કરવું એ એક શ્રેષ્ઠ તક સાબિત થઈ શકે છે.

મનીષા કોઈરાલાએ કહ્યું, 'જ્યારે હું મણિ સરને મળી ત્યારે તેમની સમજણ, નમ્રતા અને સર્જનાત્મક શૈલીએ મને ખૂબ પ્રેરિત કરી. આ પછી, મને ફિલ્મનો સંદેશ પણ ગમ્યો, જે એકતા અને પરિવારની જેમ સાથે રહેવા વિશે હતો.

લુક ટેસ્ટ દરમિયાન, હું સમજી ગઈ કે તે કંઈક ખાસ અને અલગ બનાવી રહ્યા છે. ઈન્ડિયા ટુડે સાથે વાત કરતા મનીષાએ કહ્યું, 'મણિ સર સાથે કામ કરીને ઘણું શીખ્યા. તેમની શોટ લેવાની રીત અને તેના પ્રયોગો એકદમ અલગ છે. તે માસ્ટર છે. અને હું અશોક જીનો આભાર માનું છું, જેમણે મને ઠપકો આપીને સાચો રસ્તો બતાવ્યો.

# 'દિવ્યા ભારતીનું મૃત્યુ દુર્ઘટના હતી મર્ડર નહીં'

## ગુડ્ડી મારુતિએ કહ્યું- પતિ સાજીદની કાર જોવાનો પ્રયાસ કરતા નીચે નમી ત્યારે પગ લપસ્યો અને બિલ્ડિંગ પરથી પડી ગઈ

(એજન્સી) મુંબઈ | તા.07

દિવ્યા ભારતી 19 વર્ષની હતી જ્યારે તેનું બિલ્ડીંગ પરથી પડવાના કારણે તેનું મૃત્યુ થયું હતું. ઘણા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેની હત્યા કરવામાં આવી હતી. જો કે, તાજેતરના એક ઈન્ટરવ્યુમાં, અભિનેત્રી ગુડ્ડી મારુતિએ હત્યાના મુદ્દાને અફવા ગણાવી છે. તેમણે કહ્યું કે દિવ્યાનું મૃત્યુ બિલ્ડિંગ પરથી પડી જવાથી થયું હતું. તે બારીમાંથી તેના પતિની કાર શોધી રહી હતી ત્યારે તેનો પગ લપસ્યો અને તે પડી ગઈ.

સિદ્ધાર્થ કાનનને આપેલા ઈન્ટરવ્યુમાં ગુડ્ડીએ કહ્યું, 'તે જુહુમાં એક બિલ્ડિંગના પાંચમા માળે રહેતી હતી. એક રાત્રે હું તે બિલ્ડીંગની નજીક એક આઈસ્ક્રીમની દુકાનમાં જઈ રહી હતી, ત્યારે મેં મારું નામ બૂમ પાડતો અવાજ સાંભળ્યો. મેં ઉપર જોયું અને જોયું કે તે દિવ્યા હતી. તે તેના ફ્લોરની છત પર તેના પગ લટકાવીને બેઠી હતી. મેં તેને કહ્યું કે આ રીતે બેસવું સલામત નથી અને તેણે અંદર જવું જોઈએ. આના પર તેણે કહ્યું કે કંઈ નહીં થાય. તે ઊંચાઈથી ડરતી નહોતી. હું તેને જોઈને જ ડરી ગઈ.

દિવ્યા તેના મૃત્યુ પહેલા દુઃખી હતી ગુડ્ડીએ આગળ કહ્યું, 'તે સારી છોકરી હતી, પણ થોડી ગડબડ પણ હતી. હું તેના બાળપણ વિશે જાણતી નથી, પરંતુ તે થોડી પરેશાન હતી. તેણે તેનું જીવન જીવ્યું જાણે આજે તેનો છેલ્લો દિવસ હોય. 5 એપ્રિલની રાત્રે તેનું અવસાન થયું અને 4 એપ્રિલ મારો જન્મદિવસ હતો. મારા ઘરે એક પાર્ટી હતી, જેમાં દિવ્યા, ગોવિંદા, સાજિદ અને અન્ય લોકોએ પણ હાજરી આપી હતી. તે પાર્ટી એન્જોય કરતી હતી, પરંતુ મને લાગ્યું કે તે થોડી ઉદાસ છે. તેને આઉટડોર શૂટ માટે જવાનું હતું. જો કે તેનું બિલકુલ મન નહોતું જવાનું.

ગુડ્ડીએ કહ્યું- નીતાએ દિવ્યાને પડતી જોઈ હતી. ગુડ્ડીએ જણાવ્યું કે દિવ્યાના મોતથી તેનો આખો પરિવાર સ્તબ્ધ થઈ ગયો હતો. તેણે કહ્યું, 'તેની માતાની હાલત ખરાબ હતી.

# ICC ટેસ્ટ રેન્કિંગ, કોહલી 10 વર્ષ બાદ ટોપ-20માંથી 'OUT'

## રોહિત 26માં નંબરે પહોંચ્યો, ટોપ-10માં માત્ર બે બેટ્સમેન; જાડેજા ફરી ટોપ ઓલરાઉન્ડર

(એજન્સી) દુબઈ | તા 07

ICC ટેસ્ટ બેટ્સમેન રેન્કિંગમાં ભારતનો વિરાટ કોહલી ટોપ-20 અને રોહિત શર્મા ટોપ-25માંથી બહાર છે. બુધવારે જાહેર કરાયેલી તાજેતરની રેન્કિંગમાં રિષભ પંત અને શુભમન ગિલને ફાયદો થયો છે. જ્યારે બોલર રેન્કિંગમાં રવિચંદ્રન અશ્વિન પાંચમા સ્થાને પહોંચી ગયો છે. ન્યૂઝીલેન્ડ ટેસ્ટ ટીમ રેન્કિંગમાં એક સ્થાનની છલાંગ લગાવીને 5માં નંબરે છે. ટીમે શ્રીલંકાને પાછળ ધકેલી દીધું. ઓસ્ટ્રેલિયા પ્રથમ સ્થાને અને ભારત બીજા સ્થાને છે. ઓલરાઉન્ડરોની યાદીમાં રવિન્દ્ર જાડેજા ટોપ પર છે. બીજા સ્થાને આર. અશ્વિન છે.

### વિરાટ 22માં નંબર પર

વિરાટ કોહલી બાંગ્લાદેશ અને ન્યૂઝીલેન્ડ સામેની હોમ ટેસ્ટ સિરીઝમાં માત્ર એક જ ફિફ્ટી ફટકારી શક્યો હતો. તેણે 10 ઈનિંગ્સમાં 21.33ની એવરેજથી 192 રન બનાવ્યા હતા. સતત 5 ટેસ્ટમાં નબળા પ્રદર્શનને કારણે વિરાટ 8મું સ્થાન ગુમાવીને 22માં સ્થાને પહોંચી ગયો છે. વિરાટ 10 વર્ષ બાદ ટોપ-20 ટેસ્ટ રેન્કિંગમાંથી બહાર હતો, છેલ્લી વખત તે 2014માં ઈંગ્લેન્ડ સામે ખરાબ પ્રદર્શનને કારણે ટોપ-20માંથી બહાર થયો હતો. તે જ વર્ષે, તે ઓસ્ટ્રેલિયામાં 4 સદી ફટકારીને ટોપ-10માં પાછો ફર્યો. હવે ભારત 22 નવેમ્બરથી ફરી એકવાર ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જઈ રહ્યું છે. રોહિત શર્માને પણ બેટ્સમેનોની રેન્કિંગમાં 24માં સ્થાનેથી 26માં સ્થાન પર નુકસાન થયું છે. ભારતના વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંત છઠ્ઠા સ્થાને પહોંચીને ટોપ-10માં પ્રવેશ્યો છે. શુભમન ગિલ પણ 4 સ્થાનની છલાંગ લગાવીને 16માં સ્થાને પહોંચી ગયો છે. યશસ્વી જયસ્વાલ ટેસ્ટ બેટ્સમેનોમાં ટોચનો ભારતીય છે. જો કે ન્યૂઝીલેન્ડ સિરીઝ બાદ તે પણ એક સ્થાન ગુમાવીને ચોથા સ્થાને પહોંચી ગયો હતો. ઈંગ્લેન્ડનો જો રૂટ પ્રથમ અને ન્યૂઝીલેન્ડનો કેન વિલિયમસન બીજા ક્રમે છે.બાંગ્લાદેશ સામેની ટેસ્ટ સિરીઝ બાદ બોલરોની રેન્કિંગમાં ભારતનો જસપ્રિત બુમરાહ પ્રથમ અને રવિચંદ્રન અશ્વિન બીજા સ્થાને છે. ન્યૂઝીલેન્ડ શ્રેણી બાદ બુમરાહ ત્રીજા સ્થાને અને અશ્વિન પાંચમા સ્થાને પહોંચી ગયો છે. જો કે રવિન્દ્ર જાડેજા 2 સ્થાનની છલાંગ લગાવીને છઠ્ઠા નંબરે છે. દક્ષિણ આફ્રિકાનો કાગીસો રબાડા પ્રથમ સ્થાને અને ઓસ્ટ્રેલિયાનો જોશ હેઝલવુડ બીજા સ્થાને યથાવત છે.ન્યૂઝીલેન્ડ સામેની ટેસ્ટ સિરીઝ 0-3થી હારી જવા છતાં ટીમ રેન્કિંગમાં ભારત બીજા સ્થાને યથાવત છે. ઓસ્ટ્રેલિયા ટોપ પર છે. ન્યૂઝીલેન્ડ એક સ્થાન આગળ વધીને પાંચમા સ્થાને છે. ટીમ ઈન્ડિયા ODI અને T-20માં ટોપ ટીમ બની રહી છે.ઈન્ટરનેટ પર સર્ચ કરવામાં આવી રહ્યો છે કોહલીને

ભારતીય બેટ્સમેન વિરાટ કોહલીને 5મી નવેમ્બરે તેના જન્મદિવસ પર સોશિયલ મીડિયા પર ખૂબ ખૂબ અભિનંદન મળી રહ્યા છે. જે બાદ ઘણા લોકોએ તેને ઓનલાઈન સર્ચ કર્યું. હવે રેન્કિંગ બાદ પણ તેને સર્ચ કરવામાં આવી રહ્યો છે. છેલ્લા 30 દિવસના ગૂગલ ટ્રેન્ડ પર નજર કરીએ તો સ્પષ્ટ થાય છે કે કોહલીને સર્ચ કરવાનો ગ્રાફ ઝડપથી વધી રહ્યો છે.




## જાડેજા અઢી વર્ષથી ટોપ ઓલરાઉન્ડર

ઓલરાઉન્ડર રેન્કિંગમાં ભારતનો રવિન્દ્ર જાડેજા હજુ પણ ટોપ પર છે. રવિચંદ્રન અશ્વિન બીજા નંબરે છે જ્યારે અક્ષર પટેલ 8માં નંબરે સરકી ગયો છે. 2017માં પ્રથમ વખત નંબર-1 ટેસ્ટ ઓલરાઉન્ડર બનેલા જાડેજાએ માર્ચ 2022માં ફરીથી નંબર વનનું સ્થાન મેળવ્યું હતું. ICC ટેસ્ટ બેટ્સમેન રેન્કિંગમાં ભારતનો વિરાટ કોહલી ટોપ-20 અને રોહિત શર્મા ટોપ-25માંથી બહાર છે. બુધવારે જાહેર કરાયેલી તાજેતરની રેન્કિંગમાં રિષભ પંત અને શુભમન ગિલને ફાયદો થયો છે. જ્યારે બોલર રેન્કિંગમાં રવિચંદ્રન અશ્વિન પાંચમા સ્થાને પહોંચી ગયો છે. ન્યૂઝીલેન્ડ ટેસ્ટ ટીમ રેન્કિંગમાં એક પાછળ ધકેલી દીધું. ઓસ્ટ્રેલિયા પ્રથમ સ્થાને અને ભારત બીજા સ્થાને છે. ઓલરાઉન્ડરોની યાદીમાં રવિન્દ્ર જાડેજા ટોપ પર છે. બીજા સ્થાને આર. અશ્વિન છે. ત્યારથી જાડેજા નંબર વન પર યથાવત છે. બાંગ્લાદેશ સામેની ટેસ્ટ સિરીઝ બાદ બોલરોની રેન્કિંગમાં ભારતનો જસપ્રિત બુમરાહ પ્રથમ અને રવિચંદ્રન અશ્વિન બીજા સ્થાને છે. ન્યૂઝીલેન્ડ શ્રેણી બાદ બુમરાહ ત્રીજા સ્થાને અને અશ્વિન પાંચમા સ્થાને પહોંચી ગયો છે. જો કે રવિન્દ્ર જાડેજા 2 સ્થાનની છલાંગ લગાવીને છઠ્ઠા નંબરે છે. દક્ષિણ આફ્રિકાનો કાગીસો સ્ટ્રેલિયાનો જોશ હેઝલવુડ બીજા સ્થાને ભારતીય બેટ્સમેન વિરાટ કોહલીને 5મી નવેમ્બરે તેના જન્મદિવસ પર સોશિયલ મીડિયા પર ખૂબ ખૂબ અભિનંદન મળી રહ્યા છે.




## આ ખેલાડીએ કરી ભવિષ્યવાણી, ઓસ્ટ્રેલિયામાં નહીં ચાલે રોહીત-વિરાટ

(એજન્સી) લંડન | તા 07

વિરાટ કોહલી અને રોહિત શર્મા બંનેના દિવસો સારા નથી. આ બંને બેટ્સમેનોનું બેટમાંથી રન નથી નીકળી રહ્યાં. ન તો તેઓ બાંગ્લાદેશ સામે સારા રન બનાવી શક્યા છે, અને ના તો ન્યુઝીલેન્ડ સામે કંઈ ઉકાળી શક્યા, પરિણામે હવે ભારતના આધારસ્તંભ જેવા બંને ખેલાડીઓ પર સવાલો ઉભા થઈ રહ્યા છે. વિરાટ-રોહિતના ચાહકોને આશા છે કે આ ખેલાડીઓ ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં તેમના બેટની તાકાત બતાવશે અને ઘણા રન બનાવશે. વિરાટ કોહલી અને રોહિત શર્માના બેટ અત્યારે શાંત છે અને આ જ કારણ છે કે દુનિયાભરના ક્રિકેટ નિષ્ણાતો તેમના પર સવાલો ઉઠાવી રહ્યા છે. ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન માઈકલ વોન ફોક્સ ક્રિકેટ પર વાતચીત દરમિયાન કહ્યું કે, જો ટીમ ઈન્ડિયાને ઓસ્ટ્રેલિયામાં જીતવું હોય તો રોહિત અને વિરાટ કોહલીને વધુ રન બનાવવા પડશે. ભારતીય ક્રિકેટ ટીમના આધાર સ્તંભ સમાન આ બન્ને ખેલાડીઓએ પોતાના શ્રેષ્ઠ ફોર્મમાં પાછા આવવું પડશે. પરંતુ વોનનું કહેવું છે કે, આશા છે કે આવું થશે પરંતુ એક ડર છે કે આવું ના થાય તો. વોને કહ્યું કે, ઓસ્ટ્રેલિયામાં કાંગારૂ બોલરો સામે નક્કર ટેકનિક સાથે મેદાનમાં ઉતરવું પડશે. માઈકલ વોને કહ્યું, 'ટીમ ઈન્ડિયાએ ઓસ્ટ્રેલિયામાં રમાયેલી છેલ્લી ટેસ્ટ સિરીઝ



જીતી હતી, જ્યારે ટીમે ગાબામાં જીત માટેના સ્કોરનો પીછો કર્યો હતો. એ સમયે વિરાટ પણ ત્યાં નહોતો.

ઓસ્ટ્રેલિયા ગાબામાં 32 વર્ષથી હાર્યું નથી પરંતુ હું કહેવા માંગુ છું કે વિરાટ કોહલી સાથે વધુ સમસ્યા છે. વિરાટ જે રીતે સેન્ટનરનો ફુલ ટોસ બોલ ચૂકી ગયો તે જોતા કહીં શકાય કે વિરાટ કોહલી હવે પહેલા જેવા ફોર્મમાં દેખાઈ રહ્યો નથી.

## KKRએ રિલીઝ કર્યા બાદ શ્રેયસે આપ્યો જડબાતોડ જવાબ

કોલકાતા નાઈટ રાઈડર્સે આગામી સિઝન માટે શ્રેયસ ઐયરને રિલીઝ કર્યો હતો. 31 ઓક્ટોબરના રોજ, KKRએ તેની રીટેન્શન લિસ્ટ બહાર પાડી, જેમાં શ્રેયસ ઐયરનું નામ ન હતું. જો કે, શ્રેયસે ગયા વર્ષે KKRની કપ્તાની સંભાળી હતી અને ટીમને ખિતાબ સુધી પહોંચાડી હતી. પરંતુ ફ્રેન્ચાઈઝીએ તેને આગામી સિઝન માટે મોટો ઝટકો આપ્યો હતો. ઐયરે રિલીઝ થયા બાદ પોતાના બેટથી શાનદાર પ્રદર્શન કર્યું છે. તેણે રણજી ટ્રોફીમાં સદીની ઈનિંગ્સ રમી છે. રણજી ટ્રોફીની મેચ 6 નવેમ્બરથી મુંબઈ અને ઓરિસ્સા વચ્ચે રમાઈ રહી છે. મુંબઈ તરફથી પ્રથમ બેટિંગ કરતા શ્રેયસ ઐયરે પહેલા જ દિવસે સદી ફટકારી હતી. આ સમાચાર લખાય છે ત્યાં સુધી તે 111 બોલમાં 109 રનની શાનદાર ઈનિંગ રમીને અણનમ છે. આ દરમિયાન તેણે 15 ચોગ્ગા ઉપરાંત 2 છગ્ગા પણ પોતાના નામે કર્યા છે. ઐયર તેની બેટિંગ દરમિયાન શાનદાર ફોર્મમાં છે. તે મુંબઈ માટે મોરચો સંભાળી રહ્યો છે.

## જાણો કોણ છે રોહન જેટલી જે બની શકે છે BCCIના આગામી સેક્રેટરી

(એજન્સી) નવી દિલ્હી | તા 07

પૂર્વ કેન્દ્રિય મંત્રી અરુણ જેટલીનો દિકરો રોહન 2020માં ડીડીસીએ દ્વારા ક્રિકેટની રાજનીતિમાં આવ્યો હતો. કહેવામાં આવે છે કે, રોહન પાસે 100 કરોડથી પણ વધારે સંપત્તિ છે.તો ચાલો જાણીએ રોહન જેટલી વિશે. જય શાહ બાદ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડનો નવો સચિવ કોણ હશે. જેની ચર્ચા છેલ્લા થોડા મહિનાથી ચાલી રહી છે. સચિવ પદ માટે એક દાવેદારનું નામ પણ સૌથી આગળ છે. દિલ્હી એન્ડ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોશિએશનના અધ્યક્ષ રોહન જેટલીનું નામ સૌથી પહેલા આવે છે. પૂર્વ કેન્દ્રિય મંત્રી અરુણ જેટલીના દિકરા 2020માં ડીડીસીએ દ્વારા ક્રિકેટની રાજનીતિમાં આવ્યો હતો.બીસીસીઆઈ સચિવ પદ માટે રોહન જેટલીનું નામ હાલ તો ચર્ચામાં છે. 1989માં જન્મેલા



રોહન જેટલીએ અભ્યાસ દિલ્હી પબ્લિક સ્કુલ આરકે પુરમથી કર્યો છે. ત્યારબાદ તેમણે કાયદાનો અભ્યાસ કરવા માટે અમિટ યૂનિવર્સિટી આવ્યો હતો. 2006-2011 સુધી તેમણે એલએલબીનો અભ્યાસ કર્યો છે.માસ્ટર ઓફ લોનો અભ્યાસ કરવા માટે રોહન 2013માં કાર્નેલ યૂનિવર્સિટી ગયો હતો. જ્યાંથી તેમણે 2014માં પોતાની ડિગ્રી મેળવી હતી. રોહન ત્યારબાદ દિલ્હીમાં વકીલ તરીકે પ્રેક્ટિસ શરુ કરી દીધી હતી. તે દિલ્હી હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં પણ વકીલાત કરી ચૂક્યો છે.રોહન બીજેપીના દિવગંત નેતા અરુણ જેટલીનો દિકરો છે.તેની માતાનું નામ સંગીતા જેટલી છે. 1982માં અરુણ અને સંગીતાના લગ્ન થયા હતા. રોહનને એક બહેન સોનાલી જેટલી પણ છે. તે પણ વકીલાતનો અભ્યાસ કરે છે. રોહન અને સોનાલીએ પણ પોતાના પિતાની જેમ વકિલાત કરવાનો નિર્ણય લીધો છે.

## કોહલીએ ગુજરાતીમાં પટેલના વખાણ કર્યા

ટીમ ઈન્ડિયાનો ખેલાડી વિરાટ કોહલીએ ગુજરાતીમાં અક્ષર પટેલના વખાણ કર્યા હતા. ટેસ્ટ મેચ પૂર્ણ થયા બાદ હાર્દિક પંડ્યા ઈન્ટરવ્યુ આપી રહ્યો હતો. આ દરમિયાન વિરાટ ગુજરાતી બોલતા જોવા મળ્યો હતો. ટીમ ઈન્ડિયાનો સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી 5 નવેમ્બરના રોજ 36મો જન્મદિવસ મનાવી રહ્યો છે.વિરાટ કોહલીએ ક્રિકેટની દુનિયામાં મોટું નામ કમાયું છે તેના ચાહકો પણ મોટી સંખ્યામાં છે. ભારતીય ટીમનો સ્ટાર બેટ્સમેન હાલમાં રન બનાવવા માટે સંઘર્ષ કરતો જોવા મળ્યો છે. વિરાટ કોહલી ખુબ રમજુ પણ છે. હાલમાં તેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વાયરલ વીડિયો ચાહકોને ખુબ પસંદ આવી રહ્યો છે.અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ટેસ્ટ મેચ રમાય હતી. જેમાં અક્ષર પટેલ પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદગી થઈ હતી. તેમણે કુલ 11 વિકેટ લીધી હતી. આ દરમિયાન ક્રિકેટ જગત સિહત તેના ચાહકો અક્ષર પટેલના વખાણ કરી રહ્યા હતા. વિરાટ કોહલીએ પણ ગુજરાતીમાં સ્પિનરના વખાણ કર્યા હતા.

## ક્રિકેટર જ્યારે બની ગયો 'કિડનેપર'

### ટીમ ઈન્ડિયાના ખેલાડી સાથે નશામાં ધૂત થઈને કર્યું ઘૃણાસ્પદ કૃત્ય

(એજન્સી) નવી દિલ્હી | તા 07

ભારતીય સ્પિનર યુઝવેન્દ્ર ચહલે વર્ષ 2022માં ન્યૂઝીલેન્ડના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર જેમ્સ ફ્રેન્કલિન વિશે મોટો ખુલાસો કર્યો હતો. તેણે કહ્યું હતું કે, 2011માં ફ્રેન્કલિને એન્ડ્ર્યુ સાયમન્ડ્સ સાથે મળીને તેના હાથ-પગ બાંધી દીધા હતા, મોં પર ટેપ લગાવી દીધી હતી અને તેને રાતોરાત છોડી પણ દીધો હતો. ન્યૂઝીલેન્ડનો ભૂતપૂર્વ ઓલરાઉન્ડર જેમ્સ ફ્રેન્કલિન આજે એટલે કે 7 નવેમ્બરે પોતાનો 44મો જન્મદિવસ ઉજવી રહ્યો છે. 2001માં પોતાની આંતરરાષ્ટ્રીય કારકિર્દીની શરૂઆત કરનાર જેમ્સ ફ્રેન્કલીન 2013 સુધી ન્યૂઝીલેન્ડ તરફથી રમ્યો હતો. આ સમયગાળા દરમિયાન તેણે ન્યૂઝીલેન્ડને ત્રણેય ફોર્મેટમાં ઘણી મેચો જીતાવી.

જેમ્સ ફ્રેન્કલિન પણ આઈપીએલનો



હિસ્સો હતો. પરંતુ થોડા વર્ષો પહેલા જેમ્સ ફ્રેન્કલિન એક મોટા વિવાદમાં ફસાયા હતા. વાસ્તવમાં, ટીમ ઈન્ડિયાના સ્ટાર સ્પિનર યુઝવેન્દ્ર ચહલે જેમ્સ ફ્રેન્કલિન પર એક મોટો ખુલાસો કર્યો હતો, જેણે સમગ્ર ક્રિકેટ જગતને ચોંકાવી દીધું હતું. જેમ્સ ફ્રેન્કલિન પર ગંભીર આરોપો મૂકવામાં આવ્યા હતા

યુઝવેન્દ્ર ચહલે વર્ષ 2022માં ખુલાસો કર્યો હતો કે જ્યારે તે મુંબઈ ઈન્ડિયન્સનો ભાગ હતો ત્યારે તેની સાથે ઘણી વખત દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો. ચહલે કહ્યું હતું કે જ્યારે તે મુંબઈ ઈન્ડિયન્સનો ભાગ હતો ત્યારે એક ખેલાડીએ તેને 15મા માળેથી લટકાવી દીધો હતો. આ દરમિયાન ચહલે ઓસ્ટ્રેલિયાના એન્ડ્ર્યુ સાયમન્ડ્સ અને જેમ્સ ફ્રેન્કલિનનું નામ લઈને એક ઘટના યાદ કરી હતી. તેણે કહ્યું હતું કે તેની 2011ની મુંબઈ ઈન્ડિયન્સ ટીમના સાથી ફ્રેન્કલિન અને એન્ડ્ર્યુ સાયમન્ડ્સે તેને કથિત રીતે બાંધી દીધો હતો અને ચેમ્પિયન્સ લીગની ફાઈનલમાં વિજયની ઉજવણી કરતી વખતે તેને રાતોરાત છોડી દીધો હતો. યુઝવેન્દ્ર ચહલે કહ્યું, 'આ ઘટના 2011માં બની હતી જ્યારે મુંબઈ ઈન્ડિયન્સે ચેમ્પિયન્સ લીગ જીતી હતી. અમે ચેન્નાઈમાં હતા. એન્ડ્રુ સાયમન્ડ્સ ખૂબ જ ફળોનો રસ પીતો હતો. મને ખબર નથી કે તે શું વિચારી રહ્યો હતો.

## વિરાટ નહિ આ ભારતીય ક્રિકેટરના બર્થ ડે પર પહોંચી શુભમનની બહેન

(એજન્સી) મુંબઈ | તા 07

શુભમન ગિલ અને તેની બહેન શહનીલ એક ભારતીય બેટ્સમેનના બર્થ ડેમાં પહોંચી હતી. જેના ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. જાણો કોણ છે આ ખેલાડી જેની ખુબ નજીક છે શુભમન અને તેની બહેન

5 સપ્ટેબરના રોજ ભારતીય ક્રિકેટ ચાહકો વિરાટ કોહલીનો જન્મદિવસ મનાવી રહ્યા છે પરંતુ આના એક દિવસ પહેલા વધુ એક ભારતીય ક્રિકેટરનો જન્મદિવસ હતો. જેમણે ડોમેસ્ટ્રીક ક્રિકેટમાં ધમાલ મચાવી હતી. આ ખેલાડીના જન્મદિવસમાં શુભમન ગિલ અને તેની બહેન શહનીલ પહોંચ્યા હતા. આ ખેલાડી ભારતના રણજી ક્રિકેટર અગ્નિ ચોપરા જે મશહુર




બોલિવુડ ડાયરેક્ટર અને પ્રોડ્યુસર વિધુ વિનોદ ચોપરાનો દિકરો છે. અગ્નિ ચોપરાએ 4 નવેમ્બરના રોજ 26મો જન્મદિવસ સેલિબ્રેટ કર્યો હતો. અગ્નિ ચોપરા હાલ ખુબ પોપ્યુલર ખેલાડી બન્યો છે. કારણ કે, આ ખેલાડી મિઝોરમ માટે બેસ્ટ ખેલાડી સાબિત થયો છે. અગ્નિએ અત્યારસુધી કુલ 9 ફર્સ્ટ ક્લાસ મેચમાં 8 સદી ફટકારી છે. જેમાં તેમણે 4 અડધી સદી પણ ફટકારી છે.વિધુ વિનોદ ચોપરાનો દીકરો અગ્નિ ચોપરા હાલમાં રણજી ટ્રોફીમાં રનનો ઢગલો કર્યો છે. અગ્નિ ચોપરા શાનદાર બેટિંગ કરી રહ્યો છે. તો તેનું આઈપીએલમાં પણ નસીબ ચમકી શકે છે.

# સુરતની દીકરી થાઈલેન્ડમાં ઝળકી:એશિયન યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ

## 13 વર્ષીય તનિષા 50થી વધુ આસનમાં પારંગત, ગામ પહોંચતા જ ભવ્ય સ્વાગત કરાયું

(એજન્સી) સુરત | તા 07

સુરતના ભીમરાડ ગામની 13 વર્ષીય ખેડૂતપુત્રીએ થાઈલેન્ડ જઈને એશિયન યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપમાં ભારત માટે ગોલ્ડ મેડલ જીત્યો છે. અન્ડર 14 કેટેગરીમાં તેણે અલગ અલગ યોગાસન કરી લોકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. પોતાના શરીરને રબ્બરની જેમ બનાવી એને અલગ અલગ આસન ગણતરીના સેકન્ડમાં કરી નાખ્યા હતા. ગોલ્ડ મેડલ સાથે પોતાના ગામ આવતાં ઢોલ-નગારાં અને આતશબાજી સાથે તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.



### સ્વાગતમાં આખું ગામ એકત્ર થઈ ગયું

ભીમરાડ ગામ ખાતે રહેતા ખેડૂત જયેશભાઈ પટેલની દીકરીની સિદ્ધિથી આખા ગામના લોકો એટલી હદે ખુશ છે કે જ્યારે તે થાઈલેન્ડથી યોગ સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપમાં ભારત માટે ગોલ્ડ મેડલ જીતીને આવી તો તેના સ્વાગતમાં આખું ગામ એકત્ર થઈ ગયું હતું. ગામની દીકરી જ્યારે આંતરરાષ્ટ્રીય કક્ષા પર ભારતનું પ્રતિનિધિત્વ કરી રહી હોય ત્યારે ગામના લોકો ઢોલ-નગારાં સાથે એકત્ર થઈ ગયા હતા, કારણ કે ગામમાં પ્રથમવાર એક ખેડૂતની દીકરીએ યોગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

### તનિષાને 50થી વધુ આસન આવડે છે

થાઈલેન્ડના બેંગકોકમાં એશિયન યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભાગ લેવા માટે ભારતીય યોગાસન ટીમ ત્યાં પહોંચી હતી. અલગ અલગ કેટેગરીમાં અલગ અલગ યોગ કરનાર લોકોએ ભાગ લીધો હતો, જેમાં 13 વર્ષીય તનિષા પટેલે સબ જુનિયર ગ્રુપમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. તનિષાને 50થી વધુ આસન આવડે છે. આટલી નાની ઉંમરમાં તેને યોગમાં મહારથ હાંસલ કરી લીધી છે. સૌથી અગત્યની વાત એ છે કે માત્ર ત્રણ વર્ષ પહેલાંથી જ તેને અલગ અલગ આસન શીખવાની શરૂઆત કરી હતી.

### ખેડૂત માટે વિદેશ જવું એ ખૂબ જ મોટી બાબત

તનિષાના પિતા જયેશ પટેલે જણાવ્યું હતું કે હું ખેડૂત છું અને ખેડૂત માટે વિદેશ જવું એ ખૂબ જ મોટી બાબત હોય છે. પ્રથમવાર વિદેશ આ માટે ગયો, કારણ કે મારી દીકરી ત્યાં એશિયન ચેમ્પિયનશિપમાં ભાગ લેવાની હતી. ત્યાં પોતાની દીકરીને ગોલ્ડ મેડલ મેળવતી જોઈ મને ખૂબ જ આનંદની લાગણી થઈ રહી છે. હું તેના પર ગર્વ અનુભવું છું.તનિષા પટેલે જણાવ્યું હતું કે હું હાલમાં જ થાઈલેન્ડ ગઈ હતી અને ત્યાં ચેમ્પિયનશિપમાં ભાગ લીધો હતો. ત્યાં મને ગોલ્ડ મેડલ મળ્યો છે અને મને 50થી વધુ આસન આવડે છે. હું ઈચ્છું છું કે આવનારા દિવસોમાં પણ આવી જ રીતે ભારતનું પ્રતિનિધિત્વ કરું અને ભારત દેશ માટે ગોલ્ડ મેડલ મેળવું.

## સંક્ષિપ્ત સમાચાર

### ડોનાલ્ડ ટ્રમ્પની કારકિર્દીમાં મહત્વનો ભાગ બની 'મેલાનિયા'

વોશિંગ્ટન | મેલાનિયા 1998માં ડોનાલ્ડ ટ્રમ્પને મળ્યા હતા અને 2005માં તેમના લગ્ન થયા હતા. તેમને એક પુત્ર પણ છે જેનુ નામ બેરોન ટ્રમ્પ છે. પ્રથમ મહિલા તરીકે, તેમણે બાળકોની સુખાકારી, ઓનલાઈન સલામતી અને ઓપીયોઈડ દુરુપયોગ સામે લડવા પર ધ્યાન કેન્દ્રિત કરીને 'be best' ઝુંબેશ શરૂ કરી. રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે યુએસ પ્રમુખપદની ચૂંટણીના પરિણામોની રાત્રે તેમના સમર્થકોને પ્રથમ સંબોધનમાં તેમના સમર્થન માટે તેમની પત્ની મેલાનિયા ટ્રમ્પનો આભાર માન્યો હતો. ટ્રમ્પ તેમની પત્ની મેલાનિયા અને બાળકો સાથે ફ્લોરિડાના પામ બીચ કાઉન્ટી કન્વેન્શન સેન્ટર ખાતે સમર્થકોની ભીડને સંબોધિત કરી હતી. ફ્લોરિડામાં પોતાના સંબોધન દરમિયાન ટ્રમ્પે કહ્યું, 'હું મારી સુંદર પત્ની, પ્રથમ મહિલા મેલાનિયાનો પણ આભાર માનવા માંગુ છું, જેનું પુસ્તક દેશમાં સૌથી વધુ વેચાતું પુસ્તક છે. શું તમે માની શકો છો? તે લોકોને મદદ કરવા માટે ખૂબ મહેનત કરે છે. તેથી, હું તેનો આભાર માનવા માંગતો હતો. કોણ છે મેલાનિયા ટ્રમ્પ?- મેલાનિયા ટ્રમ્પ યુનાઈટેડ સ્ટેટ્સની ભૂતપૂર્વ ફર્સ્ટ લેડી છે, જેમણે તેમના પતિ નોવો મેસ્ટો, સ્લોવેનિયા (તે સમયે યુગોસ્લાવિયાનો ભાગ) માં જન્મેલી મેલાનિયા નેવ્સે તેની કારકિર્દી એક મોડેલ તરીકે શરૂ કરી હતી.

### ભારતીય પ્રવાસીઓ માટે થાઈલેન્ડમાં વિઝા-ફ્રી એન્ટ્રીની મુદત લંબાવાઈ

બેંગકોક | થાઈલેન્ડે તેની વિઝા-ફ્રી એન્ટ્રી પોલિસીને અનિશ્ચિત સમય માટે લંબાવીને ભારતીય પ્રવાસીઓ માટે સરળ બનાવ્યું છે. ભારતીય પ્રવાસીઓ હવે 60 દિવસ સુધી વિઝા વિના થાઈલેન્ડની મુલાકાત લઈ શકે છે અને તેઓ તેમના રોકાણને વધુ 30 દિવસ સુધી લંબાવી શકે છે. આ નવી નીતિથી ભારતમાંથી મુસાફરી અને પ્રવાસન વધવાની અપેક્ષા છે, જે થાઈલેન્ડને ટૂંકા અંતરનું લોકપ્રિય સ્થળ બનાવે છે.નવેમ્બર 2023માં સૌપ્રથમ રજૂ કરાયેલી આ નીતિ ભારતીય પ્રવાસીઓને 60 દિવસ સુધી વિઝા વિના થાઈલેન્ડમાં પ્રવેશવાની મંજૂરી આપે છે. ઉપરાંત, જો તમે લાંબા સમય સુધી રહેવા માંગતા હો, તો તમે ઈમિગ્રેશન ઑફિસમાં તમારા રોકાણને વધુ 30 દિવસ સુધી લંબાવી શકો છો.આ વિઝા-મુક્ત યોજના પહેલા, થાઈ વિઝા માટે અરજી કરવા માટે બેંક સ્ટેટમેન્ટ, વિદેશી ચલણનો પુરાવો અને હોટેલ બુકિંગ જેવા દસ્તાવેજો સાથે લગભગ 3,000 રૂપિયાની ફીની જરૂર હતી. હવે, તે સમગ્ર પ્રક્રિયાને કરવાની ફરજ રહેતી નથી. જે થાઈલેન્ડને વધુ સુલભ અને સસ્તું બનાવે છે. જેના કારણે થાઈલેન્ડમાં ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. અહેવાલોનું માનીએ તો આ વર્ષે જાન્યુઆરીથી મધ્ય ઓક્ટોબર સુધીમાં 16.17 મિલિયન ભારતીય મુલાકાતીઓએ થાઈલેન્ડની મુલાકાત લીધી હતી.

### સૌથી મોટી ડ્રગ સુપર લેબનો ભાંડો ફૂટ્યો, ભારતીય મૂળના વ્યક્તિની ધરપકડ

ટોરેન્ટો | કેનેડાની રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસનું કહેવું છે કે તેઓએ કેનેડિયન ઈતિહાસની સૌથી મોટી ડ્રગ સુપરલેબનો પર્દાફાશ કર્યો છે. આ સાથે ભારતીય મૂળના ગગનપ્રીત સિંહ રંધાવાની પણ ધરપકડ કરવામાં આવી છે. હોલીવુડની હિટ વેબ-સિરીઝ 'બ્રેકિંગ બેડ'ની યાદ અપાવે તેવા કેસમાં કેનેડાની રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસે સૌથી મોટી ડ્રગ "સુપરલેબ"નો પર્દાફાશ કર્યો છે. જે દેશમાં આંતરરાષ્ટ્રીય સંગઠિત અપરાધ નેટવર્ક માટે સૌથી મોટો ફટકો છે. પોલીસ દરોડા દરમિયાન ભારતીય મૂળના બિઝનેસમેન ગગનપ્રીત રંધાવાની ધરપકડ કરવામાં આવી હતી. હાલમાં રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે.મીડિયા અહેવાલો અનુસાર, રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસનું કહેવું છે કે લેબ ફેન્ટાનાઈલ અને મેથામ્ફેટામાઈન સહિતની મોટી માત્રામાં ગેરકાયદેસર દવાઓનું ઉત્પાદન કરવા માટે નવી તકનીકી સાધનોથી સજ્જ છે, જે કેનેડામાં પ્રતિબંધિત છે અને આંતરરાષ્ટ્રીય સપ્લાય માટે મોકલવામાં આવશે.

### કેનેડાએ દિવાળી પર પણ ભારત પ્રત્યે બતાવી દુશ્મનાવટ ! ન કરી ઉજવણી

ટોરેન્ટો | આ દિવાળી સમારોહને એવા સમયે રદ કરવામાં આવ્યો છે જ્યારે ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો ખરાબ થઈ રહ્યા છે. ઓટાવામાં પાર્લામેન્ટ હિલ કારણે ભારતીય સમુદાયમાં નિરાશા છે. કેનેડાના વિપક્ષી નેતા પિયર પોઈલીવરે ભારતીય સમુદાયની તીવ્ર પ્રતિક્રિયાઓનો સામનો કરવો પડી રહ્યો છે. ભારતીય મૂળના કેનેડિયનોએ છેલ્લી ઘડીએ ઓટાવામાં પાર્લામેન્ટ હિલ ખાતે યોજાનારી દિવાળીની ઉજવણીને પિયર પોઈલીવરે રદ કર્યા પછી નિરાશ થયા છે. વિપક્ષી નેતાએ આ પગલું એવા સમયે ઉઠાવ્યું છે જ્યારે બંને દેશો વચ્ચેના સંબંધો તણાવપૂર્ણ છે.દિવાળીની ઉજવણીના આયોજક શિવ ભાસ્કરે જણાવ્યું હતું કે તેમને ઉજવણી રદ કરવા અંગે કોઈ સ્પષ્ટતા મળી નથી. શિવ ભાસ્કર ઓવરસીઝ ફ્રેન્ડ્સ ઓફ ઈન્ડિયા કેનેડા (ઓએફઆઈસી)ના પ્રમુખ પણ છે અને આ ઈવેન્ટ જોઈ રહ્યા હતા. કન્ઝર્વેટિવ સાંસદ ટોડ ડોહર્ટી દ્વારા 30 ઓક્ટોબરે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, પરંતુ પિયરે તેને રદ કરી દીધું હતું.

## બાળકોને જન્મ આપવા માટે પત્નીને અઢી લાખ ડોલર આપતા

# સ્કૂલમાં બાળકોને મારતા હતા ટ્રમ્પ, કેસિનો ચલાવનાર કેવી રીતે બન્યો રાષ્ટ્રપતિ

(એજન્સી) વોશિંગ્ટન | તા 07

2 હજારથી વધુ લોકોનું ટોળું બેરિયર તોડીને અમેરિકી સંસદમાં ઘૂસ્યું. આમાંથી ઘણા લોકો પાસે હથિયાર હતાં. આ એ જ જગ્યા હતી, જ્યાંથી થોડીવાર પહેલાં અમેરિકી ચૂંટણીનાં સત્તાવાર પરિણામો જાહેર થયાં હતાં.

ટોળું કેપિટલ હિલમાં પ્રવેશતાં જ ડરી ગયેલા સાંસદો જ્યાં જગ્યા મળી ત્યાં સંતાઈ ગયા. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ માઈક પેન્સને કડક સુરક્ષા વચ્ચે સંસદની બહાર લઈ જવામાં આવ્યા હતા. હિંસક ટોળાએ 4 કલાક સુધી સંસદને ઘેરી લીધી હતી. વિરોધીઓ સાંસદોની ઓફિસમાં ઘૂસી ગયા હતા. ત્યાં તોડફોડ કરવામાં આવી. અમેરિકાના ઈતિહાસમાં પહેલીવાર એવું બન્યું કે લોકોએ સંસદ પર આ રીતે હુમલો કર્યો હોય. સંસદમાં આ હુલ્લડ જેના માટે થયું એ વ્યક્તિ બીજું કોઈ નહીં, પણ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હતા. જે ચૂંટણીમાં હાર બાદ વ્હાઈટ હાઉસના પ્રાઈવેટ ડાઈનિંગ રૂમમાં બેસીને ટીવી પર આ બધું લાઈવ જોઈ રહ્યા હતા. એ દિવસે સંસદમાં જે બન્યું એની શરૂઆત ટ્રમ્પના ભાષણથી થઈ હતી, જેમાં તેમણે દાવો કર્યો હતો કે ચૂંટણીમાં ગોટાળા થયા છે. આ ઘટનાને લગભગ 4 વર્ષ વીતી ગયાં છે, ટ્રમ્પ ફરી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બની ગયા છે, તેઓ ચૂંટણીમાં ભારતીય મૂળનાં કમલા હેરિસને જોરદાર ટક્કર આપી છે. ટ્રમ્પ એક વાળંદના પૌત્ર છે, દાદા ફ્રેડરિક જર્મનીથી ભાગીને અમેરિકા પહોંચ્યા ટ્રમ્પના દાદા ફ્રેડરિક જર્મનીના રહેવાસી હતા. જ્યારે ફ્રેડરિક 8 વર્ષના હતા ત્યારે તેમના પિતાનું અવસાન થયું હતું. તેઓ બાળપણથી જ ખૂબ જ નબળા હતા, જેના કારણે તેઓ ખેતી કરી શકતા ન હતા. આ કારણે તેમની માતાએ તેને વાળંદ બનવાની તાલીમ આપી.



### ડોનાલ્ડ ટ્રમ્પના દાદાએ હોટલ અને બારમાંથી કમાણી કરી હતી

અમેરિકા આવ્યા પછી ફ્રેડરિકે વાળંદ તરીકે કામ કરવાનું શરૂ કર્યું. કેટલાક પૈસા ભેગા કર્યા પછી, તેમણે અલાસ્કામાં ખાણકામના વ્યવસાયમાં હાથ અજમાવ્યો. તેનો આ ધંધો ઊપડ્યો. તેમની ખાણોમાંથી ઘણું સોનું નીકળ્યું. આ પછી તેમણે હોટલ અને બારમાં પોતાના પૈસા રોક્યા. ફ્રેડરિક થોડાં વર્ષોમાં ખૂબ જ અમીર બની ગયા. થોડાં વર્ષો પછી ફ્રેડરિક જર્મની ગયો અને 1902માં એલિઝાબેથ ક્રિસ્ટ નામની યુવતી સાથે લગ્ન કર્યા. બાદમાં બંને અમેરિકા પરત ફર્યાં હતાં, પણ એલિઝાબેથને અમેરિકાની ઠંડી માફક ન આવી. તે બીમાર પડવા લાગી.

### પિતાએ તનતોડ મહેનત કરી, ટ્રમ્પ સામ્રાજ્ય બનાવ્યું

ડોનાલ્ડ ટ્રમ્પના પિતા ફ્રેડ ટ્રમ્પ, ફ્રેડરિકનાં ત્રણ સંતાનમાં વચલા હતા. તેમનો જન્મ 11 ઓક્ટોબર 1905ના રોજ ન્યૂયોર્કમાં થયો હતો. તેના પિતા જર્મનીના હોવા છતાં ફ્રેડ સંપૂર્ણપણે અમેરિકન હતા અને જર્મન ભાષા બિલકુલ જાણતા ન હતા. તેમણે અમેરિકામાં ટ્રમ્પ પરિવારની પ્રતિષ્ઠા વધારવા માટે ખૂબ જ મહેનત કરી. ફ્રેડને બાળપણથી જ સખત મહેનત કરવાની લગન હતી. તેઓ શાળા પછી રાત્રે બાંધકામ સંબંધિત પ્લમ્બિંગ, સુથારીકામ અને ઈલેક્ટ્રિક વાયરિંગનું કામ શીખતા હતા.

### ટ્રમ્પ માતા અને પિતા સાથે

ટ્રમ્પ માતા અને પિતા સાથે ખાસ કરીને તેમણે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન સરકારી યોજનાઓનો લાભ લઈને ઘણાં મકાનો બનાવ્યાં હતાં. તેઓ બ્રુકલિન અને ક્વીન્સ જેવા વિસ્તારોમાં સસ્તાં મકાનો બનાવતા હતા અને લોકોને ત્યાં ભાડે રહેવા માટે આપતાં હતાં. તેમના પ્રોજેક્ટ્સ મોટા હતા, જેના કારણે તેમને સારો નફો થતો.

### 'ડોનાલ્ડ ટ્રમ્પ સિલ્વર સ્પૂન સાથે જન્મ્યા

ડોનાલ્ડ ટ્રમ્પનો જન્મ 14 જૂન, 1946ના રોજે ન્યૂયોર્ક, અમેરિકામાં થયો હતો. શ્રીમંત પરિવારમાં જન્મ લેવાને કારણે ડોનાલ્ડ ટ્રમ્પ વિશે એવું કહેવાતું કે તેમનો જન્મ સિલ્વર સ્પૂન સાથે થયો હતો. ડોનાલ્ડ ટ્રમ્પ ફ્રેડનાં પાંચ બાળકમાંથી ચોથા નંબરે છે. ટ્રમ્પ તેમના ભાઈ ફ્રેડ જુનિયર અને બે બહેનોથી મોટા હતા. આ સિવાય તેમના એક ભાઈ રોબર્ટ ટ્રમ્પ તેમના કરતાં નાના હતા. ફ્રેડ કડક અને શિસ્તબદ્ધ પિતા હતા. તેઓ ઈચ્છતો હતા કે તેમનાં બાળકો મહેનતુ બને અને મોટાં સપનાં જુએ. તેમને તેમના પુત્ર ડોનાલ્ડ માટે ખાસ લગાવ પણ હતો.

### ફ્રેડરિકને દેશ છોડવાનો આદેશ અપાયો હતો

પત્નીની હાલત જોઈને ફ્રેડરિક ફરી 1904માં જર્મની ગયા. જોકે તેમનું આગમન જર્મન સૈન્ય અધિકારીઓને પસંદ આવ્યું નહોતું. ફ્રેડરિકને દેશ છોડવાનો આદેશ આપવામાં આવ્યો. કેટલાક અહેવાલોમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે ફ્રેડરિકે જર્મનીમાં સ્ટેમ્પ સંબંધિત કેટલાંક કૌભાંડો કર્યાં હતાં. આનાથી ગુસ્સે થઈને બવેરિયાના રાજાએ તેમને દેશ છોડવાનો આદેશ આપ્યો.ટ્રમ્પે ન્યૂયોર્ક શહેરમાં 7મા ધોરણ સુધી અભ્યાસ કર્યો. સ્કૂલના સમયથી જ ટ્રમ્પનું વલણ આક્રમક રહ્યું છે. તેઓ શાળામાં તેમની સાથે ભણતાં બાળકોને બુલી એટલે કે પરેશાન કરતા હતા. આ કારણે તેમના પિતાએ તેમને ન્યૂયોર્ક મિલિટરી સ્કૂલમાં એડમિશન અપાવ્યું. ટ્રમ્પને 13 વર્ષની ઉંમરે મિલિટરી સ્કૂલમાં જવું પડ્યું હતું.

# અમેરિકા ચૂંટણી પરિણામ 2024માં ડોનાલ્ડ ટ્રમ્પની જીતના મહત્ત્વના કારણો

(એજન્સી) વોશિંગ્ટન | તા 07

ડોનાલ્ડ ટ્રમ્પે યુએસ ચૂંટણીમાં તમામ એક્ઝિટ પોલને ખોટા સાબિત કરતા મોટી જીત નોંધાવી છે. ડોનાલ્ડ ટ્રમ્પ ફરીથી રાષ્ટ્રપતિ બન્યા છે. 132 વર્ષ પછી આવું બન્યું છે જ્યારે ચૂંટણી હાર્યા બાદ ફરી એક નેતાએ રાષ્ટ્રપતિ પદ જીત્યું છે.

ડોનાલ્ડ ટ્રમ્પની આ મોટી જીતના કારણો સામે આવ્યા છે. તેમની આક્રમક નીતિથી લઈને તેમના જોરદાર પ્રચાર સુધી, સહાનુભૂતિની લહેરથી લઈને બાઈડેન વિરુદ્ધ સત્તા વિરોધી, આવા ઘણા મુદ્દાઓ પ્રભુત્વ ધરાવે છે. જેણે અમેરિકન મતદારોને ડોનાલ્ડ ટ્રમ્પની તરફેણમાં મત આપવા માટે પ્રેરિત કર્યા.

ડોનાલ્ડ ટ્રમ્પે જ્યારે તેમનું ચૂંટણી પ્રચાર શરૂ કર્યું ત્યારે પેન્સિલવેનિયામાં તેમના પર જીવલેણ હુમલો થયો હતો, ગોળી તેમના કાન પાસેથી નીકળી ગઈ હતી, પરંતુ તે ચૂંટણીનો મોટો મુદ્દો બની ગયો હતો. ટ્રમ્પ અને તેમના સમર્થકોએ દરેક રેલીમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો. પરિણામો દર્શાવે છે કે સ્વિંગ સ્ટેટ પેન્સિલવેનિયામાં ટ્રમ્પે મોટી જીત નોંધાવી છે, કમલા હેરિસને નિર્ણાયક માર્જિનથી પરાજય મળ્યો છે. ટ્રમ્પને આ મોટા રાજ્યમાં 50.8 ટકા વોટ મળ્યા છે, જ્યારે



તેમના હરીફ કમલા હેરિસને માત્ર 48.2 ટકા વોટથી સંતોષ માનવો પડ્યો છે. હવે નિષ્ણાતો માને છે કે સહાનુભૂતિના પરિબળે આ રાજ્યમાં અજાયબીઓનું કામ કર્યું છે. ભારતીયોને હિન્દુ કાર્ડથી વોટ મળ્યા

અત્યાર સુધી જે ચૂંટણીના વલણો સામે આવ્યા છે તેના પરથી કહી શકાય કે ભારતીયોએ પણ સારી સંખ્યામાં ટ્રમ્પને મત આપ્યો છે. પરંપરાગત રીતે, આ મતદારો ડેમોક્રેટ્સ સાથે વધુ મજબૂત રીતે ઉભા છે, પરંતુ આ વખતે કારણ કે ચૂંટણી પ્રચાર દરમિયાન, ટ્રમ્પે ખુલ્લેઆમ હિન્દુ મતદારોને સંબોધ્યા હતા, તેમના વતી બાંગ્લાદેશની હિંસાની સખત નિંદા કરી હતી, તેના ચૂંટણી પરિણામો પર તેની થોડી અસર થઈ છે.

યોગી પટેલે ડોનાલ્ડ ટ્રમ્પની જીત અંગે કહી આ વાત ડોનાલ્ડ ટ્રમ્પની જીત અંગે યોગી પટેલ વધુમાં જણાવે છે કે, અહીં ગેરકાયદેસર વસવાટ મોટી સમસ્યા છે. જે મામલે ટ્રમ્પ કડકાઈથી કામ લઈ શકે છે. અન્ય વિદેશીઓ કરતાં અહીં સાઉથ અમેરિકી લોકોની સમસ્યા વધુ છે. ચૂંટણી એક ઉત્તમ મતદાન સવાલ પૂછે છે કે શું દેશ સાચા માર્ગ પર છે કે પછી ખોટી દિશામાં જઈ રહ્યો છે? તો ત્યારે 60-70% અમેરિકનો માને છે કે દેશ ખોટા માર્ગ પર જઈ રહ્યો છે. આ એક સંકેત છે કે લાગણી વ્હાઈટ હાઉસમાં પદધારકની તરફેણમાં રહી નથી. બાઈડેનના ઉપપ્રમુખ તરીકે કમલા હેરિસ આ પ્રતિકૂળતાનો સામનો કરી રહ્યા છે. આ ચૂંટણીમાં ચાર મુખ્ય મુદ્દા છે. સૌથી મહત્વનો મુદ્દો વોલેટનો મુદ્દો છે: ઘરગથ્થુ બજેટ, જીવન ખર્ચના દબાણ અને ભાવિ આર્થિક સુરક્ષા અંગે મતદારોની ચિંતા. બાઈડેન અને હેરિસે લગભગ ચાર વર્ષ પહેલાં સત્તા સંભાળી ત્યારથી, કરિયાણા, ઘરગથ્થુ સામાન, ઉપયોગિતાઓ અને વીમા જેવી સેવાઓનો ખર્ચ 10-40% ની વચ્ચે વધ્યો છે. પેટ્રોલના ભાવ હજુ પણ વધી રહ્યા છે.

## 'હિન્દુઓની સુરક્ષા સુનિશ્ચિત કરો...'

# ભારતે કેનેડા-બાંગ્લાદેશને કડક શબ્દોમાં લગાવી ફટકાર



(એજન્સી) નવી દિલ્હી | તા 07

ભારતે બાંગ્લાદેશ સરકારને હિન્દુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કડક પગલાં ભરવાની અપીલ કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ગુરુવારે સાપ્તાહિક મીડિયા બ્રીફિંગ દરમિયાન આ માહિતી આપી હતી. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં બાંગ્લાદેશના ચિત્તાગોંગમાં સાંપ્રદાયિક હિંસાની એક ઘટના સામે આવી છે. જે બાદ ત્યાંનું પ્રશાસન હિન્દુ અલ્પસંખ્યકો સામે કડક કાર્યવાહી કરી રહ્યું હોવાના આક્ષેપો થયા હતા. કેનેડામાં હિન્દુ મંદિર પર થયેલા હુમલા પર રણધીર જયસ્વાલે કહ્યું કે, 'તમે અમારા દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓ જોઈ છે. અમે બ્રેમ્પટનમાં મંદિર પરના હુમલાની નિંદા કરીએ છીએ. અમે કેનેડાની સરકારને પણ કડક પગલાં લેવાની અપીલ કરીએ છીએ. જે લોકો આ હિંસામાં સામેલ હતા તેમની સામે કાર્યવાહી થવી જોઈએ. અમને આશા છે કે કેનેડાની સરકાર યોગ્ય પગલાં લેશે. હિન્દુઓને ત્યાં પાયાની સુરક્ષા નથી મળી રહી જે ચિંતાનો વિષય છે.

તેમણે કહ્યું કે, કેનેડામાં અમારું મોટું ઈમિગ્રન્ટ જૂથ છે. અમે તે લોકોના હિતોનું રક્ષણ કરવા માટે પ્રતિબદ્ધ છીએ અને ભવિષ્યમાં પણ નક્કર નિર્ણયો લેવાનું ચાલુ રાખીશું. આ દરમિયાન રણધીર જયસ્વાલે કહ્યું કે, ભારતે અફઘાનિસ્તાનમાં વેપારી સમુદાયને ઈરાનમાં ચાબહાર પોર્ટનો ઉપયોગ કરવાની ઓફર કરી છે. ભારત-અમેરિકા સંબંધો પર વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે, 'ભારત-અમેરિકા ભાગીદારી ખૂબ જ વિશેષ અને બહુપરિમાણીય ભાગીદારી છે.

# ચૂંટણી જીતતાની સાથે જ એલોન મસ્કનો માન્યો આભાર , શું તેમને સરકારમાં મંત્રી પદ મળી શકે છે?

(એજન્સી) ન્યૂયોર્ક | તા 07

Elon musk પણ આજે મતગણતરીના દિવસે ડોનાલ્ડ ટ્રમ્પ સાથે જોવા મળ્યા હતા. મસ્કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટ શેર કરી છે. આમાં તેણે ટ્રમ્પ સાથેનો પોતાનો ફોટો શેર કર્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પ અને વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એલોન મસ્ક વચ્ચેની મિત્રતા કોઈનાથી છુપી નથી. મસ્કે ડોનાલ્ડ ટ્રમ્પને ખુલ્લેઆમ સમર્થન આપ્યું છે. ચૂંટણી દરમિયાન તે સોશિયલ મીડિયા પર સંપૂર્ણ રીતે એક્ટિવ રહ્યા હતા અને લોકોને ટ્રમ્પને વોટ આપવાની અપીલ કરી હતી. Donald Trump with Elon Musk : હવે જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ ચૂંટણી જીતી ગયા છે ત્યારે તેમણે પોતાના ભાષણમાં એલોન મસ્કનું નામ પણ લીધું છે. ટ્રમ્પે તેમના ભાષણમાં તેમની પ્રશંસા કરી છે અને તેમના સમર્થન માટે તેમનો આભાર માન્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના 47માં રાષ્ટ્રપતિ હશે. તેમણે આ ચૂંટણીમાં કમલા હેરિસને હરાવ્યા છે. એલોન મસ્ક



મતગણતરીના દિવસે એટલે કે 06 નવેમ્બર 2024ના રોજ પણ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે જોવા મળ્યા હતા. Elon Musk : મસ્કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટ શેર કરી છે. આમાં તેણે ટ્રમ્પ સાથેનો પોતાનો ફોટો શેર કર્યો છે. આ ફોટોમાં ટ્રમ્પ અને મસ્ક ડાઈનિંગ ટેબલ પર બેસીને વાતો કરતા જોવા મળે છે. Donald Trump : શું એલોન મસ્ક ટ્રમ્પ સરકારમાં મંત્રી બનશે? : રાષ્ટ્રપતિની આ ચૂંટણીમાં એલોન મસ્કે ટ્રમ્પને જોરદાર સમર્થન આપ્યું છે.

તેણે એક પોસ્ટ કરી હતી. જેમાં તે AI ઈમેજમાં મંત્રી તરીકે શપથ લેતો જોવા મળ્યો હતો. હવે એવું પણ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે ટ્રમ્પ સરકારમાં ઈલોન મસ્કને મંત્રી બનાવવામાં આવી શકે છે. એક પોસ્ટમાં મસ્ક અને ટ્રમ્પના AI અવતાર એકસાથે ડાન્સ કરતા જોવા મળ્યા હતા. હવે એ જોવું રહ્યું કે જો એલન મસ્કને સરકારમાં મંત્રી પદ મળે છે કે કેમ? જો તેમને મંત્રી પદ મળે તો કેવા બદલાવ આવી શકે છે એ તો આવનારો સમય જ નક્કી કરશે. ત્યારે તેમણે પોતાના ભાષણમાં એલોન મસ્કનું નામ પણ લીધું છે. ટ્રમ્પે તેમના ભાષણમાં તેમની પ્રશંસા કરી છે અને તેમના સમર્થન માટે તેમનો આભાર માન્યો છે.

## રાષ્ટ્રપતિની ચૂંટણી નવેમ્બરમાં અને શપથ ગ્રહણ જાન્યુઆરીમાં

અમેરિકામાં બે પાર્ટી સિસ્ટમ છે. રિપબ્લિકન પાર્ટી અને ડેમોક્રેટિક પાર્ટી તરફથી ઉમેદવારોને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. બાકીના તમામ ઉમેદવારો અપક્ષ છે. જોકે, મુખ્ય મુકાબલો રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર અને પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર અને ઉપપ્રમુખ કમલા હેરિસ વચ્ચે છે. કમલા હેરિસ રાષ્ટ્રપતિ જો બાઈડનની પાર્ટીમાંથી છે. બાઈડને ચૂંટણીથી પોતાને દૂર રાખ્યા હતા, ત્યારબાદ હેરિસને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.યુનાઈટેડ સ્ટેટ્સની ચૂંટણી સિસ્ટમ અને કેલેન્ડર અન્ય દેશોની જેમ જ છે. અહીં રાષ્ટ્રપતિ ચાર વર્ષ માટે ચૂંટાય છે. રાષ્ટ્રપતિ પદ માટે મતદાન નવેમ્બરમાં થાય છે અને નવા રાષ્ટ્રપતિ જાન્યુઆરીમાં શપથ લે છે. કે રાષ્ટ્રપતિની ચૂંટણી હોવા છતાં, અમેરિકામાં શપથ ગ્રહણ સમારોહ માટે 11 અઠવાડિયા સુધી રાહ જોવી પડે છે.

## 78 વર્ષીય ટ્રમ્પ રાજનીતિના ક્ષેત્રમાં માત્ર એક મોટો ચહેરો નથી, પરંતુ એક સફળ બિઝનેસમેન પણ છે

# ભારતમાં ચાલે છે ટ્રમ્પનો મોટો બિઝનેસ... મુંબઈથી લઈને ગુરુગ્રામ સુધી આ નામથી ફેલાયેલો છે બિઝનેસ

(એજન્સી) વોશિંગ્ટન | તા 07

ડોનાલ્ડ ટ્રમ્પની રિયલ એસ્ટેટ કંપની ધ ટ્રમ્પ ઓર્ગેનાઈઝેશન ભારતમાં લોઢા ગ્રૂપ, પંચશીલ રિયલ્ટી, M3M, ટ્રિબેકા, યુનિમાર્ક અને Ireo સાથે મળીને રિયલ એસ્ટેટનો વ્યવસાય કરે છે અને ટ્રમ્પ પ્રોજેક્ટ્સની ઊંચી કિંમત હોવા છતાં, તેમની ખૂબ માંગ છે. ,

ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એકવાર અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા છે. 78 વર્ષીય ટ્રમ્પ રાજનીતિના ક્ષેત્રમાં માત્ર એક મોટો ચહેરો નથી, પરંતુ એક સફળ બિઝનેસમેન પણ છે. ટ્રમ્પનો બિઝનેસ આખી દુનિયામાં ફેલાયેલો છે. આમાં ભારત પણ સામેલ છે, જ્યાં ટ્રમ્પનો મુંબઈ, પુણે, ગુરુગ્રામ અને કોલકાતા સહિત ઘણા મોટા શહેરોમાં પોતાનો બિઝનેસ છે. ડોનાલ્ડ ટ્રમ્પની રિયલ એસ્ટેટ કંપની ધ ટ્રમ્પ




ઓર્ગેનાઈઝેશન ભારતમાં લોઢા ગ્રૂપ, પંચશીલ રિયલ્ટી, M3M, ટ્રિબેકા, યુનિમાર્ક અને Ireo સાથે મળીને રિયલ એસ્ટેટનો વ્યવસાય કરે છે અને ટ્રમ્પ પ્રોજેક્ટ્સની ઊંચી કિંમત હોવા છતાં, તેમની ખૂબ માંગ છે. ,ટ્રમ્પનું ગુરુગ્રામમાં રોકાણ : રાજધાની દિલ્હીને અડીને આવેલા ગુરુગ્રામમાં ટ્રિબેકા ટ્રમ્પ ટાવર્સ છે, જેમાં ટ્રમ્પનું રોકાણ છે. તે ગુરુગ્રામના સેક્ટર 65માં હાજર છે. ગુરુગ્રામમાં બે 50 માળના ટ્રમ્પ ટાવર છે અને તેનું વિસ્તરણ પણ કરવામાં આવ્યું છે. અહીં ફ્લેટની શરૂઆતની કિંમત 4 કરોડ રૂપિયાથી વધુ છે. કોલકાતામાં ટ્રમ્પ ટાવર : 'ટ્રમ્પ ટાવર' ભારતીય કંપની યુનિમાર્ક ગ્રુપ, આરડીબી ગ્રુપ અને ટ્રિબેકા ડેવલપર્સના સહયોગથી કોલકાતામાં બનાવવામાં આવ્યું છે. આ ટાવરની ઊંચાઈ 39 માળની છે. કોલકાતાના ટ્રમ્પ ટાવરમાં ફ્લેટની શરૂઆતની કિંમત 3.75 કરોડ રૂપિયા છે. મુંબઈમાં ટ્રમ્પ ટાવર : મુંબઈના વરલી વિસ્તારમાં 'ટ્રમ્પ ટાવર' પણ છે. 700 એકરમાં ફેલાયેલા આ રહેણાંક મકાનમાં ફ્લેટની કિંમત કરોડોમાં છે. વર્લીમાં 78 માળની ઈમારત છે. અહીંનો પ્રોજેક્ટ લોઢા ગ્રુપની મદદથી શરૂ કરવામાં આવ્યો છે. તેની વિશેષતા પ્રાઈવેટ જેટ સર્વિસ અને ટ્રમ્પ કાર્ડ છે. અહીં ફ્લેટની શરૂઆતની કિંમત 10 કરોડ રૂપિયાની આસપાસ છે. પુણેમાં ટ્રમ્પ ટાવર : પંચશીલ રિયલ્ટીના સહયોગથી પુણેમાં ટ્રમ્પ ટાવર્સ બનાવવામાં આવ્યા છે. પુણેમાં 'ટ્રમ્પ ટાવર' નામની 23 માળની બે ઈમારતો છે. ટ્રમ્પ ટાવરમાં એક ફ્લેટની કિંમત 15 કરોડ રૂપિયાથી વધુ છે. ટ્રમ્પ ઓર્ગેનાઈઝેશન વર્ષ 2013માં પહેલીવાર ભારતમાં પ્રવેશ્યું અને છેલ્લા 9 વર્ષમાં ટ્રમ્પનો બિઝનેસ ભારતના ઘણા મોટા શહેરોમાં ફેલાઈ ગયો છે. ટ્રમ્પની કંપની 'ધ ટ્રમ્પ ઓર્ગેનાઈઝેશન'એ ભારતીય કંપનીઓ સાથે મળીને 5થી વધુ લક્ઝરી રેસિડેન્શિયલ પ્રોજેક્ટ લોન્ચ કર્યા છે.

## ગાંધીનગરમાં ઝીકા વાયરસનો કેસ પોઝિટિવ નોંધાયો

ગાંધીનગર | ગાંધીનગરમાં શંકાસ્પદ ઝીકા વાયરસનું સેમ્પલ પોઝિટિવ આવ્યું છે જેમાં એક દર્દીમાં લક્ષણો દેખાતા લેવાયું હતું સેમ્પલ,આ સમગ્ર કેસમાં પુના લેબમાં મોકલેલો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.સાથે સાથે સેકટર 5 ના એક 75 વર્ષીય વૃદ્ધમાં ઝીકા વાઈરસના લક્ષણો જણાતા એન્ટી લારવા, ફોગીંગ અને ફીવર સર્વે ની કામગીરી કરવામાં આવી રહી છે.દર્દીની હાલત સ્થિર હોવાને લઈ તેમને ઘરે જ સારવાર આપવામાં આવી રહી છે.જોકે અન્ય કોઈ દર્દીઓમાં આવા પ્રકારના લક્ષણોની ચકાસણી માટે સર્વેની કામગીરી કરવામાં આવી રહી છે.


# સિટી એક્સપ્રેસ

FRIDAY 08 NOVEMBER-2024

AHMEDABAD


## નારોલમાં પતિના ત્રાસથી પત્નીએ આત્મહત્યા કરી

અમદાવાદ | નારોલ વિસ્તારમાં પતિના ત્રાસથી પરિણીતાએ છઠ્ઠા માળેથી ઝંપલાવીને આત્મહત્યા કરી લીધી છે. પરિણીતાએ એકાદ વર્ષ પહેલા જગદીશ રાઠોડ નામના યુવક સાથે લગ્ન કર્યા હતાં. જો કે લગ્નના છ મહિના સુધી બન્ને મનમેળથી રહેતા હતાં. પરંતુ બાદમાં જો પત્ની મોબાઈલ ફોનનો ઉપયોગ કરે, સારા કપડા પહેરે કે સારી રીતે તૈયાર થાય તો પણ તેની સાથે શંકાશીલ પતિ બોલાચાલી ઝઘડો કરીને મારઝુડ કરતો હતો. યુવતીના ભાઈએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસએ આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.



# ગેનીબેન ઠાકોરનું ચોંકાવનારું નિવેદન, ' આ વાવનું ખેતર ગુલાબસિંહને કાયમ માટે લખી નથી આપ્યું....'

(એજન્સી) ગાંધીનગર | તા.07



આગામી 13 નવેમ્બરના રોજ યોજાનારી બનાસકાંઠાની વાવ વિધાનસભાની પેટાચૂંટણીમાં ત્રિપાંખિયો જંગ જામ્યો છે. કોંગ્રેસના ઉમેદવાર ગુલાબસિંહ રાજપૂત, ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોર અને અપક્ષ ઉમેદવાર માવજી પટેલ વચ્ચે ચૂંટણી યોજાવા જઈ રહી છે. ત્યારે મતદારોને રિઝવવા માટે ભાજપ, કોંગ્રેસ અને અપક્ષ ઉમેદવારે છેલ્લી ઘડીના પ્રયાસો કર્યા છે. ત્યારે આજે (7 નવેમ્બર 2024) કોંગ્રેસના ઉમેદવાર ગુલાબસિંહ રાજપૂતના સમર્થનમાં દલિત સમાજની જંગી જાહેર સભાનું આયોજન કરાયું હતું. જેમાં કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, વિપક્ષના નેતા અમિત ચાવડા, બનાસકાંઠાના કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોર અને દલિત નેતા અને ધારાસભ્ય જિગ્નેશ મેવાણી ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે મોટી સંખ્યામાં લોકો પણ હાજર રહ્યા હતા. આ દરમિયાન ગેનીબેન ઠાકોરે ચોંકાવનારું નિવેદન આપ્યું છે. બનાસકાંઠાના સાંસદ અને કોંગ્રેસના સ્ટાર પ્રચારક ગેનીબેન ઠાકોરે જાહેર મંચથી સંકેત આપ્યા છે કે ગુલાબસિંહ 2027ની ચૂંટણી નહીં લડે. કારણ કે ગેનીબેન એવું બોલ્યા છે કે 'ગુલાબભાઈને કાયમ માટે વાવનું ખેતર લખી આપ્યું નથી. માત્ર ત્રણ વર્ષ માટે હટાણું આપેલું છે.' ગેનીબેનના આ નિવેદનને બે રીતે જોઈ શકાય. એક તો તેમણે ગુલાબસિંહને આડકતરી રીતે ચિમકી આપી છે કે પ્રજાના કામ કરવાના છે નહીતર પાર્ટી મોં ફેરવી લેશે. બીજું ગુલાબસિંહ આયાતી હોવાનો મુદ્દો ભાજપે ઉછાળ્યો છે ત્યારે ગેનીબેને સંકેત આપ્યા છે કે 2027ની વિધાનસભા ચૂંટણીમાં બીજાને પણ મોકો મળી શકે છે.

### ગુલાબસિંહનું રિચાર્જ ત્રણ વર્ષ માટે કર્યું છે : ગેનીબેન ઠાકોર

ગેનીબેને કહ્યું હતું કે, 'આપણે કોઈ મોબાઈલની દુકાને રિચાર્જ કરાવવા માટે જઈએ ત્યારે પૂછીએ કે રિચાર્જની વેલિડિટી કેટલી છે. તો તેઓ કહે બે મહિના...ત્રણ મહિના...બે વર્ષ...ત્રણ વર્ષ... તો આપણને ત્રણ વર્ષ માટે રિચાર્જ કરી આપો. ગુલાબસિંહનું રિચાર્જ ત્રણ વર્ષ માટે કર્યું છે. વેલિડિટી પૂર્ણ થયા પછી કંઈ નક્કી નહીં. જો બરોબર ચાલશે તો બરોબર છે, નહીતર આગળ કંઈ થશે નહીં.'

### જેનો ભૂતકાળ-વર્તમાન સારો છે, તેનું ભવિષ્ય સારું જ હશે : ગેનીબેન ઠાકોર

વધુમાં ગેનીબેને કહ્યું હતું કે, 'આપણે ભેંસ કે ગાય લેવા જઈએ ત્યારે તેનું પૂંછડું... તેના શિંગડા... મારકણી છે કે નહીં તેના માપદંડ નક્કી કર્યા પછી આપણે 50 હજાર લાખનું પશુ ખરીદતા હોઈએ છીએ. આપણે ત્રણ લાખ લોકોના પ્રતિનિધિ ચૂંટવાના છે ત્યારે તેનું ખાનદાન, વ્યવહાર કેવો છે. તમે ગુલાબભાઈને વહીવટ કરતા જોયા છે. જેનો ભૂતકાળ સારો છે અને જેનું વર્તમાન સારું છે તેનું ભવિષ્ય સારું જ હશે. હું કોંગ્રેસ પાર્ટી અને ગુલાબભાઈ વતી ખાતરી આપું છું કે દલિત સમાજને કોઈ અન્યાય નહીં થાય.

### ગુલાબભાઈને કાયમ માટે વાવનું ખેતર નથી લખી આપ્યું : ગેનીબેન

**ગેનીબેન ઠાકોર બે દિવસ પહેલા ભાઈબીજના દિવસે બોલ્યા હતા કે, 'ગુલાબસિંહ માટે ત્રણ વર્ષ માંગું છું.' પરંતુ આજે (ગુરૂવાર) ગેનીબેને જાહેર સભામાં કહ્યું કે, 'વાવનું ખેતર ત્રણ વર્ષ માટે ગુલાબસિંહને આપ્યું છે. તમામ પ્રકારના પાસાથી વિચાર કર્યા પછી પણ ગુલાબભાઈને વાવનું ખેતર કાયમ માટે લખી આપેલું નથી. માત્ર ત્રણ વર્ષ માટે હટાણું આપેલું છે. તેના પછી કોઈ લેવાદેવા નથી હો... ત્રણ વર્ષ પછી જ્યાં તમારે જવું હોય ત્યા જશો, રેવા દેવું હોય તો રેવા દેજો. પછી વાવમાં ત્રણ વર્ષે અમારું ખેતર છૂટું કરી દઈશું. પછી આપણામાંથી જ કોઈ નવું આ વિસ્તારનું નેતૃત્વ કરશે. આ પાંચ વર્ષ માટે નહીં પરંતુ ત્રણ વર્ષ માટેની ચૂંટણી છે.'**

# રાજ્યમાં છઠ્ઠ પૂજાની ધામધૂમથી ઉજવણી

## તાપી નદીના કિનારે સૂર્યને અર્ધ્ય આપવા હકડેઠઠ ભીડ જામી, હાથમાં શેરડી, વાંસની ટોપલીઓ સાથે સૂર્ય પૂજા કરી



(એજન્સી) અમદાવાદ | તા.07

દિવાળીના તહેવાર બાદ ઉત્તર ભારતીયોમાં છઠ પૂજાનું અનેરૂ મહત્વ છે, ત્યારે ગુજરાતમાં પણ આ પર્વનું મહત્ત્વ વધ્યું છે. ગુજરાતમાં ઠેર ઠેર વસતા ઉત્તર ભારતીયો દ્વારા છઠ પૂજાની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી રહી છે. અમદાવાદમાં રહેતા ઉત્તર ભારતીયો દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આવેલા છઠ પૂજા ઘાટ સહિત અલગ-અલગ જગ્યાએ છઠ પૂજા માટે લોકો ઉમટી પડ્યા છે, ત્યારે સુરતમાં સૌથી વધુ 7 લાખ, અમદાવાદમાં 2 લાખ અને વડોદરામાં 35 હજાર લોકો છઠ પૂજા કરવા ઉમટી પડ્યા છે.

### રિવરફ્રન્ટના છઠ પૂજા ઘાટ પર લોકોએ પૂજા કરી

અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે છઠ પૂજાની ઉજવણી કરવામાં આવી રહી છે. ઈન્દિરા બ્રિજ નીચે છઠ પૂજા ઘાટ પર પૂજાનું આયોજન કરવામાં આવ્યું છે, ત્યારે અમદાવાદમાં અંદાજે બે લાખથી વધુ લોકો પૂજા-અર્ચના કરવા પહોંચ્યા હતા. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રિવરફ્રન્ટ ખાતે પૂજા ઘાટ પર પહોંચ્યા હતા. મોટી સંખ્યામાં મહિલાઓ નદી કાંઠે સૂર્યદેવની પૂજા કરી હતી. સાંજે સૂર્યદેવને અર્ધ્ય ચઢાવવાનું વિશે મહત્વ છે. પૂજા માટે શ્રદ્ધાળુઓ રિવરફ્રન્ટ પહોંચ્યા હતા. આ દરમિયાન CM ભૂપેન્દ્ર પટેલે સૌને નવા વર્ષના રામ રામ કહેતા જણાવ્યું હતું કે, દેશભરમાં દિવાળીનો દીપોત્સવ ઉજવાયો છે. અયોધ્યામાં 500 વર્ષ પછી ખુશી આવી છે. PMની અપાર શ્રદ્ધાથી બધુ શક્ય બન્યું છે. છઠ મહાપર્વ નિમિત્તે ખુબ સરસ આયોજન થયું છે. દિવાળીના તહેવારો લાંભ પાંચમે પૂરા થયા છે. જ્યારે બિહારમાં છઠનો તહેવાર શરૂ થયો. ગુજરાતીઓ માટે પાંચમ અને બિહાર અને આસપાસના રાજ્યોમાં છઠનો પર્વ ઉજવાય છે. આજે દેશના અન્ય રાજ્યના લોકો અહીં પૂજા કરે છે, ત્યારે મને અહીં હાજર રહેવાની તક મળી છે. હિન્દી ભાષી રાજ્યોના લોકો માટે પોતાના વતન જેવું વાતાવરણ મળે માટે છઠ પૂજાનું અહીં આયોજન કરવામાં આવ્યું છે. વિકસિત ભારતના નિર્માણ માટે સૌ દેશવાસીઓ આગળ વધીએ અને એક સાથે રહીએ.

### તાપી નદીના કિનારે 7 લાખ લોકો દ્વારા છઠ પૂજા કરાઈ

સુરત શહેરમાં બિહાર અને ઝારખંડના લોકો મોટી સંખ્યામાં વસવાટ કરી રહ્યા છે, ત્યારે શહેરમાં છઠ પૂજા માટેની તાપી નદીના કિનારે માનવ મહેરામણ ઉમટી પડ્યું છે. ખાસ કરીને ભગવાન દીવાકરને પૂજા-અર્ચનાને કારણે તાપી નદીનું વિશેષ મહત્ત્વ વધી જતું હોય છે. તાપી માતાને સૂર્યની પુત્રી માનવામાં આવે છે, આથી તાપી નદીના કિનારે પૂજા-અર્ચના કરવાથી ભગવાન સૂર્યદેવની વિશેષ કૃપા પ્રાપ્ત થાય છે. હિન્દુ શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે, તાપી નદીને ભગવાન સૂર્યનારાયણની પુત્રી તરીકે ઓળખવામાં આવે છે, આથી બિહાર અને ઝારખંડના લોકો તાપી નદીના કિનારે પૂજા કરવાનું વધુ પસંદ કરે છે, ત્યારે સુરત શહેરમાં તાપી નદીના કિનારે 7 લાખથી વધુ લોકો દ્વારા છઠ પૂજાની ઉજવણી કરવામાં આવી રહી છે. આ સાથે ડિંડોલી વિસ્તારમાં ખાસ છઠ પૂજા માટે જ આ તળાવનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ તળાવને છઠ સરોવર તરીકે ઓળખવામાં આવે છે અને અહીં ખૂબ મોટી સંખ્યામાં લોકો ભક્તિ ભાવપૂર્વક માતાની પૂજા-અર્ચના કરે છે.

## દારુના વેચાણ પર પ્રતિબંધ! તાપી જિલ્લા અધિક મેજિસ્ટ્રેટના જાહેરનામાથી આશ્ચર્ય

(એજન્સી) તાપી | તા.07

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને લઈ તાપીમાં દારુના વેચાણ પર પ્રતિબંધનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. 20 નવેમ્બરે તાપી જિલ્લામાં ડ્રાય ડે જાહેર કરાયો છે. વિધાનસભા ચૂંટણીને દારુ કે બીજા નશાકારક પદાર્થના વેચાણ પર પ્રતિબંધને લઈ જાહેરનામું બહાર પાડ્યું છે. આ પરથી તાપી જિલ્લામાં દારુના વેચાણનું થતું હોવાનો સ્વીકાર કર્યો હોય તેવું લાગી રહ્યું છે. મહારાષ્ટ્ર-ગુજરાતની સરહદને અડીને આવેલો જિલ્લો તાપી છે. આગામી 20મી નવેમ્બર 2024ના રોજ મહારાષ્ટ્ર રાજ્યમાં યોજાનારી વિધાનસભા સામાન્ય ચૂંટણી 2024 સંદર્ભે તાપી જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આર. આર.બોરડે જાહેરનામુ પ્રસિદ્ધ કરીને મતદાન મુક્ત, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ન ખોરવાય તે માટે મતદાન દરમિયાન જિલ્લામાં દારૂ કે તેના જેવા બીજા નશાકારક પદાર્થોના વેચાણ પર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું પ્રસિદ્દ કર્યું છે.

# અમદાવાદ: AMCનો પ્રોપર્ટી ટેક્સ નહીં ભરતા નવરંગપુરા વોર્ડની મિલકતોની હરાજી થશે

### ટેક્સ નહીં ભરનારા કરદાતાઓને પંદર દિવસમાં બાકી ટેક્સ ભરવા નોટિસ અપાઈ

(એજન્સી) અમદાવાદ | તા.07

અમદાવાદમાં AMCનો પ્રોપર્ટી ટેક્સ નહીં ભરતા નવરંગપુરા વોર્ડની મિલકતોની હરાજી થશે. જેમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી બાકી પ્રોપર્ટી ટેક્સ ભરવા અંગે વારંવાર નોટિસ આપવા છતાં ટેક્સ ભરવામાં નહીં આવતા નવરંગપુરા વોર્ડમાં આવેલી બાવીસ મિલકતની હરાજી કરવા નિર્ણય કરવામાં આવ્યો છે. ટેક્સ નહીં ભરનારા કરદાતાઓને પંદર દિવસમાં બાકી ટેક્સ ભરવા નોટિસ અપાઈ છે. નવરંગપુરા વોર્ડના જુદા જુદા વિસ્તારોમાં આવેલી મિલકતોનો બાકી મિલકતવેરો ભરપાઈ કરવા કરદાતાઓને મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી પ્રોપર્ટી ટેક્સના બીલો મોકલવામાં આવ્યા પછી પણ કરદાતાઓએ તેમનો બાકી પ્રોપર્ટી ટેક્સ ભરપાઈ કર્યો નથી. આવા કરદાતાઓની મિલકતને જપ્તી વોરંટ બજાવી તેમની મિલકતો હરાજીમાં મુકવા નિર્ણય કરવામાં આવ્યો છે.

### કબજેદારના નામ છે તે આ પ્રમાણે છે



કબજેદારના નામ છે તે આ પ્રમાણે છે જેમાં રુપ હેર એન્ડ કેર, ગિરધર ડીઝાઈનર, કલ્પેશ આર. પટેલ, એરો ઈન્ફોટેક, નારાયણ કોમ્પ્લેક્સ, સેલ્ફ એન્ટરપ્રાઈઝ, ગણેશ એસોસિએશન, મેગ્નમ જીમખાના, જૈમિન જે. પરીખ, ટેનન્ટ, સાઈ એન્ટરપ્રાઈઝ, ટ્રેડ સેન્ટર, ક્રીષ્ના સિરામિક્સ, જે.પી.પરીખ, સ્ટર્લિંગ સિરામિક્સ, જશોદાબેન ભાવસાર, પાયોનિયર સર્વિસ તથા પ્રેમાબેન સોની અને હેમાંગ બી. મહેતાના નામનો સમાવેશ થાય છે.

# સોમનાથના નામે ઓનલાઇન બુકિંગ કરીને ગઠિયાઓએ 250 લોકો સાથે ફ્રોડ કર્યું

(એજન્સી) સોમનાથ | તા.07

પ્રસિદ્ધ સોમનાથ મંદિરની પૂજાવિધિ અને ટ્રસ્ટ દ્વારા સંચાલિત ગેસ્ટ હાઉસમાં ઓનલાઈન બુકિંગમાં છેલ્લા બે-ત્રણ વર્ષથી ફ્રોડની ઘટના બની રહી છે, ત્યારે સોમનાથ ટ્રસ્ટ દ્વારા શ્રદ્ધાળુઓને નકલી વેબસાઈટથી સાવધાન રહેવા જણાવ્યું છે. ચાલો જાણીએ કઈ છે સોમનાથ ટ્રસ્ટની ઓફિશિયલ વેબસાઈટ.

### માત્ર આ વેબસાઈટ પરથી જ કરાવો ઓનલાઈન બુકિંગ

ટ્રસ્ટ દ્વારા જણાવ્યું કે, તમામ શ્રદ્ધાળુઓને સોમનાથ ટ્રસ્ટની ઓફિશિયલ વેબસાઈટ http://somnath.org પરથી ઓનલાઈન બુકિંગ કરવા માટે અનુરોધ કર્યો. જ્યારે ટ્રસ્ટ દ્વારા કોઈપણ ઓનલાઈન વોટ્સએપ, QR કોડના માધ્યમથી પૈસા માંગવામાં આવતા નથી. આ ઉપરાંત, ટેલીફોનિક કે અન્ય કોઈ રીતે બુકિંગ થતું



નથી, માત્રને માત્ર ટ્રસ્ટની ઓફિશિયલ વેબસાઈટ પરથી બુકિંગ કરી શકાશે. ટેલીફોનિક કે ગુગલ સર્ચ કરીને છેતરાવું નહીં, ટ્રસ્ટના ગેસ્ટ હાઉસના નામની કોઈ વેબસાઈટ ન હોવાથી શ્રદ્ધાળુઓએ ફ્રોડ બુકિંગથી સાવચેત રહેવું. સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણેક વર્ષમાં ઓનલાઈન બુકિંગમાં ફ્રોડના બનાવ વધી રહ્યાં છે. જેમાં પોલીસ ચોપડે 250થી વધુ કેસો નોંધાયેલા છે.

## પાવાગઢ ખાતે મહાકાળી મંદિર થોડા સમય માટે બંધ કરાશે

પાવાગઢ | સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે મહાકાલી મંદિર થોડા સમય માટે બંધ કરાશે તેવા સમાચાર સામે આવ્યા છે. આવતીકાલે એટલે કે, 8નવેમ્બરને શુક્રવારના રોજ સાંજના 4 થી બીજા દિવસે સવારે 6:00 વાગ્યાં સુધી દર્શનાર્થીઓ માટે બંધ રહેશે. મળતી માહિતી મુજબ, પાવાગઢ ખાતે મંદિરના ગર્ભગૃહમાંથી આભૂષણોની ચોરીની ઘટના બાદ મંદિરના શુદ્ધિકરણ માટે આવતીકાલે સાંજના 4 વાગ્યાથી મહાકાળી મંદિર બંધ રખાશે. બીજા દિવસે 9 નવેમ્બર સવારે 6 વાગ્યા સુધી મંદિર બંધ રહેશે. 7 નવેમ્બર ના રોજ મંદિરના ગર્ભગૃહમા પ્રવેશી ચોરીની ઘટના બાદ મંદિરના શુદ્ધિકરણ માટે મંદિર બંધ રખાશે.

# અમદાવાદ | સીંધુ ભવન રોડ પર સ્પાની આડમાં દેહવેપાર

(એજન્સી) અમદાવાદ | તા.07

અમદાવાદ શહેરમાં વધુ એકે વાર સ્પાની આડમાં દેહવેપારની અસામાજિક પ્રવૃત્તિ ઝડપાઈ છે. LCBએ સપના મેનેજરની ધરપકડ કરી છે, જયારે સ્પાના બે સંચાલકો ફરાર થઈ ગયા છે.

### મસાજની આડમાં મહિલાઓ પાસે કરાવાતો હતો દેહવેપાર

અમદાવાદ શહેરના સીંધુ ભવન રોડ પર આવેલા ધ ઓઝોન સ્પામાં દેહવેપાર ચાલતો હોવાની બાતમીના આધારે ડમી ગ્રાહક મોકલીને ઝોન-7 LCBએ આ સ્પા પર દરોડા પાડ્યા હતા. સ્પામાંથી એક ભારતીય અને એક નાગાલેન્ડની મહિલા સહિત 3 મહિલાઓ મળી આવી હતી. ઝોન-7 LCBએ સ્પાના મેનેજર કૈલાશ ભારતીની ધરપકડ કરી છે, જયારે સ્પાના બે સંચાલકો અયાન રંગરેજ અને મોહસીન રંગરેજ ફરાર થઈ ગયા છે. આ બાતે બોડકદેવ પોલીસ સ્ટેશનમાં તમામ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.



મેનેજરની ધરપકડ, બે સંચાલકો ફરાર

**ગયા મહિને જજીસ બંગલો રોડ પર સ્પામાં દેહવેપાર ઝડપાયો હતો :** અમદાવાદ શહેરમાં ગયા મહિને શહેરના પોશ વિસ્તાર એવા જજીસ બંગલો રોડ પર આવેલા સ્પામાં દેહવેપાર ઝડપાયો હતો. નાગાલેન્ડ અને થાઈલેન્ડની યુવતીઓને ઈ-બિઝનેશ વિઝા પર બોલાવીને દેહવ્યાપારના ધંધામાં ધકેલી દેવામાં આવતી હોવાની બાતમી મળી હતી. સીઆઈડી ક્રાઈમને આ બાતમી મળતા ડમી ગ્રાહક મોકલીને સમગ્ર મામલે પર્દાફાશ કર્યો હતો. સમગ્ર મામલે સ્પાના માલિક સહિત 3 યુવતીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

# અમદાવાદમાં લાગુ થશે સ્ટ્રીટ વેન્ડીંગ પોલિસી, ફૂડ સ્ટોલવાળા, ફેરિયાઓ ગમે ત્યાં નહીં કરી શકે વેપાર

(એજન્સી) અમદાવાદ | તા.07

અમદાવાદ શહેરમાં ટ્રાફિકની સમસ્યાનું એક કારણ રોડ પરનાં દબાણો છે. દબાણો દૂર થાય તે માટે કોર્પોરેશન દ્વારા સ્ટ્રીટ વેન્ડીંગ પોલિસીનો અમલ કરવાનો નક્કી કરવામાં આવ્યું છે. સ્ટ્રીટ વેન્ડીંગ પોલિસી અમલીકરણ માટેની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટીમાં લાવવામાં આવી હતી.

### ટાઉન પ્લાનિંગ કમિટીને મોકલાઈ પોલિસીની દરખાસ્ત

આ પોલિસીના ડ્રાફ્ટમાં કેટલીક બાબતો ફેરવિચારણા માંગી લે તેવી હોવાથી આ દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટીમાં મંજૂર કરવામાં આવી ન હતી. ટાઉન પ્લાનિંગ કમિટીમાં દરખાસ્ત મોકલવામાં આવી છે. ટાઉન પ્લાનિંગ કમિટીના અભ્યાસ તેમજ સૂચનો બાદ તેને સ્ટેન્ડિંગ કમિટીમાં લાવવામાં આવશે.




### 415 જેટલી જગ્યાઓ નક્કી કરવામાં આવી

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા 62000થી વધુ ફેરિયાઓ નોંધણી કરવામાં આવી છે અને પોલીસી અંતર્ગત 415 જેટલી જગ્યાઓ ફેરિયાઓ માટે નક્કી કરવામાં આવી છે ત્યારે હવે જોવાનું એ રહેશે આ પોલીસીમાં ટાઉન પ્લાનિંગ કમિટી કેવા સૂચનો ફેરફારો કરે છે.

**અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા 62000થી વધુ ફેરિયાઓ નોંધણી કરવામાં આવી છે**

**ગેસ સ્ટવનો ઉપયોગ કરતા ફડ સ્ટોલવાળા વેપારીઓનો સમાવેશ નથી કરવામાં આવ્યો :** સ્ટ્રીટ વેન્ડીંગ પોલિસી અંતર્ગત નક્કી કરેલ જગ્યાએ જ ફૂડ સ્ટોલવાળા, ફેરિયાઓ અને પાથરણાવાળા નાના વેપારીઓ વેપાર કરી શકશે. ફેરિયાઓએ નિયત કરેલી ફી પણ મહાનગરપાલિકાને ચૂકવવી પડશે. પોલીસીમાં ગેસ સ્ટવનો ઉપયોગ કરીને ફૂડ બનાવતા ફૂડ સ્ટોલવાળા વેપારીઓનો સમાવેશ કરવામાં આવ્યો નથી, જો તેમનો સમાવેશ નહીં કરવામાં આવે તો આવા વ્યવસાયકારોને વ્યવસાય કરવામાં મુશ્કેલી સર્જાશે.

## અમદાવાદ: 15 વર્ષના કિશોર પર 6 શખ્સોએ આચર્યું સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય, 2ની ધરપકડ



કિશોરને ચોકલેટ અને આઈસ્ક્રીમ ખવડાવવાના બહાને લલચાવીને શોષણ કર્યું

(એજન્સી) અમદાવાદ | તા.07

અમદાવાદમાં સભ્ય સમાજને શર્મસાર કરવાની ઘટના સામે આવી છે. શહેરના સરદારનગરમાં 15 વર્ષના કિશોર સાથે 6 શખ્સોએ સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું. પ્રાથમિક અહેવાલ પ્રમાણે કિશોરને ચોકલેટ અને આઈસ્ક્રીમ ખવડાવવાના બહાને શોષણ કર્યું હતું. કિશોરને લલચાવીને શખ્સોએ પોતાની પાસે બોલાવીને આ જઘન્ય કૃત્ય કર્યું હતું. કિશોરે સમગ્ર બાબતની જાણ પરિવારને કરી હતી. પરિવારે સરદારનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી હતી. પોલીસે ગુનો દાખલ કરીને બે આરોપીઓની ધરપકડ કરી હતી, તો બીજી તરફ અન્ય આરોપીઓ પોલીસ પકડથી દુર છે. ફરાર આરોપીઓને દબોચવા માટે પોલીસે ચક્રોગતિમાન કર્યા હતા.

### AMCએ કેન્દ્ર સરકારની વય વંદના કાર્ડ યોજના અમલમાં મુકી

## 70 વર્ષથી ઉપરના લોકોને મળશે મફત સારવાર

(એજન્સી) અમદાવાદ | તા.07

અમદાવાદ મહાનગર પાલિકાએ કેન્દ્ર સરકારની વય વંદના કાર્ડ યોજના અમલમાં મુકી છે, ત્યારે શહેરના 70 વર્ષથી ઉપરના વડીલોને તેનો લાભ મળશે. આ કાર્ડ ધારકો 10 લાખ રૂપિયા સુધીની મફત સારવાર મેળવી શકશે. 85 અર્બન હેલ્થ સેન્ટર પર વય વંદના કાર્ડ બનાવાશે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, વય વંદના યોજનામાં આવક મર્યાદા નથી, ત્યારે શહેરમાં 85 અર્બન હેલ્થ સેન્ટર પર વય વંદના કાર્ડ બનાવવાની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે. જેમાં 70 વર્ષથી વધુ ઉંમરના વડીલો આ યોજનાનો લાભ લઈને મફત સારવાર મેળવી શકે છે. આધાર કાર્ડના વેરિફિકેશન બાદ આ કાર્ડને ઈસ્યુ કરી શકાશે. વરિષ્ઠ નાગરિકોને વૃદ્ધાવસ્થામાં ઉપયોગી જણાતી આ યોજનાને આયુષ્માન વય વંદના કાર્ડ કેહવાય છે. મળતી માહિત પ્રમાણે, 4.5 પરિવારો, 6 કરોડ વરિષ્ઠ નાગરિકોને આ યોજનાનો લાભ મળશે.

## રાજ્યના વાતાવરણમાં આવ્યો પલટો

અમદાવાદ | હવામાન વિભાગે ગુજરાતના વાતાવરણને લઈ આગાહી કરી છે જેમાં રાજ્યવાસીઓને આગામી 7 દિવસ ગરમીથી શેકાવવા માટે તૈયાર રહેવું પડશે,આગામી 7 દિવસ વાતાવરણ સૂકુ રહેશે તેમજ રાજ્યમાં આજ તાપમાન 5 દિવસ યથાવત રહેશે,શહેરીજનોને સવારે ઠંડી અને બપોરે ગરમીનો મારો સહન કરવો પડશે આજે અમદાવાદમાં 36 ડિગ્રી તાપમાન નોંધાયું છે. ડીસામાં 39.1 ડિગ્રી તાપમાન,નલિયામાં લઘુતમ તાપમાન 19.5 ડિગ્રી નોંધાયું છે.ઉત્તર-પૂર્વીય પવનને લઈ તાપમાનમાં રહેશે બદલાવ. શહેરીજનોને હજી પણ બેવડી ઋતુનો અહેસાસ કરવો પડશે કેમકે આગામી 7 દિવસ વાતાવરણ સૂકુ રહેશે.

### બપોરે ગરમી અને સવારે ઠંડીનો શહેરીજનોને થશે અનુભવ